.કટ તવ ાખ.

૫૦ વર્ષની જાણવાજોગ નોંધ

(A Brief History of the past 50 years of Indian Cricket.)

છપાવી પ્રસિદ્ધ કરનાર—

પી. એન. પૉલીસવાલા.

(મુંબઇ.)

('સ્પૉરટીંગ-પ્રતીનીધી' સાંજવર્તમાન.)

૧-૭-૧૯૧૪.

સાંકળીઉં.

DEDICATED TO

Dr. M. E. Pavri L. M. & S. Etc.

In recognition of valuable services, rendered for the past **25 years**, as a most Able and Successful Cricket Captain of the Parsi Representative Team

ડા. મેહેલ્લાશાહ એરચજી પાવરીને છેલ્લાં **૨૫ વર્ષની** પારસી ક્રીકેટ ટીમના ચુનંદા કેપટન તરીકેની કીર્ત્તીવંત સેવાની યાદ માટે આ નાનકડું પુસ્તક આભાર સહિત અર્પણ કરૂં છું.

પી. એન. પૉલીશવાળા.

૧-૭-૧૯૧૪.

દીબાચો.

"If there by any **profession of paramount importance**, I believe, it is that of a **School-master**, and if there be a position where selfishness whimsicality, falsehood, stubborness and incompetency, do most serious mischief by lowering the moral tone and exciting contempt and cunning where reverence and noble truthfulness ought to be the feelings evoked, it is that of the **Governor of the school** When a man of **enlarged mind and heart** comes among boys and observes the operation of his own character evidenced in the elevation of theirs, it would be idle to talk of the position of such a man **being honourable** it is a **blessed position**. The man is a **blessing** to himself and all around him."

P. Wren.

વિદ્વાન લેખક પો. રૅનના મથાલે ટાંકેલા જાણુવાજોગ શબ્દો સચ્ચાઇથી તમામ ભરપુર છે. **સ્કુલ-માસ્તર, ક્રીકેટ કોચ, મ્યુઝીકનો શિક્ષક અને; ધાર્મીક શિક્ષક આપનાર** ગુરૂ એ સર્વેને એક સરખી રીતે લાગુ પડતા ઉપલા શબ્દોનો પુરતો લાહવો ક્રીકેટ માસ્તર તરીકેના છેલ્લા ૧ **દાયકામાં** મેં પુરતી રીતે લઈ તેનાં રૂડાં ફળ અનેકવાર મેળવ્યાં છે એમ અત્રે વગર તાસુબીએ કહેવાની ખાસ જરૂર છે.) **સ્કુલના ઉધરતા ક્રીકેટરો** જેઓ ઉપર ક્રીકેટની, દેશની તથા કોમની સ્થિતી બહુ મોટો આધાર રાખે છે તેઓને ખાસ કરીને **હીંદની ૫૦ વર્ષની તવારીખથી** વાકેફ કરવાની મુળ મતલબથીજ મેં એક લેખક તરીકેનો છેલ્લાં **૧૨ વર્ષનો અનુભવ** કામે લગાડી આ પુસ્તક બહાર

પાડવાની પહેલીવારની કોશેષ કરી છે અને તે શુભ હેતુ ધ્યાનમાં લઇ આ ચોપડી દરેક **સ્કુલના ક્રીકેટરને** ઉંચા, જાડાં, ઇંગ્લીશ કાગળો વાપરવા છતાં માત્ર **૮ આનાની નજીવી કીંમતે** મળી શકે એવી ખાશ ગોઠવણ મેં **ઉલટથી** અમલમાં મેલી છે.

આ પુસ્તકમા હીંદની ક્રીકેટ તવારીખની છુટી છવાઇ નોંધ વર્ત્તમાન પત્રો ઉપરથી મેળવી તે એક પુસ્તકના આકારમાં એકઠી કરવા ઉપરાંત ચોપડીનો અરધો ભાગ મારી કેટલીક જાણવાજોગ **ઓરીજીનલ બાબદોથી** મેં પુરો કર્યો છે.

૧૮૪૮માં પારસી ક્રીકેટની શરૂઆત થવે તે આજે **૬૫માં** વર્ષની પાકી વયમાં આવી ઉભી છે જેનાં :પરીણામમાં પારસી ક્રીકેટને લગતી નોંધ વધુ પ્રમાણમાં આ પુસ્તકમાં રજુ થાય એ બનવા જોગ છે.

ક્રીકેટના સાહિત્ય તરફ જોતાં છેલ્લા ૫૦ વર્ષમાં ક્રીકેટ ઉપર ૧ ડઝન વટીક પુસ્તકો બાહેર પડયાં નથી એ આપણી વિશેષ દલગીરી છે. મી. જે. એમ ફ્રામજી પટેલની "stray Thoughts on Indian Cricket–" અને ડા પાવરીની "Parsi Cricket–" અને એલફીન્સટન કોલેજની મી. આટીઆએ લખેલી "College Cricket Tour' નાં ત્રણ પુસ્તકો ઉપરાંત બીજાં બે ત્રણ નાનકડા ચોપાન્યા ક્રીકેટ નાં સાહિત્યમાં **બહુ જુજ ફાળો** આપી ઉભાં છે જે સ્થિતી તરફ જોતાં સ્કુલ તેમજ કૉલેજના ક્રીકેટરોને આ પુસ્તક એક guide તરીકે કામે લાગે એવા હેતુથી પ્રકટ કરવાની આ અદના લેખકની સેવા કેટલી ફત્તેહમંદ નીવડી છે તેનું સાંકળીયામાં સમાવેલી બાબદો ઉપર નજર નાંખી તોલ કરવાનું કામ હું ક્રીકેટ-મંડળની મુનસફી ઉપરજ રહેવા દઉં છું.

પી. એન. પૉલીશવાળા—ગ્રાન્ટરોડ.

તા. ૧લી જુલાઇ ૧૯૧૪.

શરૂઆતના બે શબ્દો.

ભાગ ૧ લો.

"The inhabitants of all the countries take an interest in the rearing of the offspring of all *Animals* except themselves."

" Herbert Spencer "

બાહોશ વીદ્દવાન હરબર્ટ સ્પેનસરની ઉપલી બે લાઇનો ખચીતજ સોનાના મુલની થઇ પડે છે.

મનની કેળવણીને ભોગે તનનું નખોદ વાળનારી હાલની જાલમ અને સડેલી કેળવણીનું ભવીષ્ય કેવું ભયાનક સ્થીતી ઉપર આવી ઉભું છે તેનો કમકમાટ ઉપજાવનારો ખ્યાલ ૨૦ મી સદીનો એક ભેદી અને આગેવાન સવાલ થઇ પડયો છે.

આ ભેદી અને બારીક સવાલ ઉપર આંખ વીચામણા કરવાની હવે મુદ્દલજ જરૂર નથી.

ભવીષ્યની ઓલાદની ગભડતી સ્થીતીનો આજનો આપણો મુળ પાયો બહુ સંતાપજનક ચીતાર રજુ કરતો આપણી સમક્ષ ઉભો છે.

પોલાડી તન સાથનાં સંગીન બદનો તરફની બહુ મોટી સંખ્યાની નબળાઇના કમનશીબીભરેલાં ઢીંગામ વચ્ચે આજે આપણે આવી ઉભા છીએ.

તાવદાન બદનો અને નખાઇ જતાં નાઉમેદી ભરેલાં હાડપીંજર શરીરો આજે આપણી વચ્ચેથી રસ્તો લેતા હોવથી ભવીષ્યની ઓલાદની કીર્તી, જોમ, જીવનશકતી અને સ્થીતી બહુ બારીક હાલત વચ્ચેથી આજે જોડજોડ પસાર થાય છે.

વખત બદલાતો જાય છે.

આજે આખા બદનને ભોગે માત્ર એકલાં મગજની ખીલવણી કરવામાં આવતી હોવાથી આવા દેખાદેખી ભરેલા આંધળા ઢીંગામમાં શારીરીક કસરતનું ચઢીઆતાપણું આજે મોટેભાગે વીસરાતું જાય છે.

પ્રાચીન કાળના આદમીઓ શારીરીક બળની સ્થીતી ઉપર ગોયા મરી ફીટતાં હતા અને તેથીજ તેઓ તંદરોસ્તીના કાનુનો બહુ અચ્છી રીતે જાણતાં હતાં એવું તવારીખ આપણે જગેજગ શીખાડે છે.

અસલના આદમીઓ સુઘડાઇ અને શારીરીક બળની સંગીન સ્થીતીને ધર્મના એક ભાગ તરીકે ગણી એ બે નીયમો હમેશાં જાળવતા હતા અને સુખશાંની, હવા, કસરત, ચોખ્ખાઇ અને ખોરાક સાથે શારીરીક બળની શ્રેષ્ટતાઇ જાળવી તેઓ શરીરે ખુબસુરત અને આસુદાં રહેતાં હતાં આજે ઉધરતો વર્ગ બહુ મોટે ભાગે પોતાની જુવાનીના પુર બહાર વચ્ચે મરીએલ, દમીએલ રોગીષ્ટ અને ઉટના અંગષ્ટ જેવો વાંકોચુંકો યાને કદરૂપો અને એબીયલ, બની ગયો છે.

ઉપર જણાવેલી બાબદોનું આ વિચરવંત અને સત્તાધારી મત એક દેખઈતો પડધો રજુ કરે છે.

પોલાદી બદન, ઘટમદાર ચહેરો, શરીરનું સુંદર બંધારણ, તંદરોસ્તી અને દરેક સ્નાયુઓની બની શકતી ખીલવણીથી માણુસનો Perfect form યાને શુરવીર નરનું શુરાતનપણું પહેલી નજરે પ્રકાશી નીવડે છે.

આપણે વગર તાસુબીએ કબુલ કરીએ છીએ કે શરીરનાં જોર સાથે ચહેરાની ખુબસુરતીનો નીકટ સંબંધ જારી છે અને એ જાણ્યા પછી એવો કયો મુર્ખ યા ગાફેલ પુરૂષ કીવા સ્ત્રી હશે કે જેને ખુબસુરતીને લગતું વહાલ અને વફા ન હોય ?

મોત અને જીંદગીના ઝગડા વચ્ચેની લડાઇના જાલમ જમાનામાં આજે જાહેર છાપો ઉપલી ફર્યાદ કરતો રહ્યો છે.

આજની ફર્યાદ ઉધરતા વર્ગના છોકરા અને છોકરીઓના કાવળા બાંધા ઉપરજ આવી અટકી છે.

આજના ઉધરતા વર્ગની શારીરીક સ્થીતી આપણે ઉપર વાંચી ગયા તેમ હુબહુ એક ઉંટના શરીરને મળતી આવે છે.

હાથીના જેવા દલેર સપુતોને બદલે આજે લાકડી જેવા સુકાઇ સોહરાઇ ગયલા બેડોળ, કમર માંહેથી વાંકા વળી ગયલા અને સેંકડે ૮૦ ટકા આંખે ચસમો ચઢાવેલા દાચાં બેસી ગયલા યુવાનો મોટાં પ્રમાણમાં નજરે પડે છે. એ શું આપણે માટે ઓછું ખેદકારક છે ?

ભવિષ્યની ઓલાદ, મોહટાઇ, મગરૂરી અને કીલ્લેબંદી માટે આ બીકટ સવાલને જેમ બને એમ વધુ જાહેરાત આપવાની આ તક આપણે હાથ કરવી જરૂરની છે.

શારીરીક બળ સાથે ખુબસુરતીનો નીકટ સંબંધ.

એક માણુસને ખુબસુરત થવા માટે પ્રથમ જોરેમંદ થવાની જરૂર છે. શરીરનું અંદરખાનેનું જોર બાહેરની રચનામાં ખુબસુરતીનો શણગાર આમેજ કરવામાં મુખ્ય મદદગાર છે સુખાકારી ભરેલી તંદરોસ્તીનું બીજું નામ તે શરીરનું શારીરીક બળ છે. નખાઇ ગયલાં શરીરનો ગોરો ચહેરો કરચલી વળી કદરૂપો બને છે જ્યારે શારીરીક બળના જોરેમંદ શરીરનો સામલો ચહેરો લાલચોળ બની શોભીતો અને સુખવાસી નીવડે છે. આ બાબે એક વીદ્વાનના નીચલા શબ્દો ગોખી રાખવા જોગ છે.

"*Beauty of Strength*, casketed in a rounded, complete, and admireable *Physique*. free from excess or deficiency of propertions, stands among the highest ambitions of the woman or the man."

આ સઘળાનો સંગીન રદીઓ સ્પોર્ટશની ખીલવણીમાં સમાઇ જાય છે જેના એક ભાગ તરીકે **બાદશાહી રમત ક્રીકેટ** ખડી રહેતી હોવાથી આપણે તે ઉપર હવે આવીશું.

હીંદની ક્રીકેટ તવારીખ.

હીંદની ક્રીકેટ તવારીખ ઇંગ્લંડ કરતાં બહુ ઓછા પ્રકારે જો કે નજીવો ભાગ બજાવે છે તે છતા **હીંદુસ્તાનની ક્રીકેટની શરૂઆતનું** વર્ણન અત્રે રજુ કરેલું બેશક આવકારદાયક થઇ પડશે.

હીંદમાં ક્રીકેટ રમવાની શરૂઆત મીલીટરી ખાતાં તરફથી પહેલ વહેલી થઇ હતી, અને પહેલ વહેલી Hat trick **૧૮૪૩ નાં વર્ષમાં** નોંધાઇ હતી. મદ્રાસમા પહેલ વહેલી જાણુવાજોગ અને રેકર્ડમેચ ૧૮૪૨ માં રમાઇ હતી, જે બાદ તેનો પ્રસાર રફતે રફતે કલકત્તા ખાતે પણ આગલ વધ્યા હતો. આ ઇંગ્રેજો તરફની નામના હતી જે બાદ તેમાં ઝડપથી આગળ વધનારી કોમ તરીકે પારસી કોમની નામના નોંધાઇ છે. **૧૮૪૮ માં** પહેલી પારસી ક્રીકેટ કલબ Orientel સ્થાપવામાં આવી હતી જે વખતે આ રમત દેશીઓમાં માત્ર વખત ગાળવાના સાંધન તરીકે ગણવામા આવી હતી. આ ચીજમાં થોડાંક વર્ષ સુધી વધારો સુધારો થયો ન હતો. પારસીઓ "ફોરવર્ડ" રમત કેમ કરવી અને કટ

કેમ મારવી તે બાબે બેખબર હતા. જેઓ તે સ્ટ્રોકસ પાછળથી ઈંગ્લંડથી બોલાવેલા પ્રોફેશનલ પ્લેઅર એન્દરશન તરફથી પહેલ વહેલા શીખ્યા હતા.

પહેલી હીંદુ અને મોહમેદન કલબ.

૧૮૬૬માં પહેલી હીંદુ કલબ સ્થપાઈ હતી જે બાદ ૧૮૮૩ માં પહેલી મોહોમેદન કલબે દીવસનું અજવાળું જોયું હતું. આ બે કોમોમાં ઉપર જણાવેલા વર્ષમાં ક્રીકેટની રમતની શરૂઆત થવા પહેલાં પારસીઓએ પોતાના હરીફો ઇંગ્રેજો સામે પોતાને એ બે કોમ કરતાં ચઢીઆતા પ્રકારનાં ગણાવાનું માન અને દાવો પોતાના ગોરા ભાઇબંધો તરફથી મેળવ્યાં હતાં.

પહેલી જીમખાના મેચ.

૧૮૯૮ માં પારસી ક્રીકેટની શરૂઆત થઇ હતી. જે બાદ ૧૮૭૭માં પારસીઓ મુંબઈ જીમખાના સાંમે પહેલ વહેલી મેચમાં ઉતર્યા હતા; જે બાદ હાર–જીતની અનેક મેચ પછી ૧૮૯૨ માં પ્રેસીડન્સી વીરૂદ્ધ પારસીઓ વચ્ચેની પહેલી મેચ નામદાર ગવરનર લોર્ડ હેરીશની કાળજીથી રમાઇ હતી. આ મેચમાં પારસીઓને ફર્સ્ટ કલાશ ક્રીકેટ રમનારી કોમ તરીકે એ મોટી મેચ રમવાનું માન આપવામાં આવ્યું હતું. જેમાં મુંબઇનાં તે વખતના લોકપ્રીય ગવરનર નામદાર લૉર્ડ હેરીશે આગેવાની અને મેહેરબાનીભરેલો ભાગ લીધો હતો આ ટુરનમેંટમાં ૩૭ મેચ રમાઇ હતી જેમાં પારસીઓએ ૧૮ માં જીત મેળવી હતી જયારે ઇંગ્રેજોનું પાસું ૧૩ જીતમાં હેઠલ ઉતર્યું હતું.

હીંદુ ક્રીકેટની મોટી મેચ.

પારસીઓની રેપ્રીઝેનટેટીવ મેચ પછી ૧૪ વર્ષ બાદ હીંદુઓ પોતાની પહેલી મોટી મેચમાં ૧૯૦૬ ના ફેબ્રુઆરી માસમાં ઉતર્યા હતા અને તેમાં તેઓએ પ્રેસીડંન્સીને ૧૫૬ રને હરાવી હતી. ૧૯૦૭ માં ત્રાયંગ્યુલર ટુરનમેંટમાં ઉતરી ઇંગ્રેજ પારસી અને હીંદુઓ વચ્ચેના જંગમાં તેઓ પારસીઓ સામે હારી ગયા હતા. ૧૯૧૨ માં આ ટુરનમેંટ કોડરેંગ્યુલરમાં ફેરવઇ જવે પહેલ વહેલી

મોહોમેડન ઇલેવન.

મી. દાઉદ નેનશીની સરદારી હેઠળ મુંબઇમાં બાહેર પડયો અને મરીનગ્રાઉન્ડ ઊપર રમાયલી મેચમાં આ કોમે પોતાની પહેલી મેચમાં પોતાના ઈંગ્રેજ હરીફોને સીકસ્ત આપી, પારસીઓને હાથે ઈનીંગ્સની હાર

પામી હતી. બીજે વર્ષે તેઓએ મી૦ કમરૂદીન એમ. અલીની સરદારી હેઠળ પારસીઓ ઉપર ૧૮ રનની કીર્તીવંત જીત મેળવી પોતાના હીતેચ્છુઓને હરખાવી મેલ્યા..

ઈંગ્લંડ ગયલી ત્રણ હીંદી ટીમ.

૧૮૮૬ માં પારસી ટીમ પહેલીવાર ઈંગ્લંડ ગઇ હતી. જે બાદ ૧૮૮૮ માં બીજીવાર તેણે ઈંગ્લંડની મુલાકાત લઈ પહેલી ટીમ કરતા વિશેષ ચઢીઆતો દેખાવ કીધો હતો ૧૯૧૧ માં પારસી હીદુ અને મોહોમેદન ક્રીકેટરોથી બનેલી **ઓલ ઈંડીયન ટીમ** ઈંગ્લંડ મોકલવામાં આવી જેનો દેખાવ જો કે મેચની જીતના પ્રમાણમાં મનમાનતો ન હતો તે છતાં હીદના રમનારાઓને અનુભવના આબમાં આ ટુરથી બહુ શીખવાનું મળ્યું હતું.

હીંદ આવેલી ત્રણ ઈંગ્લીશ ટીમ.

હીંદની મુલાકાત માટે ઈંગ્લંડની ત્રણ ધરખમ ક્રીકેટ ટીમો અત્રે પોતાનાં મુબારક કદમ લાવી હતી જેમાં ૧૮૮૯–૯૦ માં જી. એફ વરનન (મરહુમ) અને ૧૮૯૧–૯૨ માં યોર્કશાયર કાંઉટીના કેપટન અને ઈંગ્લંડના એક આગેવાન ક્રીકેટર લૉર્ડ હોકની ઇલેવન અત્રે આવી હતી. બાદ ૧૯૦૨–૦૩ માં ઓકશફર્ડ ઓથેન્ટીકસની પધરામણી થઇ હતી.

હીંદના પ્રખ્યાત ઇંગ્રેજ ક્રીકેટરો.

વેલાયતની કાંઉન્ટીમાં નામના મેળવેલા ઇંગ્રેજ ક્રીકેટરોમાં નીચલાં નામો જાણવા જોગ છે.

ઈ એચ દી. શાવેલ કે જેણે ઓગષ્ટ ૧૮૯૭ થી જુલાઇ ૧૮૯૮ સુધીમાં હીંદમાં ૨૬૬૫ રન કરી ૧૯ ઇનીંગ્સમાં ૧૫૭ વીકેટ લઈ ૯ રનની એનાલેસીસ આણી હતી.

એ. દી. વીલકીંસે ૧૮૮૬મા નોર્થ વીરૂદ્ધ સાઉથ વચ્ચેની મેચમાં નોર્થ તરફથી નોટઆઉટ રહી ૨૧૮ રનનો સ્કોર નોંધાવ્યો હતો જે ઉપરાંત નીચલાં ક્રીકેટરો જાણીતા થયા હતા.

સરજ્યન કેપટન જે. ઇ. ગ્રારક (સોમરસેટ)
કેપટન વીન્યાર્ડ (હોંન્ટસ)
ડબલ્યુ ત્રુપ (ગ્લોસેસ્ટર)
એફ. આર. બ્રુકસ (લેનકેસાયર)
એચ. પી. ચેપલીન (સસેક્સ)

ઇ. ઇ. સ્ટીલ (લેંન્કેસાયર)
કેપટન વીંગ્રામ અને કેપટન કોલીન્સ (ઓકસફર્ડ યુનીવરસીટી)
સી. ટી. સ્ટડ
કેપટન ફ્રૉક
જી. જી. નેપીયર
એચ. એલ. સીમ્સ
એફ. એલ. સ્પ્રોટ
એચ. ચીધેમ
એચ. આર. એલીશન
ડબલ્યુ. એફ. ઓ. ફેવીયલ
સ્પ્રોટ
એમ. આર. જારદીન
જે. ટી. ટરનર
મેજર જે. જી. ગ્રેગ

ગગરાટનો ફોર્મ.

૧૮૮૯ માં એક વેળાના પારસી ચેમ્પીયન બરજોર દી. ગગરાટે પુના જીમખાનાની મજબુત ઇલેવન સામે નોટઆઉટ રહી ૧૦૮ રન કીધા હતા, જે એક મોટી મેચની પહેલી સદી હતી.

૧૮૯૪માં એન. સી. બાપાસોલા, દીનશા દી. કાંગા અને બરજોર સી. માછલીવાળાએ પ્રેસીડન્સી સામે ૫૦ કરતાં વધુ રનનો સ્કોર કીધો હતો.

૧૮૯૭ માં પુનાં ખાતે પારસીઓએ ૩૪૩ રન નોંધાવ્યા હતા જેમાં પટીઆલાવાળા કેકી મીસતરીના ૯૫ અને ડા. પાવરીના ૬૦ રન હતા જે પહેલી વીકેટની ૧૬૩ રનની પાર્ટનરસીપમાં નોંધાયા હતા. આ ઉપરાંત બાપાસોલાના ૫૯ અને ૬૧ રન એકજ મેચમાં નોંધાયા હતા.

૧૯૦૦ માં કેકી મીસતરીએ ૮૮ અને ૪૬ રન કીધા હતા.

૧૯૦૨–૦૩ માં દીનશા દી.કાંગાએ ઓકશફર્ડ ઓથેન્ટીકસ સામે ૧૧૬ રન નોંધાવ્યા હતા.

ડા. હોમી કાંગાનો રેકોર્ડ–૨૩૩ રન

૧૯૦૫ માં ડા. એચ. દી. કાંગાએ પુના ખાતે પ્રેસીડન્સી સામે ૨૩૩ રનનો રેકોર્ડ સ્કોર નોંધાવ્યો હતો. આ મેચમાં પારસી ટીમે

૫૦૩ રનનો યાદગાર જુમલો કીધો હતો. જેમાં પટીઆલાના કેકી મીસતરીએ ૮૯ રનથી બીજી જગ્યા મેળવી હતી.

૧૯૧૨ માં જે. એસ. વોરડનને પુનાં ખાતે પ્રેસીડન્સી સામે ૪૨ અને ૬૬ રન કીધા હતા જે બાદ મુંબઇમાં મરીન ગ્રાઉન્ડ ઉપર રમાયલી પહેલી કોડરેંગ્યુલર મેચમાં હીંદુઓ, સામે ૧૧૫ રન કીધા હતા. આ મેચમાં પારસીઓનો જુમલો ૧૮૩ રન સુધી આગળ વધ્યો હતો.

આ બાદ મોહોમેદનો સાથની બીજી મેચમાં વોરડને ૮૫ રન નોંધાવ્યા હતા.

ડા. કાંગા—૧૫૦ રન

૧૯૧૨ની પહેલી કોડરેંગ્યુલર મેચમાં ડા. કાંગાએ મોહોમેદનો સામે ૧૫૦ રનનો તારીફ લાયક સ્કોર નોંધાવ્યો હતો.

ડા. પાવરીની કીંમતી સેવા.

એક ચુનંદા કેપટન અને બોલર તરીકેની પારસી ક્રીકેટર ડા. એમ. ઇ. પાવરીની નામના જાણીતી છે જે ક્રીકેટરે, વરનનની ટીમ સામે ૩૪ રનમાં ૭, લોર્ડ હૅાકની ટીમ સાથની મેચ માંહેલી ૧૦ વીકેટ અને ૧૮૯૭ માં પ્રેસીડન્સી સામેની ૨૧ રનમાં ઉરાડેલી ૬ તેમજ સીકન્દ્રાબાદ ટીમ સામે છેલ્લી લાગત ૪ વીકેટ ખાસ નોંધને લાયકનો બનાવ છે.

૧૮૯૪ ના ૨૪ રન

૧૮૯૪ માં પ્રેસીડન્સીએ પોતાના ધરખમ બળ છતાં બીજી ઇનીંગસમાં માત્ર ૨૪ રનનો નાનો જુમલો નોંધાવ્યો હતો જે મેચમાં પારસી "દીમન-બોલર" દી. એન રાઇટરે ૨ રનમાં **૪** અને કેકી મીસતરીએ **૧૧** રનમાં **૫** વીકેટ ઉરાડી હતી.

૧૮૯૫ માં બહમન બીલીમોરીયાએ પુના ખાતે પ્રેસીડન્સીને ૧૩ વીકેટ લઇ ૩૦ અને ૭૨ રનમાં આઉટ કરી હતી જે મેચમાં રાઇટરે ૬ વીકેટ પોતાને ફાલે ઠોકી હતી.

પારસી બોલરો

પારસી ટીમ તરફથી બેલીંગમાં જાણીતા થયલાઓનાં નીચલાં નામો ખાસ નોંધને લાયકના હોવાથી તે અત્રે સદાબરાં રજુ કરવામાં આવે છે.

મેહેરવાન દી કાંગા

નશરવાન સી. બાપાસોલા

નવરોજી કે. ભરૂચા
કેકી કે. ખરાશ
દીનશા પંડોલ
ડા. એમ. ઇ. પાવરી
માણેક દી. વલસાડા.
કેકી એમ. મીસતરી
કેકી બી. મીસતરી
જેહાંગીર એસ. વોરડન
માણેક બી. વાચ્છા
માણેક દી. પારખ
ડા. હોમી કાંગા
જેહાંગીર એલાબ્યા
બેહેરામ મીરઝાં

હીંદુ ક્રીકેટ

હીંદુ ક્રીકેટની મોટી રેપ્રીઝેનટેટીવ મેચ માંહેલી જીંદગી માત્ર થોડા વર્ષની હોવાથી તેઓ ઉપલી બાબદમાં પારસીઓથી બહુ પાછળ પડેલા માલુમ પડે છે જે છતાં એમ. ડી. પઇના ૧૯૦૭માં નોંધાયલા ૧૦૭ અને ૪૪ પ્રેસીડંન્સી મેચમાં આગેવાન જગ્યા લે છે.

૧૯૦૭માં બાલુએ પ્રેસીડંન્સીની ૧૦૧ રનમાં ૧૩ વીકેટ ઉરાડી હતી.

૧૯૧૦માં બાલુએ પારસીઓ સામે ૭૦ રનમાં ૧૦ વીકેટ લીધી હતી.

મોહોમેદનનું બળ.

બે વર્ષનાં બચપણુમાં મોહોમેદન ભાઇઓએ હીંદુઓ કરતાં વીશેષ ચઢીઆતો દેખાવ કરી ૧૯૧૩ની પોતાની ક્રીકેટ કારકીર્દી જશવંતી અને જોરાવર પુરવાર કરી છે. પારસીઓને ૧૮ રને હરાવી હીંદુઓની મેચમાં કીર્તીવંત "ડ્રો" કરી મોહોમેદન ક્રીકેટે પોતાની નામના સ્થાપી છે.

પુના જીમખાનાનો રેકોર્ડ સ્કોર

૧૯૦૭માં પુના જીમખાનાએ મુંબઇ જીમખાના સામે પુનાની ગ્રાઉન્ડ ઉપર ૪ વીકેટે ૩૮૭ રન કીધા હતા જેમાં મેજર ગ્રેગ ૧૭૫ અને કેપટન હાઇન્ડ ૧૦૧ રન કરી રીટાયર્ડ થયા હતા. જ્યારે મેજર ફીલ્ડ ૭૧ રન કરી નોટ આઉટ રહયો હતો. મુંબઇ જીમખાનાએ ૮૮ અને ૧૧૦ રન કરી આ મેચમાં ઇનીંગ્સ અને ૧૮૯ રનની હાર મેળવી હતી.

લીગ મેચમાં ફાંકડી બોલીંગ.

૧૯૦૮માં લીગમેચમાં ગવર્નમેન્ટ ટેલીગ્રાફની **પાંચ વીકેટો લાગત ૫ બોલમાં** રોયલ ઇંડીયન મરીન તરફથી મનસુખવાડીઆએ ઉરાડી હતી

બેટીંગ અને બોલીંગમાં પહેલી પદવી.

૧૯૦૮માં જાણીતી એલફીન્સ્ટન ક્રીકેટ કલબ તરફથી જે. એસ. વોરડને બેટીંગમાં ૩૮·૫ની બેટીંગ અને બોલીંગમાં ૫·૩ની બોલીંગ એવરેજે પહેલી પદવી લીધી હતી.

એજ વર્ષમાં બેરોનેટ ક્રીકેટ કલબ તરફથી જે એચ. એલચીદાનાએ ૬૦.૦ની પહેલી બેટીંગ એવરેજ આણી હતી.

સ્પેન્સર શીલ્ડ મેચ.

'સ્પેન્સર ચેલેંજ શીલ્ડ'' મેચમાં નીચલી કલબોની ચેમ્પીયનસીપ નોંધાઇ છે.

યંગ ઝોરાસ્ટ્રીયન	૧૯૧૦
મરીન લીબરલ	૧૯૧૧
એલફીન્સટન	૧૯૧૨
બેરોનેટ	૧૯૧૩

હાઈએસ્ટ ઈનડીવીજ્યુઅલ સ્કોર.

ડી. કે. કાપડીયા	૧૩૦	રન
જે. એસ. વોરડન	૧૨૬	,,

રેકર્ડ પાર્ટનરસીપ.

૧૯૧૨માં "ચેમ્પીયન" નીવડેલી બેરોનેટ ક્રીકેટ કલબ તરફથી જે. એસ. વોરડન અને મરઝમાન રીપોર્ટરે ૨૯૮ રનની રેકર્ડ પાર્ટનરસીપ નોંધાવી હતી.

સ્પેન્સર શીલ્ડની રેકર્ડ એવરેજ.

૧૯૧૨માં ડી. કે. કાપડયાએ **૧૪૪.૭૫ની** રેકર્ડ **એવરેજ આણી** હતી, જે સ્પેન્સરશીલ્ડ મેચમાં નોંધાઇ હતી.

૧૯૧૩નાં વર્ષની ચેમ્પીયન કલબ બેરોનેટ તરફથી એમ. ડી. પારખે **૯૫.૯૬ની** પહેલી બેટીંગ અને પેસી પોંચખાનાવાળાએ **૫·૩ની** પહેલી બોલીંગ એવરેજ આણી હતી.

સ્પેન્સર શીલ્ડ મેચ.

૧૯૧૩ની ચેમ્પીયન ક્લબની એવરેજ.

મેદાનની ૧૫ ક્લબો વચ્ચે થયલી ૧૯૧૩ નાં વર્ષની "શાપુર સ્પેન્સર ચેલેંજ શીલ્ડ" ની મેચમાં બેરોનેટ ક્રીકેટ ક્લબે "ચેમ્પીયનશીપ" હાથ કરી છે. જે ક્લબની હરીફો સામેની અનેક મેચો એક તરફી રીતે રમાઇ હતી જ્યારે સાસાનીયન અને પારસી બેરોનેટ ક્લબની મેચમાં વીશેષ રસાકસી નજરે પડી હતી. આ ક્લબમાં સ્થાપવામાં આવેલા સોનાનાં બે ચદો બેટીંગ અને બોલીંગમાં પહેલી એવરેજ લાવનાર ક્રીકેટરો એમ. દી. પારખ અને પેસી પોંચખાનાવાળા જીતી ગયા છે. "ચેમ્પીયન" ક્લબ બેરોનેટના રમનારાઓની બેટીગ તથા બોલીગને લગતી સંપુર્ણ એવરેજ નીચે મુજબ છે.

બોલીંગ એનાલેસીસ

જુમલે

	બોલ.	મેદન.	રન.	વીકેટ.	એવરેજ.
પેસી પોંચખાનાવાળા.........	૨૩૧	૮	૮૫	૧૫	૫.૩
જે. વોરડન..................	૫૦૭	૧૯	૧૭૩	૨૪	૭.૨
એસ. બાદન.................	૮૩૮	૫૮	૨૨૮	૩૧	૭.૩
ડા૦ પાવરી..................	૩૧૨	૧૯	૧૧૬	૧૧	૧૦.૫
બાપુ મીસ્ત્રી................	૧૭૮	૯	૫૯	૫	૧૧.૮
માણેક પારખ..............	૭૬૩	૨૧	૩૪૧	૨૩	૧૪ ૮

બેટીંગ એવરેજ.

	ઈનીંગ્સ.	નોટ આઊટ.	જુમલે રન.	સૌથી વધુ રન.	એવરેજ.
એમ. દી. પારખ	૭	૪	૨૮૭	૧૦૫	૯૫ ૬૬
જે. એસ. વોરડન	૧૦	૫	૪૦૭	૧૨૬	૮૧.૪
દી. દી. ડ્રાઇવર	૧૨	૧	૩૩૫	૮૮	૩૦.૪૫
એમ. રીપોરટર	૧૧	૨	૨૫૬	૧૦૭	૨૮.૪૫
દાદી એમ. રાંજી	૬	૨	૧૦૦	૨૮	૨૫ ૦
પી. જે. ચીનાઇ	૫	૧	૯૪	૩૦	૨૩ ૫
હોમી એસ. ભપ્પુ	૮	૨	૯૬	૪૪	૧૬.૦

૫૧૫૯

એસ. નાગપોરવાળા	૭	૧	૯૧	૨૭	૧૫.૧
ડા. પાવરી	૫	૦	૭૦	૨૩	૧૪.૧
એસ. એફ. માદન	૬	૧	૨૬	૧૬	૫.૨
પેસી પોચખાનાવાળા	૪	૦	૬	૪	૧.૫

મુંબઇ ખાતેનો રેકોર્ડ સ્કોર.

૭ વર્ષની વાત ઉપર હીંદુ જીમખાના ગ્રાઉન્ડ ઉપર રમાયલી મેચમાં અલીગઢ કોલેજે કેપટન અલી હસનના ૧૧૩ રન સહીત ૪૩૫ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેનો હીંદુ જીમખાનાએ એમ. ડી. પઇના ૧૫૦ રન સહીત ૪૪૪ રન કરી મુંબઇ ખાતેનો રેકોર્ડ નોંધાવ્યો હતો. આ બે દીવસની મેચમાં ૮૭૯ રન નોંધાયા હતા.

૨૦૦ કરતાં વધુ રનના સ્કોર.

૨૦૦ કરતાં વધુ રનનાં હીંદુસ્તાનમાં નોંધાયલા "હાઇએસ્ટ ઇનડીવીડયુઅલ સ્કોર" નીચે મુજબ નોંધાયા છે.

જી. એચ. ફ્રાક. ગોરડન હાઇલેંન્ડર્સ વીરૂદ્ધ કવીન્સ રેજીમેંન્ટ પેશાવર ૩૦૯ રન. (૧૯૦૫)

કેપટન જી. એચ. નીમ–કવીન્સ રેજીમેંન્ટ વીરૂદ્ધ ગોરડન હાઇલેન્ડર્સ પેશાવર ૨૬૭ રન. (૧૯૦૩)

પ્રીન્સ કે. એસ. રણજીતસીંન્હજી પટીઆલા વીરૂધ અંબાલા ૧૫૭ રન ૧૮૯૮

કેકી એમ. મીસતરી „ „ ૨૫૫ રન ૧૮૯૮

લેફટનંટ કોલીન મેકેનઝી સીમલા વીરૂધ સેકંડ કવીન્સ રેજીમેંન્ટ સીમલા ૨૫૯ રન (૧૮૮૪)

સી. મીચલ કલકત્તા ૨૪૬ રન ૧૮૮૮

ધ. એચ ડી. સીવેલ મદરાસ વીરૂધ બેલારી ૨૪૬ રન (૧૮૯૮)

ડબલ્યુ. બ્રોકવેલ પટીઆલા વીરૂધ મીરત, મીરત ખાતે ૨૪૦ રન (૧૮૯૯)

ધ. સેંલેઝ અહમદનગર વીરૂધ પુના જીમખાના અહમદનગર ખાતે ૨૩૯ રન (૧૮૯૪)

ધ. જી. વીનયાર્ડ આઠમી કીંગ્સ રેજીમેંન્ટ વીરૂધ વેલ્સ ફયુઝીલીયર્સ ૨૩૭ રન (૧૮૮૭)

ડા. એચ. ડી. કાંગા પ્રેસીડંન્સી વીરૂધ પારસી ૨૩૩ રન. (૧૯૦૫)

એફ. એ. ટેરેન્ટ પટીઆલા વીરૂધ કેશમીર ૨૬૧ રન (૧૯૧૧)

પ્રાઇવેટ શેરીંગ રોયલ સ્કોટસ વીરૂધ બેંન્ડ એંન્ડ ડમર્સ શાહજેહાનપુર ૨૨૮ રન (૧૮૭૨)

આર. એચ. ન્યુઈંગ બેલારી વીરૂધ સીકંનદ્રાબાદ બેલારી ૨૨૬ રન (૧૮૯૪)
ઇ. એચ. સીવેલ વીઝીટર્સ વીરૂધ રેસીડંન્સ ઉટી જીમખાના ૨૨૫ રન (૧૮૯૮)
એસ. એચ. દોમ હાવરા વીરૂધ જમાલપુર ૨૨૩ રન(૧૮૮૫)
ડબલ્યુ. વીલીયમ્સ, કેલીડોનીઅન્સ વીરૂધ સેંટ જેમ્સ સ્કુલ કલકત્તા ૨૨૨ રન (૧૯૦૨)
ડબલ્યુ ગોસલીંગ ઉટી વીરૂધ કોઇમબટુર ૨૨૦ રન (૧૮૯૯)
એલ. એ. હેમીલટન યોર્કસાયર લાઇટ ઇનફન્ટ્રી વીરૂધ રોયલ વેલ્સ ફ્યુઝીલીઅર્સ દીનાપોર ૨૨૦ રન (૧૮૮૫)
બદેસીરામ, પટીઆલા વીરૂધ કાસોલી ૨૧૯ રન (૧૮૯૬) એ. દી. વીલકીન્સ ઉત્તર વીરૂધ દક્ષીણ બોંમ્બે પ્રેસીડંન્સી પુના ૨૧૮ રન (૧૮૮૬
કેપટન કોર્બી મેકેનઝી મરી વીરૂધ રાવલપીંડી ૨૧૬ રન (૧૮૮૯)
કેપટન એલીનોર મદ્રાસ વીરૂધ સીલોન ૨૧૬ રન (૧૯૦૨)
ડબલ્યુ. બ્રોકવેલ બદેસીરામ વીરૂધ મેકમોહનટીમ પટીઆલા ૨૧૪ રન (૧૯૦૦)
જે. દી. ગાઇશ બાલીગંજ વીરૂધ આઇલ્સની ટીમ ૨૧૩ રન (૧૯૦૩)
જી. સી. ઇકી બોરીસર્સ રેજીમેન્ટ વીરૂધ બોરીસર્સ ફ્યુઝીલીઅર્સ પેશાવર ૨૧૨ રન (૧૮૯૭)
બી. વોટફીલ્ડ સીમલા વીરૂધ દીનાપોર ૨૧૧ (૧૮૮૫)
એલ. એ. હેમીલટન દીનાપુર વીરૂધ સીમલા ૨૦૯ રન (૧૮૮૫)
ઇ. બી. સ્ટડ બીહાર વીરૂધ કલકત્તા ૨૦૯ રન (૧૮૯૯)
એચ. સી. કીંગ મદ્રાસ વીરૂધ બેંગલોર (બરેલી) ૨૦૬ રન (૧૮૯૫)
ટી. બી. કોલીન્સ ગુરખા બ્રીગેડ વીરૂધ બરેલી ૨૦૬ (૧૯૦૪)
પ્રીન્સ વીકટર કીંગ્સ રોયલ રાઇફલ્સ વીરૂધ દેવનસાયર રેજીમેંટ રાવલપીંડી ૨૦૫ (૧૮૯૩)
જે. બી. ઉડ સીમલા વીરૂધ બીશપ કોટન સ્કુલ ૨૦૪ (૧૮૯૯)
મેજર જે. જી. ગ્રેગ બોંમ્બે પ્રેસીડંન્સી વીરૂધ ઓક્ષફર્ડ ઓથેન્ટીકસ ૨૦૪ રન (૧૯૦૨)
ઈ. એચ. લેંનકેસ્ટર કવીન્સ રેજીમેંન્ટ વીરૂધ મરી ૨૦૪ રન (૧૯૦૦)
જી. એચ. સીમસનહેવર્ડ ઓકસફર્ડ ઓથેન્ટીકસ વીરૂધ પેશાવર ૨૦૩ રન (૧૯૦૨)

આ ઉપરાંત આર. એમ. પુરે ૧૮૯૨ માં ગણેશખીંડ ખાતે ૨૦૦ સી. વી. મેહેતાએ હીંદુ જીમખાના તરફથી ૨૦૨ અને યુસુફબેગે પુના જીમખાના સામે મોહોમેદન તરફથી ૨૦૦ રન નોંધાવ્યાં છે.

પારસી બાનુઓ વીરૂધ્ધ ગૃહસ્થો વચ્ચેની ક્રીકેટ મેચ.

૨ જી જુલાઈ ૧૯૦૬ના દીવસે **માથેરાન** ખાતે પારસી બાનુઓ વીરૂદ્ધ ગ્રહસ્થો વચે રમાયલી **પહેલી યાદગાર મેચમાં** બાનુઓએ ૯ રનની જીત મેળવી હતી.

આ મેચ માથેરાન મધે હોપ હોટેલની પછવાડે આવેલી ગ્રાઉંડ ઉપર ખેલવામાં આવી હતી. આ મેચ રસાકસીભરી અને રમુજ ઉપજાવનારી હોવાથી તમાસગીરોની મોટી ઠઠે જલદીથી આવી પોતાની બેઠક લીધી હતી. રમત શરૂ કરવાની દશ મીનીટ અગાઉથી બાઉંડરી દેશી તેમજ ઈંગ્રેજ બાનુઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. આ પ્રસંગે એક લશકરી બેંડ હાજર હતું. અને તેણે મીઠા સરોદ વગાડી રમતમાં ભાગ લેનારાઓને ઉલટ આપી હતી. આ રમત માટે એવી ગોઠવણ કરવામાં આવી હતી કે ગ્રહસ્થોએ ડાબે હાથે બેટીંગ અને ફીલડીંગ કરવી, જ્યારે બાનુઓ માટે કાંઇ પણ શરત કરવામાં આવી હતી નહી. બાનુઓના કેપટન મીસ પટેલે પોતાની તરફેણમા સીકકો પડેલો જોઇ પોતાની ટીમને દાવમાં મોકલવાનું પસંદ કીધુ હતું. તેઓએ પહેલા દાવમાં ૪૬ રન કીધા હતા, જેમાં મીસ બનાતવાળાના ૧૪ અને કેપટન મીસ પટેલના ૧૨ રન મુખ્ય હતા. માત્ર ત્રણ ચાર દીવસની પ્રેકટીશમાં બાનુઓએ બહુ અચ્છો દેખાવ કર્યો હતો. તેઓની રમત તમાશગીરોને જોવાલાયક થઇ પડી હતી.

ગ્રહસ્થોએ પહેલા દાવમાં ૩૭ રન કીધા હતા. જેમાં હોમી કોમીસરીયટના ૮, જે. પારખના ૭ અને સોલી કોમીસરીટના ૧૧ રન મુખ્ય હતા

બાનુઓએ બીજા દાવમાં વધારે ઉલટમાં આવી જઇ ૫૫ રન ઠોકી કહાડયા હતા, જેમાં મીસ ટી. મેહેતા અને કેપટન એસ. પટેલે લાંબો વખત દાવ ટકાવી રાખી ૧૭ અને ૧૪ રનનો આગેવાન ફાળો આપ્યો હતો અને મીસ પદમજીએ પોતાની ટીમના રનમા ૧૦ રનનો વધારો કર્યો હતો. જ્યારે રમત બંધ પડી ત્યારે ૫ વીકેટના ભોગે ગ્રહસ્થોએ ૧૭ રન કીધા હતા. બંને ટીમનો સ્કોર નીચે મુજબ છે:—

બાનુઓનો પહેલો દાવ.

મીસ ટી. ખરાસ બો૦ દુબાશ	૦
મીસ બનાતવાળા કો૦ કોમીસરીયટ બો૦ પારખ	૧૪
મીસ ટી. મેહતા બો૦ દુબાશ	૦

મીસ એસ. પટેલ (કેપટન) બો૦ તાલીયારખાન	૧૨
મીસ એફ. પદમજી બો૦ પારખ	૪
મીસ એન. મેહેતા કો૦ અને બો૦ તાલીયારખાન	૦
મીસ પી. પદમજી સ્ટમ્પડ આઉટ	૦
મીસ એ. મેહેતા બો૦ તાલીયારખાન	૦
મીસ પી. મોદી બો૦ તાલીયારખાન	૦
ડા૦ પાવરી નોટ આઉટ	૬
મીસ ચીનાઇ રન આઉટ	૦
પરચુટણ	૧૦
જુમલે	૪૬

ગૃહસ્થોનો પહેલો દાવ.

મી૦ હોમી કોમીસરીયેટ કો૦ પાવરી બો૦ મેહેતા	૮
મી૦ એ. તાલીયારખાન બો૦ મીસ બનાતવાળા	૦
મી૦ એચ. દુબાશ બો૦ તાલીયારખાન	૨
મી૦ એસ. કોમીસરીયટ બો૦ પાવરી.	૧૧
મી૦ જે. પારખ કો૦ તાલીયારખાન બો૦ પાવરી	૭
મી૦ સી. રેડીમની બો૦ બનાતવાળા	૨
મી૦ જે. વકીલ બો૦ પાવરી	૧
મી૦ સી. મહેતા બો૦ પાવરી	૦
મી૦ જે. વાડીયા બો૦ પટેલ	૦
મી૦ એન. વાડીયા (નોટ આઉટ)	૩
મી૦ બી. જીજીભાઇ રન આઉટ	૩
જુમલે	૩૭

એ રીતે બાનુઓ ૯ રને જીત્યાં હતાં.

સ્પેન્સર ચેલંજ શીલ્ડ.

૧૮૭૨માં સ્થપાયલી મેદાનની પ્રખ્યાત એલફીનસ્ટન ક્રીકેટ કલબ તરફથી મેદાનની ક્રીકેટ કલબો વચ્ચે ૧૯૧૧ના વર્ષમાં સ્થાપવામાં આવેલાં "સ્પેનસર ચેલંજ શીલ્ડ"માં ૧૨ કલબો દાખલ થઈ હતી જેમાં ૧૯૧૪ સુધીમાં ૩ કલબોનો વધારો થયો હતો.

૧૮૯૨ની પહેલી ક્રીકેટ-ટુર.

(મરહુમ) વરનોનની ક્રીકેટ ટીમને હરાવી પારસી ટીમે ૧૮૯૨નાં વર્ષમાં નોરધરન ઇંડીયાની ટુર ઉપર પોતાનાં પહેલાં મુબારક કદમ લંબાવ્યા હતા જે માંહેલી પહેલી મેચ જયપુર ખાતે રમાઇ હતી. આ ટુર મરહુમ મી૦ અરદેશર બેરામજી પટેલ અને મી૦ જે૦ એમ૦ ફરામજી પટેલે ઉભી કરી હતી. આ મેચમાં ડા૦ પાવરી અને રૂસ્તીમ મોદીએ જયપુરની ટીમને માત્ર ૨૩ રનમાં ગબડાવી નાંખી હતી જેમાં ડા૦ પાવરીએ ૫૨ રને ૫ અને મોદીએ ૧૨ રનમા ૫ વીકેટ લીધી હતી. આ મેચમાં પારસીઓ ૯૧ રને જીત્યા હતા, જેમા બેટીંગમાં (મરહુમ) શાપુર સ્પેન્સરે ૫૪ નોટ આઊટ અને દીનશા દી૦ કાંગાએ ૪૦ રન નોંધાવ્યા હતા. આ ટીમ આ મેચ પછી અલ્લાહબાદ જતાં આગ્રે થોભી તેઓએ અલ્લાહબાદ સામે ૧૮૩ રન કીધા હતા જેનો હરીફ પક્ષે ૮૭ રને જવાબ આપ્યો હતો. અલ્લાહબાદને "ફોલોઓન" મળતાં તેઓએ યાને મી૦ વોકરની ટીમે ૯ વીકેટે ૨૮૮ રન નોંધાવ્યા હતા જેમાં જોન્સના ૧૫૬ અને વોકરના ૮૬ રન હતા. આ મેચમાં પારસી ફીલ્ડીંગ બહુ ઉતરતાં પ્રકારની થઇ પડી હતી આ મેચમાં ડા૦ પાવરીએ ૯ વીકેટ લીધી હતી. આ ટુર આ બાદ મુઝરપોર લંબાઈ હતી જેમાં તેઓનો સ્કોર ૧૧૦ રનનો હતો જ્યારે પારસી પક્ષે અર૦ હ૦ મોદીના ૪૭ રન સહીત ૨૩૨ રનથી જવાબ વળ્યો હતો. આ મેચના લંચ ઉપર બેગોલના એકટીંગ લેફટનન્ટ ગવરનર સર જે૦ એ૦ બોરડીલી અને જણાવ્યું હતું કે:—

The Parsi cricketers are as sporting and chivalrous as English Gentlemen. આ પછીની મેચ કલકત્તા ખાતે રમાઇ હતી. જેમાં પણ પારસી ટીમે દી. દી. કાંગાના ૬૮ અને આર. દી કુપરના ૪૦ રન સહીત ૨૦૪ રન કીધા હતા, જેનો કલકત્તાની ટીમે ૯૪ અને ૧૨૩ રનથી ઉત્તર વાળવે મેચનું પરીણામ પારસી ટીમની ૧૦ વીકેટ અને ૨ રનની જીતમાં આવ્યું હતું. આ મુજબ આ ટુરમાં પારસી ટીમ ચેમ્પીયન નીવડી હતી અને તેનાં કુશલ કેપટન મી૦ જે. એમ. ફરામજી પટેલે બેટીંગમાં પહેલી એવરેજ આણી હતી. આ મેચ બાદ પારસી ટીમને બનસાર્ડ હોટેલમાં ખાણું આપવામાં આવનાં ચેરમેન મી૦ એસ. આર. દોમલાસે જણાવ્યું કે:

"Gentlemen—I rise to propose the health of our gallant opponents—(cheers)—the victorious Parsee team, and the duty is not only a pleasure but an honour. There was a team of cricketers from England two years ago who beat us handsomely, but they in their turn fell before the Parsees of Western India, whose signal victory yesterday we meet to celebrate to-night. In what branch of the noble game have they not shown their superiority? They have shown us the way in all, and it is not only in the way they act their parts that they excel us, but they teach us above all things how much lies in good generalship. We regret that there was so little need to show generalship in what we call changing the bowling; but they adapted the fielding most admirably to our style of batting, particularly in the slips. They have over-matched us, they have taught us a salutary, if severe lesson, and for my part, gentlemen, I think that the noble game of cricket in Calcutta has incurred a debt of gratitude to the Parsees of Western India, which nothing will efface. Let us drink their healths, comrades and gentlemen all, and thank them from the bottom of our hearts for coming." (Loud cheers).

આ ટુરમાં પારસી કેપટન મી. પટેલે બેટીંગમાં અને રૂસતીમ મોદીએ બોલીંગમાં પહેલી પદવી આણી હતી. ટાઇમ્સ, પાયોનીયર, બોમ્બે ગેઝેટ, અને એશીયન વગેરે પત્રોએ આ ટુરને એક Social Success તરીકે જાહેર કરી હતી.

આ બાદ શેઠ દી. જે. ટાટા અને મરહુમ મી. સ્પેન્સરની ટીમે હેદરાબાદ, મદ્રાસ અને નાગપોર ખાતે પોતાના કદમ લંબાવ્યા હતા. જ્યાં મદ્રાસમાં ખાણાં ઉપર પારસી ટીમને માન આપવા અર્થે લોર્ડ વેન્લોક લંચ ઉપર બીરાજ્યા હતા. અને સેન્ટ્રલ પ્રોવીન્સના ચીફ કમીશનર સર એન્ડ્રુ ફ્રેઝરે પારસી ટીમની નાગપોર ખાતે ઘણી માયાકુલ પરોણાગત કરી હતી.

આ પછી સીમલા અને પટીઆલા ખાતે મી. નાદીર પંથકીની ટીમ અનેકવાર જઇ આવી હતી જે ટુર પણ એક ફતેહમંદ પ્રવાસ પુરવાર થતો હતો જેની ફતેહમંદીનું મુળ કારણ પટીઆલાના મરહુમ મહારાજા સાહેબ રાજીંદરસીંન્હ જેવા સુધાન સ્પોર્ટશમેનની ખંતને આભારી હતું.

પહેલી પ્રેસીડંસી મેચ.

મુંબઇના આગલા ગવરનર નામદાર લોર્ડ હેરીશની દીલસોજી ભરેલી ખંતથી ૧૮૯૨ના વર્ષ પહેલી પારસી પ્રેસીડન્સી મેચ રમાઇ હતી જે ૧૯૦૬ સુધી મુંબઇમાં રમાઈ હતી જે બાદ ૧૯૦૭માં પહેલીવાર ત્રાયંગ્યુલર-મેચ રમાઈ હતી જેમાં પારસીઓ ચેમ્પીયન નીવડયા હતા. ૧૮૯૨ થી ૧૯૦૬ સુધાની મુબઇ અને પુનામાં રમાયલી પ્રેસીડન્સી મેચનું પરીણામ નીચે મુજબ છે,

૧૮૯૨-મુંબઇમાં વરસાદને લીધે પડતી મેલાઇ.
૧૮૯૨-પુનામાં પારસીઓ ૩ વીકેટ અને ૧ રને જીત્યા.
૧૮૯૩-મુંબઇમાં ડ્રોન થઇ.
૧૮૯૩-પુના. ઈંગ્રેજો ઇનીગ્સ અને ૩૫ રને જીત્યા.
૧૮૯૪-મુંબઇમાં પારસીઓ ૧૨૧ રને જીત્યા.
૧૮૯૪-પુના. ઇંગ્રેજો ૮૭ રને જીત્યા.
૧૮૯૫-મુંબઇ. ઇંગ્રેજો ૫ વીકેટે જીત્યા.
૧૮૯૫-પુના. પારસીઓ ઇનીગ્સ અને ૧૦ રને જીત્યા.
૧૮૯૬-મુંબઇ. ઇંગ્રેજો ૧૦ વીકેટે જીત્યા.
૧૮૯૬-પુના. ઇંગ્રેજો ૨ વીકેટે જીત્યા.
૧૮૯૭-મુંબઇ ડ્રોન થઇ.
૧૮૯૭-પુના. પારસીઓ ૩૦૮ રને જીત્યા.
૧૮૯૮-મુંબઇ. ઇંગ્રેજો ઇનીગ્સ અને ૧૬ રને જીત્યા.

૧૮૯૮–પુના. ઈંગ્રેજો ઇનીંગ્સ અને ૩૬ રને જીત્યા.
૧૮૯૯–મુંબઇ. ડ્રોન થઇ.
૧૮૯૯–પુના. રમાઇ નહી
૧૯૦૦–મુંબઇ. પારસીઓ ૧૩૫ રને જીત્યા.
૧૯૦૦–પુના. ડ્રોન થઇ.
૧૯૦૧–મુંબઇ. પારસીઓ ૮ વીકેટ અને ૪ રને જીત્યા.
૧૯૦૧–પુના. અંગ્રેજો ૧૯૨ રને જીત્યા.
૧૯૦૨–મુંબઈ. પારસીઓ ૪૪ રને જીત્યા.
૧૯૦૨–પુના. ઈંગ્રેજો ૪ વીકેટ જીત્યા.
૧૯૦૩–મુંબઇ પારસીઓ ૧૪૯ રને જીત્યા.
૧૯૦૩–પુના. પારસીઓ ઇનીંગ્સ અને ૬ રને જીત્યા.
૧૯૦૪–મુંબઇ. પારસીઓ ૧૬૪ રને જીત્યા.
૧૯૦૪–પુના. વરસાદને લીધે પડતી મેલાઇ.
૧૯૦૫–મુંબઈ. વગર કારણે મેચ ગોઠવવામાં ન આવી.
૧૯૦૫–પુના. પારસીઓ ઇનીંગ્સ અને ૨૧૬ રને જીત્યા.
૧૯૦૬–મુંબઇ. પડતી મુકવામાં આવી.
૧૯૦૬–પુના. પ્રેસીડન્સી ટીમની ૬ વીકેટે જીત.
૧૯૦૭–મુંબઇ. ત્રાયંગયુલર મેચ (**પારસી ટીમ ચેમપીયન.**)
૧૯૦૮–પુના. પારસીઓની ૧૪૨ રનની જીત.
,, મુંબઈ. પ્રેસીડન્સીએ હીંદુઓને ૧૧૯ રને હરાવ્યા.
૧૯૦૯–મુંબઇ. ત્રાયંગ્યુલરમાં પારસીઓએ હીંદુઓને ૪ વીકેટે હરાવ્યા.
૧૯૧૦–પુનામાં પારસીઓએ પ્રેસીડન્સીને ઇનીંગ્સ અને ૧૮૬ રને હરાવી.
૧૯૧૦–ત્રાયંગ્યુલર–ડ્રોન–ગેમ.
૧૯૧૧–પ્રેસીડન્સીએ પારસીઓને ૧૪૦ રને હરાવ્યા.
૧૯૧૧–પારસીઓએ ત્રાયંગ્યુલરમાં હીંદુઓને ૯ વીકેટે હરાવ્યા.
૧૯૧૨–પારસી ટીમ ચેમ્પીયન.
૧૯૧૩–પારસી ટીમ મોહોમેદન સામે ૧૮ રને હારી.

ક્વાડરેંગ્યુલર મેચની નોંધ.

૧૯૧૪

૧૯૧૫

૧૯૧૬

૧૯૧૭

૧૯૦૫માં નોંધાયલો ૫૦૩ રનનો રેકોર્ડ સ્કોર

૧૯૦૫માં પુના ખાતે પારસીઓએ ૫૦૩ રનનો રેકોર્ડ સ્કોર નોંધાવ્યો હતો જેની સંપુર્ણ નોંધ નીચે મુજબ છે.

પારસીઓનો પહેલો દાવ.

	રન.
૧ ડા. એચ. દી. કાંગા	૨૩૩
૨ જેમી દી. મોદી	૨૬
૩ કેકી એમ. મીસતરી	૮૬
૪ આર. પી. મેહેરહોમજી	૬
૫ દી. સી. દારૂવાળા	૨૯
૬ દી. દી. કાંગા	૭
૭ દાદી એમ. રાજા	૨૫
૮ જે. જે. દુબાશ	૦
૯ ડા૦ પાવરી (નોટ આઉટ)	૨૬
૧૦ કેકી બી. મીસ્રી	૯
૧૧ જે. એસ. વોરદન	૯
પરચુટણ	૪૭
જુમલે	૫૦૩

પ્રેસીડંસીનો દાવ.

	પહેલો દાવ.	બીજો દાવ.
૧ કેપટન ગ્રેગ	૬૬	૪૨
૨ કેપટન રટર	૩	૬
૩ ઓમનટ	૧૦	૧૩
૪ જે. ઓ. ઍરી	૨૩	૨૪
૫ એસ. એન. પાવેલ	૦	૨
૬ કેપટન ફીઅરસી	૦	૪
૭ પ્લુમર	૭	૩
૮ જે. એ. ફ્રીદલ	૦	૮
૯ કીંગ (નોટ આઉટ)	૪	૧૪

૧૦ સ્ટાઇલમેન	૫	૮
૧૧ ગ્રેનજર–લીથસ	૦	૨
પરચુરણ	૧૯	૧૪
જુમલે	૧૩૭	૧૪૦

પ્રેસીડંસીની બોલીંગ એનાલેસીસ.

બોલરનું નામ	ઓવર.	મેદન	રન.	વીકેટ
૧ ગ્રેનજર લીથસ	૧૪	૧	૭૦	૦
૨ લીગ	૧૧	૦	૫૦	૦
૩ કેપટન ગ્રેગ	૧૮	૫	૪૬	૧
૪ સટાઇલિમેન	૩૨	૬	૧૧૩	૪
૫ એસ. એન. પાવેલ	૧૮	૨	૬૦	૧
૬ જે. એ. ફ્રીદલ	૩૬	૮	૯૭	૪
૭ જે. ઓ. ઍરી	૫	૦	૨૭	૦

પારસી ટીમની બોલીંગ એનાલેસીસ (બંને દાવ મળીને)

	ઓવર	મેદાન	રન	વીકેટ
૧ ડા૦ પાવરી	૫	૦	૧૮	૦
૨ કેકી એમ. મીસ્ત્રી	૫૧	૫	૬૪	૩
૩ વોરડન	૩૧	૩	૯૫	૯
૪ કેકી બી. મીસ્ત્રી	૨૭	૬	૪૧	૭
૫ જે. જે. દુબાશ	૭	૨	૯	૧

પ્રેસીડનસી અને કોડરેગ્યુલર મેચ માહેલા જાણવાજોગ રેકોર્ડ.

૧ હોમી દી. કાંગા—૨૩૩ રન (૧૯૦૫)

૨ પારસીઓની રેકોરડ ઇનીંગ્સ ૫૦૩ રન (૧૯૦૫).

(પ્રેસીડંનસીના ૧૮૯૯ ના વરસના ૩૯૮ રનના રેકોરડ કરતાં વધુ)

૩ એમ. આર. જારદીન અને કેપટન જે. જી. ગ્રેગની ૧૮૦ રનની "રેકારડ પારટનરશીપ."

૪ કેકી માણેકશાહ મીસ્ત્રી અને હોમી દી૦ કાંગાની ૧૭૮ રનની પારટનરશીપ.

૫ ડા૦ મેહરવાન ઈ૦ પાવરી અને કેકી એમ મીસ્ત્રીની ૧૬૭ રનની પારટનરશીપ.

૬ મેજર જે. જી. ગ્રેગ-(૧૮૯૭) ૧૮૪ રન.
૭ દી. સી. દારૂવાલા-(૧૯૦૩) ૧૧૩ રન.
૮ મેજર પુર-૧૦૧ રન.
૯ આર. પી. મેહેરહોમજી-૯૯ રન.
૧૦ મેજર ગ્રેગ-૯૮ રન.
૧૧ એચ. ચીધેમ-૯૬ રન.
૧૨ કેકી એમ. મીસ્ત્રી-૯૫ રન,
૧૩ મેજર ગ્રેગ-(૧૮૯૬) ૯૪ રન.
૧૪ મેજર ગ્રેગ-(૧૮૯૬) ૯૪ રન.
૧૫ પ્રેસીડનસીનો સઉથી નાનો સકોર ૨૪ રન-(૧૮૯૪) (મુંબઇ.)
૧૬ પારસીઓનો સઉથી નાનો સકોર ૩૭ રન-૧૮૯૬ (મુંબઇ ખાતે).

૧૭ ચેપલીન......	૧૪૪	પુના ૧૯૦૬
૧૮ મેજર વીગ્રામ.	૮૦	
૧૯ ડા૦ હોમી કાંગા	૮૨	

૨૦ હોમી એફ. મુલ્લાં ૧૫૧ રન (૧૯૦૭)
૨૧ રાજા (સીનીયર) અને મુલ્લાંની પાર્ટનરસીપ ૧૫૫ રન (૧૯૦૭)
૨૨ ૧૯૧૧ માં વોરડને હીંદુ અને પ્રેસીડન્સી સામે ૧૮૮ રને ૨૧ અને વલસાડાએ ૧૬૪ રને ૧૩ વીકેટ લીધી હતી.
૨૩ ૧૯૧૩માં મુશ્તુફએગે ૭ સદી નોંધાવી ૧ હજાર રન કીધા હતા.
૨૪ કેકી. બી. મીસતરીએ ૧૯૦૬ માં પુના ખાતે ૧૨૩ રને ૧૨ વીકેટ લીધી હતી.

વોરડની ૧૦૨.૫ની એવરેજ.

૧૯૧૨માં પારસી ટીમે કોડરેંગલર મેચમાં ચેમ્પીયનસીપ મેળવી હતી જેમાં જે. એસ. વોરડને ૪ ઇનીંગ્સમાં ૩૦૮ રન કરી ૧૧૫ રન નોટઆઉટ સહીત ૧૦૨-૫ની રેકાર્ડ બેટીંગ એવરેજ આણી હતી જયારે ડા. કાંગા ૫૭ થી બીજી અને દીનું દ્રાઇવર ૨૮થી ત્રીજી પદવીએ ઉતરયા હતા.

૧૯૧૧ની નાટોરની ચેમ્પીયન ટીમ.

૧૯૧૧માં નાટોરના મહારાજાની ટીમે કલકત્તા ખાતે રમાયલી ૨૮ મેચમાં ૧૯ મેચ જીતી ૮ મેચ ડ્રોન થવે ચેમ્પીયનસીપ સ્થાપી હતી જેમાં મુંબઇના ક્રીકેટરોની બેટીંગ તથા બોલીંગ એવરેજ નીચે મુજબ ઉતરી હતી.

બેટીંગ એવરેજ.

	ઇનીંગ્સ	કુલ્લે રન.	એવરેજ
પી. શીવરામ	૭	૨૫૪	૪૨.૩૩
એચ આર. મહેતા	૧૧	૨૪૮	૩૧.૦૦
એ. રઝક	૬	૧૨૪	૩૧.૦૦
એમ. ઉમરીગર	૧૧	૨૪૩	૨૭.૦૦
જી. પરશોતમ	૯	૨૦૩	૨૫.૩૭
ઓધડ શંકર	૭	૧૩૮	૨૩.૦૦
એ. મેસી	૧૦	૨૦૭	૨૨.૭૦
કે. સેશાચારી	૭	૯૦	૨૨.૫૦
પી. બાલુ	૬	૮૭	૧૭.૪૦
પી. વીઠલ	૮	૯૩	૧૧ ૮૨
કે. બી. મીસ્ત્રી	૫	૧૦	૨.૫૦

બોલીંગ એવરેજ.

જી. પરશોતમ	૪૬	૬	૧૫૪	૨૬	૫ ૯૨
માહારાજા નાતોર	૧૩૫	૨૨	૪૭૮	૨૧	૨૨.૭૬
પી. શીવરામ	૧૧૮	૧૬	૩૯૮	૨૬	૧૫.૩૦
ઓધડ શંકર	૪૮	૪	૧૧૮	૧૫	૧૨.૫૩
એમ. ઉમરીગર	૧૦૮	૨૪	૨૫૦	૩૧	૮.૦૬
કે બી. મીસ્ત્રી	૧૬૧	૩૦	૪૯૦	૪૭	૧૦.૪૨
જે. એસ. વોર્ડન	૪૪	૫	૧૬૯	૯	૧૮.૭૧
મહમદ	૪૮	૮	૧૨૫	૭	૧૭.૭૧
તલપડે	૫૬	૧૦	૧૧૦	૧૩	૮.૪૮
બાલુ	૧૩૮	૧૯	૪૧૨	૩૨	૧૨.૮૭

નીચલા ખેલાડીઓએ સેનચરીઓ નોંધાવી હતીઃ—

એ. રઝક	૧૦૪
જી. બંડા	૧૩૬
કે. ડાટે	૧૨૫
ઓધડ શંકર	૧૦૭

એમ. ઉમરીગર	૧૨૧
એન. અલી	૧૦૪
જે. મેસી	૧૦૩

૧૯૧૧ની ચેમ્પીયન પારસી ટીમ.

૧૯૧૧ના વર્ષમાં પારસીઓએ ૫મી વાર રમાયલી ત્રાયંગ્યુર મેચમાં ૨૭ વારની જીત મેળવી **ચેમ્પીયનસીપ** ને ધાવી હતી. પ્રેસીડંન્સીના ૮૪ રનના સ્કોરમાં પારસી ફીલદીંગે કંગાલ દેખાવ કરી ૮ કેચ પડતા મેલ્યા હતા. પુનાં ખાંતેની પ્રેસીડંન્સી તેમજ એ ત્રાયંગ્યુલર મેચ મળી પારસીઓની બેટીગ તથા બોલીગ એવરેજ નીચે મુજબ ઉતરી હતી.

બેટીંગ એવરેજ.

રમનારાઓ	ઇનીંગસ	જુમલે રન	સૌથી વધુ રન	નોટ આઉટ	એવરેજ
૧ એફ. પી. કોલાબેવાળા	૨	૫૯	૩૯	૦	૨૯.૫
૨ આર. પી. મહેરહોમજી	૧	૨૫	૨૫	૦	૨૫.૦
૩ આર. ઇ. મોદી	૨	૪૫	૪૨	૦	૨૨.૫
૪ સપલા ચોથીઆ	૫	૧૩૩	૫૮	૦	૨૨.૧
૫ ડા. પાવરી	૨	૪૨	૩૧	૦	૨૧.૦
૬ દીનુ ડી. ડ્રાઇવર	૬	૭૮	૪૨	૧	૧૫.૬
૭ એમ. ડી. ઉમરીગર	૪	૪૫	૧૫	૧	૧૫.૦
૮ પી. કાપડયા	૨	૨૮	૧૮	૦	૧૪.૦
૯ દોલી કાપડયા	૬	૬૭	૪૩	૧	૧૩.૪
૧૦ એમ. ડી. પારખ	૪	૫૩	૨૬	૦	૧૩.૨
૧૧ જે. એસ. વોર્ડન	૩	૨૫	૧૨	૧	૧૨.૫
૧૨ કેનટીનવાળા	૨	૨૧	૧૭	૦	૧૦.૫
૧૩ એમ. બી. વાચ્છા	૨	૧૬	૧૦	૦	૮.૦
૧૪ શહેરી માદન	૩	૧૫	૧૦	૦	૫.૦
૧૫ વલસાડા	૨	૪	૩	૦	૨.૦
૧૬ પીલુ ચોથીઆ	૨	૧	૧	૦	.૫

બોલીંગ એનાલેસીસ.

બોલર.	ઓવર.	રન,	વીકેટ.	એવરેજ,
જે. એસ. વોરડન	૭૯	૧૭૮	૨૧	૮ ૪
એમ. ડી. પારખ	૨૦	૬૦	૭	૮.૫
એમ. ડી. વલસાડા	૭૦	૧૬૩	૧૩	૧૨ ૫

મંચેરશા બટીવાલાનો ૧૬૨ રનનો સ્કોર.

૧૯૧૪ની સીઝનમાં કલકત્તા ખાતે એશીયાટીક પેટ્રોલીયમ કું. તરફથી બજ બજ ક્રીકેટ કલબ સાંમે મંચેરશાહ એમ. બતીવાલાએ ૧૬૨ રનનો સ્કોર નોંધાવ્યો હતો જે એ ગોસમનો કલકત્તામાં નોંધાયલો "Highest individual score" હતો

૧૯૧૨ ની ચેમ્પીયન પારસી ક્રીકેટ ટીમ.

બેટીંગ અને બોલીંગની સંપુર્ણ એવરેજ.

જંગી વોરડનની ૧૦૨.૫ ની યાદગાર બેટીંગ એવરેજ.

૧૮૪૮ માં પારસી ક્રીકેટની સ્થાપના થવા પછી બરોબર ૬૪ મેં વર્ષે યાને ૧૯૧૨ માં તેઓએ પોતાની ક્રીકેટ તવારીખમાં નોંધાયલી આગલાં અનેક વર્ષોની કીર્તીવંત નોધ ઉપરાંત જે અસાધારણ કીર્તી મેળવી ઇગ્રેજ, હીંદુ અને મોહોમેડન ટીમોને આસાનીથી મહાત કરી જે મોટું માન મેળવ્યુ છે તે હીંદુસ્તાનની ક્રીકેટ તવારીખમાં એક આગેવાન જગ્યા લે છે. જે. એસ. વોરડને ૪ ઇનીંગ્સમાં ૧ વાર નોટ આઉટ રહી ૩૦૮ રનના એકંદર જુમલા સાથે ૧૦૨.૫ ની નમુનેદાર બેટીંગ એવરેજ આણી ક્રીકેટ મંડળમાં એક અસાધારણ રેકાર્ડ સ્થાપ્યો છે.

પુનાની પ્રેસીડન્સી તથા મુંબઇની યાદગાર કવોડરેંગ્યુલર મેચમાં રમેલી ચેમ્પીયન પારસી ટીમની બેટીંગ તથા બોલીંગની સંપુર્ણ અને ઉપયોગી નોંધ હેઠળ રજુ થાય છે.

બેટીંગ એવરેજ.

રમનારાઓ–	ઇનીંગ્સ	જુમ્લે રન	વધુ રન	એવરેજ
જે. એસ. વોરડન..	૪	૩૦૮	૧૧૫+	૧૦૨.૫
ડા૦ એચ ડી. કાંગા.	૪	૨૩૧	૧૫૦	૫૭.૭

ડી. ડી. દ્રાઇવર. .૪	૧૧૨	૬૪	૨૮.૦
ડી. કે. કાપડીયા...૪	૮૩	૪૨+	૨૭.૬
પી. ડી. ચોથ્યા...૨	૨૧	૧૬+	૨૧.૦
એમ. ડી. પારખ.૩	૫૪	૫૦	૧૮.૦
શાપુર ગઝદર...૩	૪૭	૩૮	૧૫.૬
જેહાંગીર એલાવ્યા.૩	૩૧	૨૧+	૧૫.૧
હોમી. એફ મુલ્લાં.૨	૨૧	૧૩	૧૦.૫
માણેક વાચ્છા...૧	૪	૪+	૪.૦
જે. એચ. એલ-ચીદાણુ......૪	૧૨	૯	૩.૦
આર. પી. મહેર હોમજી......૨	૫	૪	૨.૫
ડા૦ કેનટીનવાળા ...૧	૨	૨	૨.૦
ડા૦ પાવરી.......૨	૨	૨	૧.૦

+નોટ આઉટ.

બોલીંગ એનાલેસીસ.

	ઓવર	રન	વીકેટ	એવરેજ
ડા૦ એચ. ડી. કાંગા	૩૧	૬૩	૭	૯.૦
એમ. ડી. પારખ...	૧૧૪	૨૬૬	૨૮	૯.૫
ડી. ડી. દ્રાઇવર...	૪	૧૦	૧	૧૦.૦
જે. એસ.. એલાવ્યા.	૯૩	૨૫૩	૨૦	૨૨.૬
જે. એસ. વેરડન...	૨૧	૪૩	૧	૪૩.૧
પી. ડી. ચોથ્યા...	૩	૮	૦	.૮
શાપુર ગઝદર.......	૮	૩૧	૦	.૩૧
માણેક વાચ્છા......	૨૬	૭૧	૦	.૭૧

ઈંગ્લંડ ગયલી હીંદી ટીમ.

એક ચુંટી કાઢેલો મજબુત હીંદી ક્રીકેટ ટીમ ઈંગ્લંડ મોકલવાની યોજના ૧૯૦૩ ના ફેબરવારી માસમાં હાથ ધરવામાં આવી હતી અને જે બાદ તેની અનેક સભાઓ મળ્યા પછી ટીમમાં રમનારાઓ નીચે મુજબ ચુંટી કાઢવામાં આવે એવો સંભવ હતો.

૧ જામ રણજીત અથવા ડા. પાવરી (કેપટન)
૨ કેકી એમ. મીસ્રતરી.
૩ પી. બાલુ.
૪ અદી મેહેતા.
૫ મેહેર હોમજી.
૬ અલી હશન.
૭ સેસાચારી.
૮ ડા. હોમી કાંગા.
૯ જયરામ.
૧૦ હસન ઉલહક્ક.
૧૧ પી. કે. ટેલંગ.
૧૨ દીનશા કાંગા.
૧૩ સફ્કત અથવા વલસાડા.

આ ટીમ મોકલવાની હીલચાલ તા. ૨૬ મી જાનેવારી ૧૯૦૪ માં મળેલી સભામાં બંધ પાડી ત્યાં નીચલો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

"That the finances being in the condition described by the Hon. Treasurer, Mr. A. H. S. Aston, it was not expedient in the opinion of the Committee that the scheme for sending an Indian cricket team to England this year should be further considered, and that therefore the scheme should be abandoned."

આ બાદ, ૭ વર્ષ પછી જાણીતા પરમાર્થી શેઠ રતન જે. ટાટા અને પારસી ક્રીકેટના મુરબ્બી મી. જે. એમ. ફ્રામજી પટેલની કોશેષથી ૧૯૧૧ ના એપ્રેલ માસમાં હીંદી ક્રીકેટ ટીમ ભાઇબંધી ભરેલા એખલાસ અને ક્રીકેટના સુધારા વધારા માટેજ ઇંગ્લંડની મુલાકાતે મોકલવામાં આવ્યો હતો જે ટીમ તા. ૧૫મી સપટેમ્બરે પાછી ફરવા બાદ ટીમના સેક્રેટરી મી. દીવેચાએ બંદર ઉપર આવતાં નીચલા વીચારો રજુ કર્યા હતા જે તા. ૧૫મી સપટેમ્બરના "સાંજવર્તમાન" માં નીચે મુજબ પ્રકટ થયા છે.

મી૦ જીજીભાઈ દીવેચાના જાણવાજોગ વીચારો.

ઓલ ઇંડયા ક્રીકેટ ટીમના કુશળ સેક્રેટરી મી૦ જીજીભાઇ એમ. દીવેચાએ અમારા પ્રતીનીધી સનમુખ આજ દીને સહવારે પોતાની ટુરના અનુભવને લગતો કેટલોક જાણવાજોગ હેવાલ આપ્યો હતો. મી૦ દીવેચાએ બોલતાં જણાવ્યું કે આ ટીમની 'એજયુકેશનલ સ્ટેંડ પોઇંટ' યાને કેળવણીને લગતી ધારણા સંપુર્ણ રીતે પાર પડી હતી. આપણી ટીમને ખચીતજ ઘણો લાભ થયો છે. તેઓએ ઘણો સારો સુધારો કરેલો થોડાજ દીવસમાં જણાઇ આવશે કારણકે તેઓ આવતાંજ અદવાડીયામાં ત્રાયંગ્યુલર મેચોની હરીફાઇમાં ઉતરનાર છે.

હીંદી ટીમની ફીલ્ડીંગ જેવી જોઇએ તેવી સુંદર નહતી. ડઝનબંધ કેચો હીદુઓ તેમજ પારસી અને મુસલમાનોએ એકસરખી રીતે છોડયા હતા. પારસીઓની બોલીંગ વખતે હીંદુઓએ, અને હીંદુ મુસલમાનોની વખતે પારસીઓએ સંખ્યાબંધ કેચો છોડયા હતા. ગમે તે હોય પણ "મોટીવ" યાને ધારણા બાબે ઇસારો કરવો જોઇતો નથી. ટીમમાં કયા ખેલાડીઓ ઉતરે તે બાબે કાંઇક મતફેરી હતી પણ જોઇએ તે કરતાં વધુ સહરાગાત થયેલી દીસે છે.

બેટીંગમાં ડોકટર કાંગાની એવરેજ ૨૯.૦, મીસ્ત્રીની ૨૮.૫૩, ની હતી.

લોર્ડ હેરીસ સાથે મને વાતચીત થતાં મેં એવો ઇસારો કર્યો હતો કે શરૂઆતમાં થોડીક સેકંડ કલાસ કાઉંટીઓ સાથે મેચો ગોઠવાતે તો ઠીક. તેના જવાબમાં લોર્ડ હેરીસે જણાવ્યું કે નહી, તમો તો અનુભવ મેળવવાજ આવ્યા છો, અને નહીં કે ઇંગલંડની કીલ્લેબંધી તોડી પાડવા માટે આવ્યા હતા. ડો૦ ડબલ્યુ. જી. ગ્રેસ, તે ઇંગલંડના વેટર્ન ક્રીકેટર કે જેવણ આ વેળાએ હાજર હતા તેવણે મારા વીચારોને ટેકો આપ્યો હતો કે હા, મી. દીવેચા કહે છે તે ખરૂં છે. કારણકે ચાલુ હારથી ગમે એવા શખસનું પણ દીલ તુટી જાય.

અમારી ટીમ સામે સાત સાત આઠ આઠ પ્રોફેશનલોને ઉતારવામાં આવ્યાં અને તેઓ બોલીગ ચાલુ ટપુસટપુસ કરીને ઉતારી પાડતા હતા. આપણા ખેલાડીઓ પહેલા બોલે ચારનો ફટકો મારીને બીજા બોલે સ્લીપમાં ઝીલાઇ જવાની જે ખામીઓ શરૂઆતમાં દેખાડતા હતા તે તેઓએ પાછળથી સઘળી સુધારી નાંખી હતી. આ કાંઇ જેવો તેવો

અનુભવ ન ગણાય. તેનાજ પરીણામમાં પાછલી મેચો તેઓ જીત્યા હતા. આપણી ઉધરતી ઓલાદને એથી ઘણો ફાયદો મળશે એમ મારી ખાત્રી છે.

ગ્રેટ બ્રીટનમાં ભારે આવકાર.

ઇંગલંડમાં બલકે આખા ગ્રેટ બ્રીટન અને આયરલેંડમાં અમોને ભારે આવકાર મળ્યો હતો. ઇંગલંડની પ્રજા કેટલી ઉદાર હશે કે અમારા માંના કોઇક ૦ મુકતા તોપણ તેઓને "ચીઅર અપ" કરતા અને અમો જીત્યે એવું ઇચ્છતા હતા.

નજદીક આવતી ત્રાયંગ્યુલર મેચમાં સઘળા પારસીઓ તેમજ હીંદુઓ ઉતરે એમ લાગે છે. ટીમની કેળવણીને લગતી નેમ તદ્દન સંપુર્ણ ફતેહ મેળવી શકી છે. જો મીસ્ત્રી, કાંગા, બજાના, પ્રીનસ ગાયકવાડ ખેલતે તો સ્કોટલેંડની સઘળી મેચો સહેલાઇથી મોટા સ્કોરો સહીત જીતતેજ જીતતે.

સામટી રીતે લેતાં હીંદી ટીમે ઇંગ્લંડની પ્રજા ઉપર ઘણો સારો છાપ બેસાડયો છે અને તે એટલે સુધી કે ઇંગ્લંડના ઘણાક આગેવાન ક્રીકેટરો તો એમ જણાવતા હતા કે સાઉથ આફ્રીકનો તેમજ ઓસ્ટ્રેલીઅનો પહેલ વહેલા ઇંગ્લંડ આવ્યા હતા ત્યારે તેઓએ હીંદી ટીમનાં કરતાં પણ વધુ કંગાલ દેખાવ કર્યો હતો.

ટીમનું ફીક્ષચર અને નોંધાયલી હાર-જીત.

હીંદી ટીમ સામે રમનારી કલબ, હારજીતનું પરીણામ.

૧	ઓક્ષફર્ડ (યુનીવરસીટી)	૮ વીકેટે હાર.
૨	સાઉથ વેલ્સ	૭ વીકેટે હાર.
૩	એમ. સી. સી.	૧ ઇનીંગસ અને ૧૬૮ રનથી હાર.
૪	કેમબ્રીડજ (યુનીવરસીટી)	૧ ઇનીંગસ અને ૭૧ રનથી હાર.
૫	વૉરીક	૧૦ વીકેટથી હાર.
૬	લેંકેશાયર	૯ વીકેટથી હાર.
૭	સટેફર્ડશીયર	૫ વીકેટથી હાર.
૮	સરે	૬ વીકેટથી હાર.
૯	કેંટ	૯ વીકેટથી હાર.
૧૦	નોરધેમટન	૬ વીકેટથી હાર.
૧૧	યૉરકશીયર	ઇનીંગસ અને ૪૩ રનથી હાર.
૧૨	લીસ્ટરશીયર	૭ વીકેટથી જીત.

૧૩	સોમરસેટશીયર	૧ વીકેટથી જીત.
૧૪	લીંનકનશાયર	૧ ઇનીંગસ અને ૫૦ રનની જીત.
૧૫	ડરહામ	૮ વીકેટની જીત.
૧૬	નોરધમબરલેંડ	૧ વીકેટની હાર.
૧૭	નોર્થ ઓફ સ્કોટલેંડ	૧ ઇનીગસ અને ૧૩૯ રનની જીત.
૧૮	સ્કોટીશ ક્રીકેટ યુનીઅન	ડ્રોન.
૧૯	સ્કોટીશ કાઉંટીઝ	૨ વીકેટની હાર.
૨૦	નોરધર્ન ક્રી૦ યુન્યન	૧ ઈનીગસ અને ૨૩૩ રનની જીત.
૨૧	વુડબ્રુક	૩૬ રનની હાર.
૨૨	સસેક્સ	૧૦ રને હાર્યા.
૨૩	ગલુસ્ટરશાયર	ડ્રોન.

આ મુજબ હીંદી ટીમ પોતાના ફીક્ષ્ચર મુજબ સઘળી મળી **૨૩** મેચ રમી છે જેમાં તેણે **૬** મેચમાં **જીત** મેળવી છે, **૧૫** મેચ **હારી** ગઇ છે અને **૨** મેચ ડ્રોન થઈ છે.

બેટીંગના જાણવાજોગ સ્કોર.

ડા. હોમી કાંગા—સરે સાંમે ૭૩, નોરધમટન સામે ૬૫ લીસટર સાયર સામે ૧૬૩ અને લીંકનશાયર સામે ૮૧ રન.

મહેર હોમજી—કેંટ સામે ૮૪, લીસ્ટરસાયર સામે ૮૬, નોરધમ બરલેંડ સામે ૧૧૭. નોર્થ ઓફ સ્કોટલંડ સામે ૧૫૦, નોર્થ ઓફ આયરલંડ સામે ૯૬.

શીવરામ—વોરીકશાયર સામે ૯૧, લીસ્ટરશાયર સામે ૮૫, સોમરશેટ શાયર સાંમે ૧૧૩ (નોટ આઊટ), લીકનસાયર સામે ૧૭૫.

જયરામ—સરે સામે ૫૭, યોરકશાયર સામે ૫૩, વુડબ્રુક સામે ૭૮.

બજાંનાં—સોમરસેટશાયર—સામે ૧૦૮.

સલામુદીન—ડરહામ સામે ૮૫ અને નોર્થ ઓફ સ્કોટલંડ સામે ૧૨૦.

વોરડન—નોરધમબરલેંડ સામે ૧૧૬.

ફ-તેહમંદ બોલરો.

બાલુએ ટુર દરમ્યાન લગભગ ૧૦૦ વીકેટ લીધી છે અને વોરડન લગભગ તેની પુઠે એવીજ એનાલીસીસ સાથ આવ્યો છે.

હીંદી ટીમની સંપુર્ણ એવરેજ.

ઇગ્લંડ માંહેલી હીંદી ક્રીકેટ ટીમની ૨૩ મેચની બેટીંગ તથા બોલીંગને લગતી વીગતવાર એવરેજ નીચે મુજબની છેઃ—

રમનારાઓ.	ઈનીંગસ.	નોટ આઉટ.	જુમલે રન.	એવરેજ	સઉથી વધુ રન.
૧ કેકી મીસ્ત્રી	૬	૦	૧૮૮	૩૧·૩૩	૭૮
૨ ડા. કાંગા	૩૩	૩	૮૮૬	૨૯·૫૩	૧૬૩
૩ મહેર હોમજી	૪૩	૦	૧૨૨૭	૨૮·૫૩	૧૫૦
૪ શીવરામ	૩૬	૨	૯૩૦	૨૭ ૩૫	૧૭૫
૫ સલામુદીન	૩૯	૯	૭૦૧	૨૩·૩૬	૧૨૯
૬ વોરડન	૪૩	૧	૯૨૮	૨૨·૦૯	૧૧૭
૭ જયરામ	૨૮	૦	૬૦૭	૨૧·૬૭	૮૧
૮ પ્રીન્સ શયાજીરાવ	૬	૦	૧૦૯	૧૮·૧૬	૨૫
૯ પતીઆળાના મહારાજા (કેપ્ટન)	૬	૦	૧૦૭	૧૭·૮૩	૪૭
૧૦ બજાંના	૧૩	૦	૨૨૫	૧૭·૩૦	૧૦૮
૧૧ મુલ્લાં	૩૬	૩	૪૩૦	૧૩·૦૩	૯૮
૧૨ બાલુ પી.	૩૮	૩	૪૮૦	૧૨·૮૬	૫૫
૧૩ શફકતહુશેન	૨૭	૪	૨૩૪	૧૦ ૦૭	૪૨
૧૪ સઈયદ હુશેન	૨૨	૬	૧૦૮	૬·૭૫	૨૭
૧૫ વલસાડા	૩૨	૧૦	૧૪૬	૬ ૬૪	૨૪
૧૬ પઇ	૧૨	૦	૬૮	૫·૬૬	૨૪
૧૭ સેસાચારી	૩૦	૧૦	૧૦૦	૫·૦૦	૧૩

બોલીંગ એનાલેસીસ.

	ઓવર.	મેડન.	રન.	વીકેટ.	એવરેજ.
બાલુ	૭૧૭	૧૧૪	૨૧૫૧	૧૧૫	૧૮·૮૬
વોરડન	૬૪૨	૧૨૨	૧૯૩૦	૯૪	૨૦·૫૩
સલામુદીન	૬૦૯	૧૨૭	૧૭૮૦	૭૩	૨૪·૩૮
વલસાડા	૩૧૩	૬૧	૯૪૩	૩૮	૨૪·૮૧
ડા૦ કાંગા	૭૬	૭	૩૧૫	૧૧	૨૮·૬૩
શફકત	૧૦૦	૧૨	૪૧૪	૧૨	૩૪·૫૦

હીંદી ટીમે ટુર દરમ્યાન એકંદર ૯ સદી નોંધાવી હતી, જેઓ સામે હરીફોએ ૧૧ સદી કરી હતી.

ઈંગ્લંડ અને હીંદુસ્તાનનું બોલીંગ બળ.

ઈંગ્લંડ ગયલી હીંદી ક્રીકેટ ટીમનો મારો અનુભવ.

લખનાર—J. S. Warden.

૧૯૧૧નાં વર્ષમાં છ માસના પ્રવાસે ઈંગ્લંડ ગયલી હીદી ક્રીકેટ ટીમના એક રમનાર તરીકે મને ત્યાં જે અનુભવ મળ્યો છે તે મારાથી કદી પણ વીસરાય એવો નથી. માત્ર બોલીંગનોજ એક વિભાગ લઇએ. મારા અનુભવ મુજબ બોલીંગના બાબમાં હીદુસ્તાન કોઈપણ દીવસે ઈગ્લંડની બરોબરી કરી શકશે નહી.

આપણે ત્યાં ગણત્રીના ૪ થી ૬ બોલરો છે જેઓને class bowlers ના ભપકાભરેલા નામથી આજકાલ પસાર કરવામાં આવે છે, જ્યારે તેઓ ઉપરાંત બીજા અચ્છા બોલરો શોધ્યા જડવા મુશકેલ છે.

આપણો કહેવાતો class bowler માત્ર કાંઇક અપવાદ સિવાય ઈગ્લંડનાં બીજા વર્ગના બોલરોની પદવીએ ઉતરી શકે, કે જેઓ ખરૂં કહીએ તો ઇંગ્લંડની બીજા વર્ગની કાઉન્ટીના માત્ર change bowlers સમાન છે.

આપણામાં class બોલિંગ જેવું કશું નથી.

ક્લબની કમીટીવાળાઓ રૂઠા કુઠા બોલરોને આજે મોટી ઉકમાઇ સહીત વર્ત્તમાન પત્રોમાં દાચાં ટુટી જાય એવાં અનેક વિશેષણોથી જ્યારે બાહેર પાડે છે ત્યારે તેવાઓની અક્કલ ઉપર કમનશીબે આપણને હસવું આવે છે. આપણી અત્રેની સાધારણ ક્લબનો એક સાધારણ બોલર કોઇ પણ જાતની તપાસમાં ઉતર્યા વિના મોટી મેચમાં દાખલ થઇ શકે છે, જ્યારે ઈંગ્લંડમાં તેનો મામલો જુદીજ પંક્તિએ આવી ઉભો છે, અને એક ફ્સ્ટ ક્લાશ બોલર થવા આગમજ તે બાપડાને જુદી જુદી તપાસ માંહેથી પુખ્ત રવેશે પસાર થવું પડે છે.

ઈંગ્લંડના ક્રીકેટરોનો મુદ્રાલેખ Trial after trial નો છે. તેઓને પહેલાં કરતાં બીજે અને બીજા કરતાં ત્રીજે વર્ષે ચાલુ અને ચઢીઆતો ફોર્મ દેખાડવો પડે છે. જ્યારે આપણે આપણી લોકલ ક્રીકેટ ક્લબોના કહેવાતા ચઢીઆતા પ્રકારના બોલરોને એકજ વર્ષમાં મોટી મેચમાં (lift) ટેકો આપવાની દોડાદોડીમાં પડયે છીએ. ઈંગ્લંડમાં તેવું કશુંએ નથી.

આપણા ક્રીકેટરોને એકદમ ચઢાવી આપવાની ગેરવાજબી રૂઢી વખોડી કાઢવા જોગ છે. ઉધરતા અને પહેલા વર્ગની ક્રીકેટને લગતું તેજી ખમીર દેખાડનારા ક્રીકેટરોને બાહેર લાવી વખતસરનો ટેકો આપવાની ફરજ છે, પણ તેથી એમ નથી ઠરતું કે જે ગુણો અને લાયકાત એક ક્રીકેટર ધરાવતો ન હોય તે છતાં તેને મોહબતના મેળાપને લીધે ઉલટા અને સહરાગાત ભરેલા આકારમાં રજુ કરવો. આજે વર્તમાનપત્રોની કટારોમાં બે ત્રણ ચાન્સના ભોગે ત્રીજા વર્ગની બોલીંગ સામે ૨૫ રન કરનારા ક્રીકેટરો માટે નજીક અરધો ડઝન વિશેષણો લગાડેલા વાંચવામાં આવે છે અને તેની ૧૭૦ સેકન્ડની બેટીંગને મનહર, મોહક, મનોરંજક વગેરે અને કાઉન્ટી ક્રીકેટરને માટેબી લખવામાં નહિ આવે એવી તારીફથી વધાવી લેવામાં આવે છે. આવી પંક્તિના ક્રીકેટરો પોતાની કહેવાતી સ્ટાઇલીશ અને મરોડદાર રમતથી વારંવાર ૨૦ થી ૨૫ રનનો કીમતી ફાળો આપનારા ફુલણજીઓ હોય છે.

આવાં મતલબીઆં અને કાચાં લખાણની ધુંધમાં ક્રીકેટ મંડળ આજે અમુક ક્રીકેટરની ક્રીકેટ ઉપર પુરતો ભરૂસો ન રાખતાં તેની તરફ શકની નજરે જુએ છે.

આવા ક્રીકેટરો જો પોતાની કાચી હાલતમાં બાહેર પડે છે તો તેઓ મોટી મેચમાં પહેલીજ તકે દીવાળું કાઢી સદાના અંધકારમાં જઇ બેસે છે, અને તેવા દાખલાઓ આપણી પાસે મોજુદ છે. પહેલા વરસનો તેનો કાચો અનુભવ જોઇતું સંગીન પરીણામ નીપજાવી શકે એમ ન હોવાથી તેની બીજે વરસે પુખ્ત તપાસ થયા બાદ જો બોલીંગની યા બેટીંગની સેવા માટે તેને મોટી મોટી મેચમાં બાહેર પાડવામાં આવે તો તેને પ્રકાશીત થવાના પોતાના વધુ અનુભવને આધારે ઝાઝા સંજોગો રહે છે.

ઈંગ્લંડની ક્રીકેટ ભુમીના મારા અનુભવનો આ વાતમાં નજરે પડેલો એક જાણવાજોગ દાખલો આપું. સોમરસેટ કાઉન્ટીનો ટેસ્ટ મેચમાં જાણીતો થયલો રમનાર L. C. Braund છે, કે જેણે ઈંડીયન ટીમ સામે સોમરસેટ કાઉન્ટી તરફથી સદી નોંધાવી હતી અને જે આજે ઈંગ્લંડનાં All round player તરીકે તથા સ્લીપના ચુનંદા ફીલ્ડસમેન તરીકે જાણીતો છે તે પહેલાં ૧૮૯૨ માં સરે કાઉન્ટીના Oval Ground staff માં જોડાયો હતો, જ્યાંથી તે ૧૮૯૬ માં સરે તરફથી **બીજા વર્ગની** કાઉન્ટીઓ સામે ચુંટી કાઢાયો હતો. આ મુજબ સરે કાઉન્ટીની

ફર્સ્ટ ઇલેવનમાં તેની લાંબો વખત સુધી જગ્યા થઇ ન શકવે તે ૧૮૯૫ માં સરે છોડી સોમરસેટ કાઉન્ટીમાં દાખલ થયો, જ્યાં તેને ૧૯૦૧ ના વરસમાં પહેલા વર્ગની મેચમાં લેવામાં આવ્યો, અને તેણે તે વરસે ઓસ્ટ્રેલિયનો સામે ડા૦ ગ્રેસની ટીમ તરફથી ૧૨૫ રન કરી તેજ મોસમમાં પોતાની કાઉન્ટી તરફથી ૧૫૮૭ રન કરી ૧૨૦ વીકેટ લીધી હતી. પોતાના આગલા પુખ્ત અનુભવનું આ પરીણામ હતું જે બાદ તેણે ૧૯૦૨ માં ૧૪૩૨ રન કરી ૧૭૨ વીકેટ ઉડાડી હતી. અને ૧૯૦૩ માં ૧૪૨૩ રન અને ૧૩૪ વીકેટ લેવા ઉપરાંત તે આજ સુધી દર સીઝનમા ૧ હજાર કરતાં વધુ રન કરી ૧૦૦ કરતાં વધુ વીકેટ લેતો જાય છે. આ ક્રીકેટરે ૧૦ વરસમાં ૩૦ કરતાં વધુ સદી નોંધાવી છે. આ દાખલો દેખાડે છે કે જો બ્રાન્દને સરે તરફથી અનેક વર્ષો સુધી ન લેવામા આવતાં તેની કાચી ક્રીકેટમાંજ પહેલા વર્ગની મેચમાં હડસેલી દેવામાં આવ્યો હતે તો આજે ઇગ્લંડનો એક All Round Player સદાનો અંધકારમાં ગુમ થયો હોત. મેદાનના ક્રીકેટરોમાં પહેલા વર્ગની મેચોનું તત્વ ધરાવનારાઓ બહુ જુજ ક્રીકેટરો આપણા જોવામાં આવે છે જેઓની ક્રીકેટ પુખ્ત કોચીગ અને ખંતીલી પ્રેકટીશની ગેરહાજરીમાં ખીલી નીકળતી નથી. તેઓને એકઠા કરી પારસી જીમખાના યા મેદાનની ખાસ ‘પ્રેકટીસનેટ’ ઉપર ત્રણ વરસ સુધી ખંતીલી તરબીયત આપવામા આવે તો પહેલા વર્ગની મેચો માટેનો પાક આપણને મળી શકે આ સીલેકશનમાં માત્ર ૧૦-૧૨ નવા ઉધરતા અને સારી આશા આપનારા ક્રીકેટરોજ આમેજ કરી તેઓને ઇંગ્લંડમાં ચાલતુ આવે છે તેમ અમુક કલબ યા જીમખાના તરફથી બળવાન ટેકો, ઉત્તેજન અને સગવડ આપવામાં આવે તો હું ધારૂં છું કે class bowling અને batting તેના ખરા રૂપમાં પારસી ક્રીકેટરોમાં આવી શકે.

ઇંગ્લંડની રંગભૂમિ ઉપર શેઠ રતનજી જમસેદજી ટાટા અને મી. જે. એમ. ફરામજી પટેલની દીલસોજી ભરેલી કોસેષનાં પરીણામ તરીકે હીંદી ક્રીકેટ ટીમે જે ઉમદા છાપ મેળવ્યો છે તે હું અને મારા બીજા ગોઠ્યાઓ જીંદગી સુધી વીસરીએ એમ નથીજ.

સર દોરાબ ટાટા શું કહે છે.

હસ્તીમાં આવેલું “સ્પેન્સર શીલ્ડ” પહેલીવાર ૧૮૬૭માં સ્થપાયલી પુરાણી યંગ ઝોરાસ્ટ્રીયન ક્રીકેટ કલબે જીત્યું હતું જે એનાયત કરતી વખતે

શનીવાર તા. ૧૦મી ડીસેમ્બર ૧૯૧૦ના દીવસે એલફીસ્ટન ક્રીકેટ કલબ માં ભેગા મળેલા મેળાવડામાં સર દોરાબ જમસેદજી ટાટાએ નીચલું યાદગાર ભાષણ કરી પોતાના વિચારો નીચે મુજબ જણાવ્યા હતા

આવા એક ખુશી ભર્યા મેળાવડાનું પ્રમુખસ્થાન લેવાને તમોએ મને બોલાવ્યો તે માટે હું તમારો ઘણો ઉપકારી થયો છુ અને ડા. દાંત્રાએ મારી આજની હાજરી વીશે સારા સખુનોમાં જે ઇશારો કર્યો છે અને તેને તમોએ જે ખુશીથી પ્રતીઉત્તર આપ્યો છે તે માટે હું તમારો ઘણો આભારી છું આ કલબના એક પુરાણા સભાસદ તરીકે તેમજ મારા મરહુમ મીત્ર શાપુર સ્પેન્સરના એક આગલા ગોઠીયા તરીકે આજની ક્રીયાનો આરંભ કરતાં અને સપેનસર કપને પહેલવહેલી વાર એનાયત કરતાં મને ઘણી ખુશાલી પેદા થાય છે. ગ્રહસ્થો, તમો જાણો છો કે મેબી મારા વખતમાં પારસી ક્રીકેટની અંદર કંઇ ભાગ બજાવ્યો છે ડા૦ દાંત્રાએ હમણા આ ચેલેંજ કપ મારફતે કલબોની અંદર તનદરોસ્ત હરીફાઇ થવાની જે બીના કહી છે તે ઉપરથી હું કહુ છું કે પ્રથમથીજ જે મારા દીલની મોટામાં મોટી ઉમેદ હતી તે હવે એક રીતે બર આવતી હું જોઉં છું. પારસી ક્રીકેટની શરૂઆતના તબક્કામાં આવી કીસમની ક્રીકેટ હરીફાઇ કરાવતા જબરદસ્ત મુશકેલીઓ નડતી હતી. મરહુમ સોરાબજી બંગાલી જેવા પારસી ક્રીકેટના પેટરનનુ નામ યાદ કરવામા આવ્યું છે તેથી હું ખરેખર ખુશી થયો છું. કેમ જે પારસી ક્રીકેટની અત્યાર સુધીમાં કોણુ કોણે, શુ અને કેવી ઉપયોગી સેવાઓ બજાવી છે તે આજની ઉભરતી ક્રીકેટ ઓલાદ બરાબર જાણતી નથી મરહુમ સોરાબજી બંગાલીએ પારસી ક્રીકેટને ખીલવવા માટે પ્રાઇઝ મેચો રમાડવાનું શરૂ કર્યું. તે વખતથીજ—એટલે પ્રથમથીજ—હું ક્રીકેટરોને પઇસાના આકારમાં ઇનામો આપવાની રૂઢીની સખત વીરૂદ્ધ હતો કેમ જે એથી ક્રીકેટ જેવી મરદાનગી ભરી રમતમાં પ્રોફેશનલ તત્વ દાખલ થઇ જવાનો સંભવ રહે છે. પણ આજે મારી નજરે આ સુંદર કપને જોઇને અને તમોએ છેલ્લીસીઝન દરમ્યાન હળીમળીને જે ઢપે મેચો ખેલી છે તેની હકીકતો સાંભળીને હું અત્યંત સંતોશ પામ્યો છું કે હવે પારસી ક્રીકેટરો આ રમતને તેના ઉમદા ગુણોને માટેજ રમતા શીખ્યાં છે પારસી ક્રીકેટની તવારીખમાં આ એક નવો સફો શરૂ થયો છે અને તેની આગેવાની લઇને તે કામ હાર પાડવા માટે પુરાણી એલફીનસ્ટન ક્રીકેટ કલબને દરેક શાબાશી અને દરેકને માન ઘટે છે. (તાલીઓ.)

ગ્રહસ્થો, તમારી ક્લબનાં પ્રમુખે પોતાના ભાષણમાં ક્રીકેટની રમત માટે આગલા દાયકાઓમાં જે અભાવ રાખવામાં આવતો હતો તે બાબે વીવેચન કર્યું છે. મારા પોતાના અનુભવ ઉપરથી એવણુના બોલવાને હું સંપુર્ણ રીતે મળતો થાઉં છું. આગલા વખતમાં આપણા જવાન્યાઓ પોતાની સ્કુલો કરતાં ક્રીકેટના મેદાન માટે લગાર વધારે પ્રીતી ધરાવતા હોવાથી તે જમાનાનાં માબાપો ક્રીકેટ ગમ એક જાતના અણગમાથી જોતાં હતા. એક દાખલો આપીશ. પુરાણા વેટર્ન હીંદુ ક્રીકેટર દેવીદાસનું નામ તમને જાણીતું છે. એ હીંદુ રમનાર જ્યારે નાનો હતો ત્યારે ક્રીકેટ પ્રત્યે એવી મોહીની ધરાવતો હતો કે ઘણીવાર મેચો જોવા જવા માટે સ્કુલમાંથી સટકી જતો. એક દહાડે તેના પીતા તેને સ્કુલમા જોવા ગયા. ત્યાં દેવીદાસ શેઠ હતા નહી–એટલે તે બાપ મેદાનમા પોતાના ચીરંજીવને ધુંડવા આવ્યો. દેવીદાસે જોયું કે બાપા આવ્યા એટલે પોતાના જીવની જાણે સલામતીને ખાતર એક કુવાની અંદરના પગઠીયાને વળગીને બાપાજી ગયા ત્યાં સુધી ટીગાઇ રહ્યો ! (ભારે હસાહસ.) આજનો જમાનો બદલાયો છે. આજે તો બાપાજીઓ પોતાના દીકરાને મેચો રમતા જોવા માટે ખાસ મેદાનમાં ઉકમાઇ સાથે જાય છે. (તાલીઓ) હું ધારૂં છું કે આગલા હાજર રહેલાઓમા ઘણાક જવાન ઉધરતા ક્રીકેટરના પીતાઓ હાજર હશે બલકે કદાચ કોઇ મોટાબાવાઓ હાજર હોય તો હું અજબ થઇશ નહીં. (હસાહસ અને તાલીઓ), ડા૦ દાંત્રાએ મરહુમ શાપુર સ્પેનસરના એક સ્પોર્ટસમેન તરીકેના ગુણોની તારીફ કરતા એ રમનારની ઉલટ, કાળજી, ખંત વગેરે માટે જે કાંઇ કહ્યુ છે, તેમાં એક બોલબી એવણે વધારે કહ્યો નથી. મરહુમ શાપુર સ્પેનસરની સ્પોર્ટસમેન–લાઇક ખાસયતો હું બરાબર તપાસતો આવ્યો હતો. મરનારમાં એક મોટો ગુણ એ હતો કે દરેક રમત માત્ર ખાલી ઉપર ટપેકથી નહી ખેલતાં તે તેની "થીઅરી"ને માટે ખેલતો હતો. પોતાની ક્રીકેટની ખીલવણીબી તેણે એમજ કરી હતી. રમતના દરેક વીભાગનો પુખ્ત અભીઆસ કર્યા પછી તે એક તદ્દન નાની શરૂઆત ઉપરથી વધી પારસી ટીમનો કેપટન થવા પામ્યો હતો. તમો જવાન્યાઓને હું ખરા આગ્રહથી સલાહ આપુ છું કે તમેબી જો તમારી કોઇબી રમત જો વધારવા ચાહતા હોવો તો બારીકીથી તેની "થીઅરી"નો અભીઆસ કરીને પછીજ આગળ વધવા માંગજો. મને પારસી ફીલ્ડીંગને માટે બે બોલ કહેવા છે. આગલા જમાનાની પારસી ફીલ્ડીંગ હવે હું

જોતો નથી. કેમકે અગાઉની કાની "ટાંપ-એંડ-રન" અને થ્રી-મીસ" જેવી રમત રમીને ફીલ્ડીંગ સુધારવાની ઉલટ આજના જવાન્યાઓ રાખતા નથી. ઉતમ ફીલ્ડીંગથીજ આપણે ક્રીકેટમાં નામ કહાડયું છે અને સારી ફીલ્ડીંગથીજ આપણે હજી આગળ વધીશુ. (તાલીઓ) ગ્રહસ્થો આપણી સામે પડેલું સ્પેનસરકપ મને આગલા દાયકાઓની સ્કુલ ક્રીકેટની કંઇ યાદી આપે છે. ડા. દાંતરાએ કહ્યુ છે તેમ આ કપ મારફતે સ્કુલ ક્રીકેટનેબી કાંઇ ઉચકો મળે એવો દરેક સંભવ છે. મારો પહેલો ખ્યાલ પારસી ક્રીકેટરોનું એક એસોસીએશન સ્થાપવાનો જ્યારે અનેક સંજોગોને લીધે અમલમાં મેલી શકયો નહી ત્યારે અંતે અમે લોકોએ સ્કુલ ક્રીકેટથી શરૂઆત કરવાનો ઠરાવ કીધો અને તે માટે તમો સઘળાઓ જાણો છો તેમ એથલેટીક સ્કુલ એસોસીએશન અમોએ સ્થાપી. આ સ્કુલ એથલેટીક એસોસીએશન હમણાં ઘણું ઉપયોગી કામ બજાવે છે પણ હું જોઉ છું કે જે ખ્યાલના બીયાં તરીકે એ એસોસીએશન સ્થપાઇ હતી તે ખ્યાલને હવે આ સ્પેનસર કપ મેચોની તંદુરસ્તીભરી હરીફાઇ મારફતે મેદાનની લોકલ કલબોએ પુખ્ત કર્યો છે. આ સ્પેનશર કપથી ડા૦ દાંત્રાએ કહ્યું છે તેમ એક મોટી ક્રીકેટ બદીનો અંત આવી જશે, અને તે કોમન મેંબરોની બદી છે એથી ઘણા નવા રમનારાઓને બાહેર આવવાની જોગવાઈ મળશે અને તે પારસી ક્રીકેટ માટે એક મોટી આશા આપનારી વાત છે. ગૃહસ્થો અહી મારે એક અગત્યની પોઇંટ ઉપર કાંઇ બોલવુ છે. પારસી ક્રીકેટરોની અંદર એક સાધારણ નબળાઇ તરફ અવલથીજ હું નાખુશી સાથ જોતો રહયો છું, અને તે એ કે જુના ડોબાંઓ બનતા સુધી વખત આવવે ખસતા થઇ જઇ સારા લાયક કોલટોને માટે જગ્યા કરી આપવાને હમેશ આનાકાની કરતા રહ્યા છે એવું મેં અનુભવ્યું છે. જ્યાં સુધી તમો નવું તાજું લોહી તમારી રમતમાં આમેજ કર્યા જાવો નહી ત્યાં સુધી તમારી ક્રીકેટ આગળ વધવાની નથી જુનાં ડોબાંઓ જો મોનોપોલીજ લઈ બેસે તો નવા ઉધરતા રમતીયાલોને ખીલવાનો ચાન્સ મળેજ કયાંથી ? એના સબંધમાં એક યાદ રાખવાજોગ બનાવ અહી દર્શાવવાની જરૂર જોવું છું. પહેલી પારસી ટીમ જ્યારે વીલાયત ગઇ ત્યારે અહી આપણે બોએ જીમખાના સાથે જે મેચો રમતા હતા-કેટલીવાર જીતીને અને કેટલીવાર ચંપો ઝીલીને રમતા હતા-તે માટે લાયક રમનારાઓ કયાંથી મેળવવા તેની મોટી મુઝવણ આવી પડી. પણ હીંમત ધરીને કેટલાક નવા વછેરાઓ બાહેર

પારસી અને દેશી ક્રીકેટમાં આખા મુંબઇમાં સૌથી પુરાણી યાને ૪૭ વર્ષની ક્રીકેટ કલબ તરીકે મેદાનની યંગ ઝોરાસ્ટ્રીયન ક્રીકેટ કલબ આજ સુધી મગરૂરી સહીત પોતાની ક્રીકેટ–કીર્ત્તી જાળવતી રહી છે. મી. શાપુરદાર ફ્ટાકીઆ પછી તેના પીતા તરીકે મી. જીજીભાઇ ભીમજી બીલીમોરીયા ૧૮૬૭ માં સ્થપાયલી આ કલબને તેનાં હાલના પ્રમુખ મી. માણેકજી પેસતનજી ભરૂચાની કાળજી હેઠળ આગળ વધારતા રહ્યા છે.

બીજી પુરાણી કલબોમાં એલફીન્સટન, બેરોનેટ, જોન બ્રાઇટ, (મરીન) અને (એસપ્લેનેડ) લીબરલ, પરશીયન, પારસી બેરોનેટ વગેરે છે જે સાથે એલાયન્સ, ઇમપીરીયલ, નોર્થબ્રુક, સાસાનીયન, પારસી બેરોનેટ વગેરે કલબો પોતાના ફાળા આપતી રહી છે.

The 27th August 1892 saw the first Presidency Parsee cricket match. The game was drawn owing to rain, though every effort was made to drain the ground by means of fire engines. It may, be interesting to see the names of those who played The Presidency representatives were E. E. Steel, Colonel Rhodes, F. L. Sprott, Capt Poore, Dr. Trask, Lieut. Lowis, W. George, Capt Newnham Capt, Cox and F. J. Clarke. For the Parsees M. E. Pavri, M D. Kanga, R. D Cooper, B. D. Gagrat, D. D Kanga, R. E. Mody, D. E. Mody, N. C. Bapasola, S. B. Spencer, D. F. Dubash, and D. N. Writer. In 1893 J. G. Greig made his first appearance.

ડા. પાવરી જ્યુબીલી મેડલ.

કીર્તિવંત પારસી ક્રીકેટર ડા એમ. ઇ પાવરીએ કેપટન તરીકે પોતાની ૨૫ વર્ષની "સીલ્વર-જ્યુબીલી" ઉજવી હતી જેની યાદમાં લગભગ રૂા. ૪ હજારનું ફંડ પારસી જીમખાનાની કારસાજી હેઠળ ઉભુ કરવામા આવ્યું હતું. આ ફંડ માંહેથી પારસી જીમખાનાના પેવીલીયનમા ડા પાવરીનો મનહર ફોટોગ્રાફ ખુલ્લો મેલવામાં આવ્યો હતો તેમજ મોટી મેચ માટે બોલીગ તથા બેટીગના સારા દેખાવ કરનારા પારસી ક્રીકેટરને ભેટ આપવા અર્થે બે સોનાના ચાદો વાર્ષીક એનાયત કરવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. આ ચાદો જીતનારાઓનાં નામો નીચે મુજબ છે.

૧૯૧૧

બોલીંગ બેટીંગ

જે. એસ. વોરડન. એસ. એમ. ચોથીઆ.

૧૯૧૨

બોલીંગ

બેટીંગ

એમ. ટી. પારખ. જે. એસ. વોરડન.

૧૯૧૩

બોલીંગ

બેટીંગ

કોઇ નહી. કોઇ નહીં.

ડા. હાંગાને—" ઓલ રાઉન્ડ પરફોરમન્સ " માટે.

૧૯૧૪

બોલીંગ | બેટીંગ

૧૯૧૫

બોલીંગ | બેટીંગ

૧૯૧૬

બોલીંગ | બેટીંગ

૧૯૧૭

બોલીંગ | બેટીંગ

૧૯૧૮

બોલીંગ બેટીંગ

ક્રીકેટ પીચ અને તેને લગતું વીવેચન.

બાજે વખત વર્ત્તમાનપત્રોની કટારોમાં રમુજ સહીત આપણે વાંચના રહીએ છીએ કે નીચલી મેચ ફલાણી ચીની કલબની **સુંદર પીચ** ઉપર રમાનાર છે. આવો હસવા સરખો છબરડો ચાલુ રહેવો જોઇતો નથી. સુંદર પીચ જેવો શબ્દ ક્રીકેટ તવારીખમાં વપરાતો નથી, સુંદર પીચનો અર્થ ક્રીકેટ–ડીક્ષનરીમાં મળી શકે એમ નથી ક્રીકેટના અનુભવીઓ મેચ દરમ્યાન સુંદર પીચની સરખામણી કેઠે પણ આપતા નથી. ટુંકમાં લખાએ તો એ શબ્દ વાપરવો કઢંગો અને અર્થ વીનાનો છે. એક સ્ત્રી દેખાવમાં સુંદર હોય, ખીણ અને ડુંગરા ઉપરની લીલોતરી સુંદર ગણાતી હોય, કુદરતના આકાશી દેખાવો સુંદર જણાતા હોય તો તેથી કરી રમ્યા વગરની લીલોતરીવાળી પીચને સુંદર જગ્યા યા સુંદર પીચનું નામ આપવું એ કાંઇ બંધબેસ્તુ નથી. દેખાવમાં તે ઘણી સુંદર હોવાથી રમતમાં પણ તેવીજ નીવડશે એવું ધારવું ક્રીકેટની સાદી સમજથી ઉલટું છે. ઘણીક વાર દગાખોર પીચ કે જ્યાં ઉછળતા બોલ વારંવાર બેટસમેનના નાંકની ખબર લેતા જતા હોય ત્યાં પણ બે ઈ ઉપરના આંકડા ઉપર વીવેચન કરતો બીનઅનુભવી રીપોર્ટર પીચને સુંદર જણાવવાને ચુકતો નથી કે જેવા છબરડા ક્રીકેટના જુદા જુદા ગુજરાતી પત્રોમાં પ્રકટ થતા રીપોર્ટમાં આપણે વારવાર વાંચીએ છીએ. સ્કુલના કહેવાતા ક્રીકેટ કોચ અને પ્રેસીડન્સી મેચમાં રમેલા એવા કેટલા ક્રીકેટરો પીચને લગતું નીચલું બ્યાન સમજે છે એ સવાલ ખુદ તેઓનેજ પોતાને પૂછવા દો? આ એક અગત્યની તેમજ અભ્યાસને લાયકની બાબદ હોવાથી તે ઉપર આપણે

વીગતવારના વીવેચનમાં ઉતરીશું. જુદી જુદી હાલતની પીચને લગતા નીચલા ૧૨ ભાગો ઉપર આપણે આવીશું.

૧ Good.	ગુડ	૭ Slow.	સ્લો
૨ Fast.	ફાસ્ટ	૮ Easy.	ઇઝી
૩ Dry.	ડ્રાઇ	૯ Plumb.	પ્લમ્બ
૪ Sticky.	સ્ટીકી	૧૦ Good fast wicket wet on the surface.	ગુડ ફાસ્ટ વીકેટ વૅટ ઓન ધી સરફેશ
૫ Soft.	સોફ્ટ	૧૧ Crumbling.	ક્રમ્બલીંગ
૬ Fiery.	ફાયરી	૧૨ Perfect	પરફેક્ટ

૧—ગુડ વીકેટ.

બેટશમેન તથા બોલરને એક સરખાં પ્રમાણમા સાધારણ રીતે માફક આવે એવી પીચ કે જ્યાં બોલ કુદે નહી અને બોલર તથા બેટશમેનને કશી પણ વાતનો એક તરફી લાભ ન મળતા બેટશમેન પોતાના Art મુજબ અને બોલર પોતાની skill પ્રમાણે પોતાના વિભાગોનું પાણી દેખાડી તેમજ અજમાવી શકે, તેવા પીચ આ વર્ગમાં મુકાય છે.

૨—ફાસ્ટ વીકેટ. (ફાયરી)

હીંદુ જીમખાનાની પીચ ફાસ્ટ વીકેટના વર્ગમાં આવી શકે. વર્ષનું (વરસાદ પડવા સીવાયનું) દરેક અઠવાડયુ એ પીચની માટીના Combination ને સબબે ફાસ્ટ પીચ મેળવવામાં પસાર થાય છે.

પુના જીમખાનાની પીચ હીંદુ જીમખાના કરતાં વધુ ફાસ્ટ ગણાય, કે જ્યાં વરસાદની સીઝનમાં વરસાદ પછી સખત તડકું પડવે પીચ સુક્કી થઇ જવે અને ગ્રાઉન્ડની માટીના Nature ના સબબે બોલ જમીન ઉપર પડી વધારે પેશ પકડે. આનાં કરતા વધારે ફાસ્ટ વીકેટ થવે તે "ફાયરી" સમાન થઇ પડવે ત્યાં બોલની ઝડપ અતી ઘણી વધી જાય.

બીજી સાધારણ ફાસ્ટ વીકેટ મેદાન તરફ જોતાં એલફી-સટન, બેરોનેટ અને યંગ ઝોરાસ્ટ્રીયનની આવી શકે.

૩—ડ્રાઇ વીકેટ.

પીચ ઉપર મેચના દીવસની ત્રણ કે પાંચ દીવસ આગમજ વરસાદ પડેલો ન હોય અને જે પીચ વરસાદ પડયા પછીની હાલત કરતાં સુક્કી હોય તે આ વર્ગમાં ગણાય, આ બાબદમાં વધારે અને ઓછી ડ્રાઇ વીકેટ જમીનની ખુદરતી બનાવતી અને માટીના મીશ્રણ ઉપર આધાર રાખી વધારે ઓછી સુક્કી બને.

મેદાનની વગર બનાવેલી ખુદરતી રેતીના મીશ્રણવાળી પીચને ડ્રાઇ વીકેટના પહેલા વર્ગમાં મૂકતાં મુંબઇ જીમખાનાની હાલની નવી પીચ પણ ડ્રાઇ અને સ્લો વીકેટ તરીકે બીજા વર્ગમાં જાય છે જ્યારે:—

એલફીન્સટન	૩ જા વર્ગમાં
હીંદુ જીમખાના	૪ થા વર્ગમાં
પુના જીમખાના	૫ માં વર્ગમા
પટીઆલા	૬ ઠા વર્ગમાં આવી શકે છે.

જેમ જેમ પીચ નંબરે ચઢતી દેખાડવામાં આવી છે તેમ તેમ તેનું Percentage વરસાદ પડયા પછીની પીચની સ્થીતી સુક્કી જમીનની હાલતમાં ફેરવાતાં ચઢ ઉતર પ્રકારનું ગણવું જોઇએ.

૪—સ્ટીકી વીકેટ.

ગ્રાઉન્ડ ઉપરનું ઘાસ કાપીને તેમજ રોલ કરી રાખેલી પીચ મેચ રમાયાના આગલા દીવસોએ સુક્કી હોય પણ મેચની આગલી રાત્રે વરસાદ પડવે અને સહવારના વીકેટ સૂર્યના સખત તડકામાં ભુંજાવે (Baked) બેટશમેન માટે તે પીચ દગાખોર અને અઘડી અને બોલર માટે તે તદન અનુકુળ (Bowler's Paradise) થઇ પડે છે.

આ વીકેટ દરમ્યાન જો રમતની શરૂઆત પછી ઝરમર ઝરમર વરસાદ ચાલુ યા અવાર નવાર મોટા ઝાપટામાં પડયા કરે તો ગ્રાઉન્ડનો Nature બોલરની સાઇડમાંથી ફેરવઇ જઇ બેટશમેનની તરફેણમાં બદલાતો જાય અને બોલ પીચ થયા બાદ સ્લો અને ડેદ (Dead) થઇ જવે બેટશમેન ઘણી આસાનીથી રમી શકે છે જો કે સ્કોરીંગની ઝડપ ઘણીજ કમતી થઇ જાએ છે.

૫-૬—સોફ્ટ અને સ્લો વીકેટ.

તૈયાર કરેલી પીચ ઉપર મેચની આગલી રાત્રે પુષ્કળ વરસાદ આવવે ને સહવારે પણ તે ઝરમર ઝરમર ચાલુ રહેવે તેવી વીકેટ તેની આગલી ગમે એવી ફાસ્ટ અને "ત્રુ" હાલત છતાં રમતમાં સ્લો થવે બોલરો વીકેટ ન લેતાં રન કરવાની ઝડપ પણ ધીમી થતી જાય છે.

૭—ઈઝી વીકેટ.

બેટશમેનને ઘણીજ અનુસરતી પીચ જ્યાં બોલ ઘણા ફાસ્ટ યા ઘણાં સ્લો ન આવતાં રમનારને રમતમાં સહેલાઇથી સ્કોર કરી શકાય એવી આ વીકેટ જમીનના ખુદરતી તત્વ તેમજ વરસાદના ભીનાસથી જમીનની માટીના ચોક્કસ Combination ને લીધેબી થઇ શકે છે.

૮—પ્લંમ્બ યા પરફેક્ટ વીકેટ.

આ પીચમાં વરસાદનું તત્વ હોતું નથી. આ પીચ બેટશમેનને તદનજ અનુસરતી થઈ પડે છે. જ્યાં બોલીંગનું સાયન્સમાત્ર "ઓફ થીઅરી" અજમાવા સીવાય ઝાઝું ચાલી શકતું નથી. આ પીચ આખા હીદુસ્તાનમાં માત્ર **એકજ** ગણાય છે જે **પટીઆળાની નમુનેદાર પીચ** છે. આ પીચ ઈગ્લાંડના જાણીતા ક્રીકેટરોનાં સત્તાધારી મત મુજબ ઈગ્લંડની મશહુર ઓવલની પીચનો એક એકસરખો અને નાદર નમુનો છે,

૯—ગુડ ફાસ્ટ વીકેટ વૅટ ઓન ધી સરફેશ.

મેચ રમાયા આગમજ ક્રીકેટ પીચની સ્થીતી ક્રીકેટ-મેચની Condition ને લાયકની હોય પણ મેચ શરૂ થવાની ૨ કલાક આગમજ વરસાદનું મોટું ઝાપટું આવવે પીચની સપાટી ભીંજાઇ જાએ અને જમીન જ્યાં સુધી ઉપર રહેલાં પાણીથી ભીનાશવાળી અને સરફેશમાં પોચી હોય ત્યાં સુધી બોલ ઘણાં Rapid અને ઉછળતા આવે જે બાદ તડકું પડવે એકાદ બે કલાક પછી સપાટી ઉપરનું પાણી સુકાઇ જવે વીકેટ પોતાની અસલ હાલતમાં સહેજ પીચ બોરવાયા બાદ આવી ચઢે છે.

૧૦—ક્રમ્બલીંગ અથવા સૉદન વીકેટ.

આ વીકેટ બે રીતે થાય. ઘણો વરસાદ પડયા પછીની અને વગર વરસાદ પડવે થાય. ઘણો વરસાદ પડવે વીકેટ તદન નરમ બની ગઇ હોય

અને ધારો કે મેચના દીવસે વરસાદ બંધ પડયો અને મેચ ચાલુ થઇ અને તે વખતે આકાશ ઘેરાયલું રહી વરસાદના ઝાપટાંથી ખલલ થતી જાય જે વખતે પીચની સ્થીતી નરમ હોવાના સબબે દરેક બોલ પીચના ગાપચાં ઉરાડતો જાય જેથી ગ્રાઉન્ડ એમ ખોદાઇ જવે યા તેમાં ખાડા પડવે પીચ નહીં રમી શકાય એવી બને અને એવી સ્થીતી વચે ૪ થી ઇનીંગ્સવાળી પક્ષને બેટીગના બાબમાં બહુ મોટો ગેરલાભ થાય અને બંને પક્ષના બોલરો ગ્રાઉંન્ડ Cut up થવે પોતાનું બળ મોટા પ્રમાણમાં અજમાવવે બોલ ઉછળતા, શુટ થતા અને ખાડાઓમાં પડી Wrong Break થતા જાય અને તેથી તેવી બોલીગ રમવી બેટશમેન માટે તમામ મુશકેલ બની જાય.

બીજી હાલતમાં પીચ વરસાદ વગરની Dry હોય અને ૩ દીવસની મેચ દરમ્યાન પણ વરસાદ વરસ્યો ન હોય તેવી હાલતમાં ત્રીજે દીવસે ૪થી ઇનીગ્સમાં પણ પીચ એ આખા દીવસના ચાલુ ઘસારાને લીધેબી બગડે છે, જો કે વરસાદ પડતી વખતના જેવી ખરાબ સ્થીતીમાં જેવી તે ન હોય તો પણ તે ત્રીજે દીવસે મેચ ખતમ થાય ત્યાં સુધી ચાલુ બગડયા કરે છે કે જેના પરીણામમાં ૪થી ઇનીગ્સની સાઇડવાળાઓનો Batting Collapse આપણે ઘણીકવાર અનુભવેલો છે.

પરશોત્તમ ચેલંજ શીલ્ડ.

હીંદુ ક્રીકેટને ઉત્તેજન આપવા અર્થે બાહેર પડેલા પરશોત્તમ ચેલંજ શીલ્ડમાં છેલ્લા બે વર્ષની તેની હસ્તી દરમ્યાન નીચલી બે હીંદુ કલબો ચેમ્પીયન કપ જીતી ગઈ છે. આ શીલ્ડ માટે હીંદુ જીમખાના તેમજ મુંબાઈની ૪–૫ હીદુ ક્રીકેટ કલબો હરીફાઇમાં ઉતરે છે.

૧૯૧૨	ન્યુ શીવાજી
૧૯૧૩	ફ્રેંન્ડસ યુનીયન
૧૯૧૪	(રમાય છે)
૧૯૧૫	
૧૯૧૬	
૧૯૧૭	
૧૯૧૮	
૧૯૧૯	
૧૯૨૦	

મુંબઇની ક્રીકેટની જાણવા જોગ-નોંધ.

૧૮૪૮માં ઓરીયન્ટલ ક્રીકેટ કલબ સ્થપાઈ.

૧૮૫૦માં ઝોરાસ્ટ્રીયન ,, ,, ,,

૧૮૬૦માં માર્સ ,, ,, ,,

૧૮૬૮–૭૭ સુધી મરહુમ શેઠ શાપુરજી બંગાલીએ પ્રાઇઝ મેચો રમાડી.

૧૮૬૭માં યંગ ઝોરાસ્ટ્રીયન ક્રીકેટ કલબ સ્થપાઇ.

૧૮૭૨માં એલ્ફીન્સટન ,, ,, ,,

૧૮૭૬માં પારસી ,, ,, ,,

૧૮૭૭માં પહેલી ઇંગ્રેજ જીમખાના સાથની મેચ રમાઇ.

૧૮૭૮માં પારસી ટીમ ઈંગ્લંડ મોકલવાની મરહુમ મી૦ એ. બી. પટેલની યોજના ભાંગી પડી.

૧૮૮૨માં એરોનેટ ક્રીકેટ કલબ સ્થપાઇ.

૧૮૮૩માં જોન બ્રાઇટ ,, ,, ,,

૧૮૮૬માં સીટી ઓફ બોંમ્બે, ,, ,,

૧૮૮૬માં મરીન તથા લીબરલ (એસપ્લેનેડ) ક્રીકેટ કલબ સ્થપાઇ.

૧૮૮૫માં **પારસી જીમખાનું** સ્થપાયું

૧૮૮૬માં પહેલી પારસી ટીમ ઈંગ્લંડ ગઇ.

૧૮૮૮માં બીજી ,, ,, ,,

પહેલી પારસી ટીમે ૨૮ મેચ રમી ૧ જીતી ૧૯ હારી હતી જ્યારે ૮ મેચ ડ્રોન ગઇ હતી.

બીજી પારસી ટીમે ૩૧ મેચ રમી ૮ જીતી ૧૧ હારી ૧૨ મેચ ડ્રોન કરી હતી.

૧૮૯૦માં વરનોનની ટીમે પારસીએ સામે ૯૭ અને ૬૧ રન નોંધાવ્યા હતા જેનો પારસી ટીમે ૮૦ અને ૬ વીકેટે ૭૮ રનથી જવાબ આપ્યો હતો.

૧૮૯૧માં પારસી ટીમ મી. જમશેદજી પટેલની કેપટનશીપ હેઠળ નોરધર્ન ઈંડીયાની ટુર ઉપર ગઇ હતી જેમાં જયપુર, બીહાર-વોન્ડર્સ, કલકત્તા જીમખાના તથા અલ્હાબાદ જોડે મેચ રમી ૩માં જીત અને ૧ મેચ ડ્રોન થવે "ચેમ્પીયન" નીવડી પાછી ફરી હતી.

૧૮૯૧માં કેપટન પુરની સરદારી હેઠળ સીકન્દ્રાબાદની ક્રીકેટ ટીમ મુંબઇ આવી પારસીઓ સાથની હરીફાઇમાં ઉતરી હતી જેમાં રમત બંધ થવાની ૩ મીનીટ આગમજ ડા, પાવરીએ છેલ્લી ૪ વીકેટો લાગત ચાર બોલે ઉરાડી પારસી ટીમને ૯૨ રનની જીત અપાવી હતી. સીકન્દ્રાબાદની ૨૭ રને ૪, ૪૨ રને ૫ અને ૪૭ રને ૬ વીકેટ ગબડી હતી જે બાદ છેલ્લી ૪ વીકેટો ૦ રનમાંજ ગબડી હતી

૧૮૯૨માં પ્રેસીડન્સી વીરૂદ્ધ પારસીઓ વચ્ચેની પહેલી મેચ શરૂ થઇ હતી.

૧૮૯૨માં લૉર્ડ હૉક વીરૂદ્ધ પારસીઓ વચે રમાયલી મેચમાં પારસી પક્ષે ૯૩ અને ૧૮૨ રન કીધા હતા જેનો હૉકની ટીમે ૭૩ અને ૯૩ રનથી જવાબ આપવે પારસીઓ આ મેચ ૧૦૯ રને જીત્યા હતા. તુરત રમાયલી રીટર્ન મેચમાં પારસીઓ ૭ રને હારી ગયા હતા.

૧૮૯૩માં પારસી ક્રીકેટના દીલસોજ દોસ્ત શેઠ સોરાબજી શાપુરજી બંગાળી, સી. આઇ. ઈ. ગુજરયા.

૧૮૯૮માં તે વખતનાં નામદાર ગવર્નર લોર્ડ હેરીશે પારસી ટીમ ઈંગ્લંડ મોકલવાની હીલચાલ કરી હતી પણ તે નીષ્ફળ નીવડી.

૧૮૯૮માં નામદાર ગવર્નર લૉર્ડ હેરીશ કે જેવણે હીંદમાં ક્રીકેટનો ઉંડાણથી પાયો નાંખ્યો હતો તેમની ત્રણ ઓઇલ પેન્ટીગ તસવીરો એન્ટરટેનમેન્ટ કમીટી તરફથી મુંબઇના પારસી, ઈસલામ અને હીંદુ જીમખાનામાં ખુલ્લી મેલવામાં આવી હતી.

૧૮૯૬માં મઉ જીમખાના સામે બેરોનેટ ક્રીકેટ કલબ તરફથી જુના અને જાણીતા ક્રીકેટર મી. ભીમજી નવરોજી મેહેતાએ વીકેટ—કીપર તરીકે ૮ કેચ કીધા હતા.

પારસી હેટટ્રીક.

૧૯૧૨માં મોહોમેદનો સામે એમ. દી. પારખે પારસી પક્ષ તરફથી હેટટ્રીક નોંધાવી હતી.

પેસી ભગવાગરની હેટટ્રીક.

દરેક પારસી ક્રીકેટ કલબોમાં પ્રેકટીશ આપવામાં જાણીતા થયલા મેદાનના જુના બોલર મી. પેસતનજી જામાસ્પજી ભગવાગરે ૧૯૧૧ નાં વર્ષમાં બેરોનેટ તરફથી કોરોનેશન સામે રમાયલી "સ્પેન્સર શીલ્ડ" મેચમાં હેટટ્રીક નોંધાવી હતી. "નેટ-પ્રેકટીશ" માટે મી. પેસતનજી ભગવાગર અલબત્તાં બહુ અનુકુળ બોલીંગ કરવાનું ખમીર અને ઝેણુ ધરાવે છે.

લેફ્ટનન્ટ બ્રુકસ—૩૫ મીનીટમાં ૮૦ રન.

૧૯૧૨માં લેફ્ટનંન્ટ બ્રુકસે હીંદુ જીમખાના સામે મુંબઇ જીમખાના તરફથી ૩૫ મીનીટમાં ૮૦ રન નોંધાવ્યા હતા.

આખી ઈલેવનના ૪ રન.

૧૯૧૩માં "ટાઇમ્સ ઓફ ઇન્ડીયા" વીરૂદ્ધ બરોડા રેલવે લોકો-ટીમ વચ્ચેની ઇસલામ જીમખાના ગ્રાઉન્ડ ઉપર રમાયલી મેચમાં લોકો-ટીમે પ્રેસીડન્સી બોલર બેરામ મીરઝાંની કાતીલ બોલીંગ સામે માત્ર ૪ રનનો સ્કોર કીધો હતો.

ટયુટોરીયલ સ્કુલના ૬ રન.

બેરોનેટ ક્રીકેટ કલબની ફ્રાયરી-પીચ ઉપર ૧૯૦૭માં રમાયલી "હેરીશ ચેલંજ શીલ્ડ"ની મેચમાં ટયુટોરીયલે ફોર્ટ એન્ડ પ્રોપ્રાયટરી સામે માત્ર ૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો આ પરીણામ અબદુલ અઝીઝની બોલીગને આભારી હતું.

ડા. પાવરીની ૩ રનમાં ૯ વીકેટ.

૧૮૮૫માં જોન બ્રાઇટ તરફથી એલફીન્સટનની ૯ વીકેટ ફક્ત ૩ રનમાં ડા. પાવરીએ ગબડાવી તેમાં એક "હેટટ્રીક" કરી હતી.

૮ મીનીટમાં ૫૦ રન.

૧૮૯૧માં રાલી બ્રધર્સ તરફથી મુંબઇ જીમખાના સામે મેસર્સ ગગરાટ અને માછલીવાળાએ ૮ મીનીટમાં ૫૦ રન નોંધાવ્યા હતા.

૮ રનમાં ૭ વીકેટ.

૧૯૯૧માં એમ. ટી. કાંગાએ મુંબઇ જીમખાનાની ૭ વીકેટ ૮ રનમાં ઉરાડીહતી.

૩ રનમાં ૭ વીકેટ.

કેકી એમ. મીસતરીએ ૧૮૯૮માં પટીઆલા ટીમ તરફથી સીમલાની ૩ રનમાં ૭ વીકેટ ઉરાડી હતી.

મેજરપ્રેગ ૧૮૪ રન.

૧૮૯૯માં પારસીઓ સામે મેજરપ્રેગે મુંબઈ જીમખાના ગ્રાઉન્ડ ઉપર પારસીઓ સામે પ્રેસીડન્સીના ૩૬૪ રનના સ્કોરમાં ૧૮૪ રનનો ફાલો આપ્યો હતો.

વલસાડાની પર રનમાં ૧૩ વીકેટ.

૧૯૦૦માં પ્રેસીડન્સી સામે માણેક દી. વલસાડાએ પર રનમાં ૧૩ વીકેટ લીધી હતી.

સ્કુલ ક્રીકેટમાં ૧ લી સદી.

હેરીશ ચેલંજ શીલ્ડની મેચમાં જાણીતા એકમાર્ગી ક્રીકેટર મી. ફરામરોઝ પી કોલાએવાળાએ ફોર્ટ હાઈસ્કુલ તરફથી પહેલી સદી કરી હતી.

કે. બી. મીસતરીની ૬ બોલમાં ૬ વીકેટ.

કેકી બી. મીસતરીએ અજમેરની ટીમ તરફથી અલીગઢ કોલેજ સામે ૬ બોલમાં લાગટ ૬ **વીકેટ** લીધી હતી જેમાં તેનો છેલ્લો બોલ "નો બોલ" ગણાયો હતો

અજમેર ખાતે રીટર્ન મેચમાં એજ બોલરે અલીગઢની ૮ વીકેટ માત્ર ૯ બૉલમાં ઉરાડી હતી. આ રેકોર્ડ ક્રીકેટ તવારીખમાં એક **આગેવાન રેકોર્ડ ગણાય છે.**

૧ મેચમાં બે સદી.

૧૯૦૦માં કેકી કે ખરાશ અને ધનજીભાઇ એપ. દુબાશે વાઇ. એમ. સી. સામે અરધા દીવસની મેચમાં પારસી જીમખાના તરફથી બે સદી નોંધાવી હતી.

૧૯૦૩માં ૬ ઠી ડીસેમ્બરે રમાયલી મેચમાં હીંદુ જીમખાના સામે બેરોનેટ તરફથી આર. પી. મેહેરહોમજી અને ફરામ પેસતનજી મસાનીએ ૨૨૨ રનની પાર્ટનરસીપમાં ૧૦૪ અને ૧૧૮ (નોટ આઉટ) રન કીધા હતા.

રણજીતનો પહેલો સ્કોર.

૧૮૮૭માં રાજકોટની રાજકુમાર કોલેજ ખાતે હાલના જામ સાહેબ રણજીતસીંહે ૨૦૦ રનનો પહેલો સ્કોર કીધો હતો.

૧૯૦૦માં હીંદના આ મહાન અને દુન્યાના પ્રસિદ્ધ ક્રીકેટરે ૩૦૬૫રન કરી એકજ સીઝનમાં આવા મોટા ઝુમલાથી ઈંગ્લંડની ફર્સ્ટ ક્લાસ ક્રીકેટમાં ૮૭·૫ ની એવરેજ આણી હતી.

૧૯૦૦ની આ એકજ મોસમમાં મહાન ક્રીકેટર રણજીતે ૧૧ સદી નોંધાવી હતી.

૧૮૯૨માં સરે સામે નોંધાવેલા ૨૩૫ રન આપણો વીરલો ક્રીકેટર જામ રણજીતસીહ પોતાની સૌથી બેસ્ટ ઇનીંગ્સ ગણાવે છે.

છેલ્લી વીકેટે ૧૧૯ રન.

૧૯૦૦ પ્રેસીડન્સી તરફથી પારસીઓ સામે દ્રીસદેલ અને ટેન્ટીએ છેલ્લી વીકેટે ૧૧૯ રન નોંધાવ્યા હતાં જેમાં દ્રીસદેલે ૫૬ અને ટેન્ટીએ ૬૪ રન (નોટ આઉટ) નો સ્કોર કીધો હતો. આ મેચ આ રીતે ડ્રોન ગઈ હતી.

૪ બૉલમાં ૪ વીકેટ.

સ્પેન્સર શીલ્ડની મેચમાં એલાયન્સ તરફથી લીબરલ ક્રીકેટ કલબ (મરીન) સામે શાપુરજી ઉદવાડીઆએ ૧૯૧૩મા ૪ બૉલમા લાગત ૪ વીકેટ લીધી હતી.

૧૮૧ રનની પાર્ટનરસીપ.

૧૯૧૦ની તા ૧લી અને ૨જી અકટોબરે ભરૂચ જીમખાના સામે બી. બી. એન્ડ. સી. આઈ રેલવે ટીમ તરફથી એફ. પી. કોલાબેવાળા અને પી. એન. પૉલીસવાળાએ પહેલી વીકેટે ૧૮૧ રન નોંધાવ્યા હતા બાદ બને રમનારાઓ સદીનો સ્કોર કરી આઉટ થયા હતા.

લીબરલ (એસપ્લેનેડ) ૨૯૧ રન.

પારસી જીમખાના સામે ૧૯૦૨ના જુન માસમાં મેદાનની લોકલ ક્રીકેટ કલબ લીબરલ એસપ્લેનેડે ૨૯૧ રનનો જંગી સ્કોર કીધો હતો જે મેચમાં પી. એન. પૉલીશવાળાએ ૧૨૯ રનનો ફાળો આપ્યો હતો. આ મેચમાં બીજા રમનારાઓમાં એરચ કોલાબેવાળા અને રૂસતમ નાનજીએ ૪૮ અને ૬૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો.

હીંદુ જીમખાનાની પહેલી હાર.

૧૧ વર્ષની વાત ઉપર હીંદુ જીમખાનાની ચૅમ્પીયન ટીમ જે એ સીઝનમાં એક પણ મેચ હારી ન હતી તેને મેદાનની લોકલ લીબરલ (એસપ્લેનેડ) ક્રીકેટ કલબે છેવટની મેચમાં હરાવી મેદાનની નોક રાખી હતી.

લામે જીતેલા ૨ યાદગાર કેચ.

" " લીબરલ (એસપ્લેનેડ) તરફથી જે. બી. લામે યંગ ઝોરાસટ્રીયન અને પારસી જીમખાના સાથની મેચ દરમ્યાન જમશેદ ભાઇ મુનસી અને ડા. :હોમી કાંગાના બે કેચ જે ફટકા બાહનડરી અને ઓવર બાઉંન્ડ હતા તે બહુ તારીફ લાયક રીતે જીલી લીધા હતા જે પછી બીજે વર્ષે ઇસ્લામ જીમખાના સામે એજ ફીલ્ડસમેને હેટટ્રીક નોંધાવી હતી.

લીમજી મેહેતા ૧૩ રનમાં ૧૦ વીકેટ.

ઓફીસોની લીગ મેચમાં અનેક વારની હેટટ્રીક નોંધાવી ચુકેલા મેદાનના ૨૫ વર્ષનાં પુરાણું ક્રીકેટર મી. લીમજી એન મેહેતાએ ૧૯૦૭ માં કશટમસ સામે અસરકારક બોલીંગ કરી ૧૩ રનમાં સઘળી ૧૦ વીકેટ ઉરાડી હતી.

દોલી કાપડયા અને જામ સાહેબ રણજીત.

૧૯૧૩ના ડીસેમ્બર માસમાં રાજકોટ ખાતે રમાયલી નામદાર જામ સાહેબ અને નામદાર પટીઆલાના મહારાજા સાથની મેચમાં દોલી કે. કાપડયાએ ઇંગ્લંડના જાણીતા બોલરો ટેરેન્ટ અને .મીનોનની કાંકડી બોલીંગ સામે બંને ઇનીગ્સ મળી ૧૦૦ રનનો સ્કોર કોધો હતો જેમાં એ ક્રીકેટરની રમતથી નામદાર જામ સાહેબે ખુશ થઇ બહુ ઉંચા શબ્દોમાં એ ક્રીકેટરની તારીફ કરી હતી.

—∞—

ક્રીકેટમાં નોંધાયલા રમુજી બનાવો.

બ્રેક-ફાસ્ટ બોલર.

સ્કુલ-ક્રીકેટનો ઇલેવન ચુંટી કાઢતી વખતે એક સ્કુલના ક્રીકેટરે પોતાની બોલીંગની લાયકાતમાં પોતાને Break-fast Bowler તરીકે જણાવ્યો હતો. જો કે છોકરાની મતલબ તે પોતે ફાસ્ટ બોલર હોવા ઉપરાંત બ્રેક પણ કરી શકે એમ કહેવાની હતી. અને નહી સહવારના નાસ્તાને માટેનો બોલર.

લંચની ફી.

પુના જીમખાનાની મેચ માહે એક ઉઘરતો રમનાર પહેલીવાર લંચ ઉપર રજુ થયો હતો જયાં તેના પારસી ગોઠીયાઓએ તેને બનાવ્યો કે અહીં તો સૌ રમનાર પોત પોતાનું બીલ ચુકવી આપે એવો ધારો છે

માટે બોય પાસે તારૂં બીલ મંગાવ. તુરતજ પેલા સીરીયાંઉ રમનારે બો. યને નિર્દોષપણે હુકમ કર્યો કે —

"બોય અમારા ટીફીનકા બીલ લેકે આવ" આસપાસ આ છબરડાથી હસાહસ ચાલી રહેવે પેલા ઇયમજીએ પોતાની ભૂલ જોઇ.

બાર રનની મોહક રમત.

સ્કુલ-ક્રીકેટનો રીપોર્ટ લખવાની ઉત્કંઠા ધરાવનો એક લખનાર વા. રંવાર પોતના મીત્ર યા માનીતા માટે નીચે મુજબનો છબરડો ઉકમાઇયો વર્તમાન પત્રમાં રજુ કરતો હતો.

—ની રમત ખરેજ મેહ પમાડનારી હતી. તેના કોરનર-ડ્રાઇવો લેનકેસાયર વાળા મેકલેરનની રમતનો હુબહુ ભાપ આપનારા હતા. તેની કટ ગ્રેમ જેવી સફાઇદાર હતી. તેની લેગ-ગ્લાન્સ રણુજીતની રમતનો ગોયા પડછાયો હતો. આ રમનારે ૧૨ રનનો સુંદર ફાળો આપી પોતાની પક્ષની ઉત્તમ સેવા બજાવી હતો

૧ મેચની જગ્યામાં ત્રણ મેચ.

સ્પેન્સર શીલ્ડની મેચ દરમ્યાન અનેક રવીવારે એક મેચ સગાઇથી રમાઇ શકય એવો જગ્યામાં જોન બ્રાઇટ, પારસી બેરોનેટ અને મરીન લીબરલની મેય રમાતી હતો. આવી મેચમાં બંને પક્ષના થર્ડમેનબ એક બીજા સાથે બરડો અથડાવી ફીલડીગ કરતા હતા. બે મેયના લોંગ ઉપરના ફીલડસમેનો એક બીજાની પીય નજીક ઉભા રહેતા હતા.

૧૫૦ વાર લાંબી અને ૧૦૦ વાર પહોળી જગ્યામાં આ રીતે ૩૩ ફીલ્ડસમેનો ૬ અમ્પાયરો અને ૬ બેટ્સમેનો મળી ૪૫ ક્રીકેટરો બરણીમાં સોચેલા પાણીના અથારની પેઠે સીચાઇ જતા હતા. એક ફટકો હવામાં ઉપર ચડતે look outની બુમ પડવે ૧૦ જણ પોતાના માથા ઉપર હાથ મેલી વાંકા વળતા હતા. આવી ચીજનો ફોટોગ્રાફ પોલો-પ્લેયરો તથા નામદાર ગવરનર લોર્ડ વીલીંગડન સમક્ષ રજુ કરવો જોઇએ છે.

ડા. પાવરીને અચારના ઘડાની ભેટ.

ડા. પાવરી પ્લેગના વખતમાં પાલઘરનાં સ્ટેશન ઉપર તબિબિ નોકરી ઉપર કામ કરતા હતા જે વખતે તેઓએ પોતાના મીત્ર ઉપર બેરોનેટ ક્રીકેટ કલબમાં પોતે નવસારી જનાર છે એવી ખબર આપનારો પોસ્ટ કાર્ડ લખ્યો હતો. આ પોસ્ટ કાર્ડમાં બે આંગળ જગ્યા ખાલી રહેવે એક મશકેરાએ ડા. પાવરીને મળતા અક્ષરોથી તે માંહે "હારવરને ત્યાંથી

અચારનો ઘડો લાવી મને રાતની ગાડીમાં અંાટરોડ સ્ટેશને પુગાડવાની મે· હેરબાની કરશો." એવી બે લીટીઓ ઉમેરી. પેસ્ટ કાર્ડ મેળવનાર ધણીએ ઉતાવળમાં કાર્ડ વાંચી હારવરને ત્યાંથી અચારનો ઘડો લઇ ડા. પાવરીના કંપાર્ટમેંટમાં તે રજુ કર્યો. આ બનાવથી બંનેને રમુજ મળી અને અચા· રની ભેટ નવસારી સુધી પુગી ગઇ પાછળથી આ છબરડો જાહેરમાં આવ્યો હતો.

લંચ ઉપરની ફ્રુટ કે મેચ.

ક્રીકેટ મેચના લંચ દરમ્યાન ટેબલ ઉપર ફ્રુટ ગોઠવવામાં આવી હતી જે જોઇ એક મોબેદ ક્રીકેટરે પોતાના ગોઠયાઓને પુછયું કે આએ મેચ જમીઆ પછી ખાવાની છે કે અમથી શોભાને સારૂં ગોઠવીજ. ફ્રુટને આ ક્રીકેટર બાજ માંહેલો મેજ સમજયો હશે કે શું ?

ફીલડીંગ કરનારી પક્ષ નાટકમાં નાઠી.

૧૯૦૭માં લીબરલ (એસપ્લેનેડ) સામે ક્રાઇસ્ટનાં મેદાનની એક કલબ વચ્ચેની મેચ રમાઇ હતી જે કલબનો મસ્તાન ટીમ સહવારના આખો દાવ લીધા બાદ બપોરના ફીલડીગ ઉપર ન આવતાં રવીવારે થતા બાલીવાળાના નાટકમાં જઇ બેઠો. બેટીંગમાં જનારી પક્ષે ૧ કલાક સુધી પોતાના હરીફ પક્ષની વાત જોઇ પણ તેમાં સઘળાઓ "નદારદ" જેવા થઈ ગયા. છેવટે ૧૧ સાહેબો નાટકમાં જઇ ભરાયા હતા એમ ઉકમાઇથી શોધી કાઢવામાં આવ્યું.

સૅા દષ્ટ એટલે શોડાવૉટર કે ?

ક્રાઇસ્ટના મેદાનમાં ૧૫ વર્ષ ઉપર રમાયલી મેચ વખતે બોલીગ કરતી પક્ષના કેપટને ફુટીગ ન રહેવે ભીનીં જગ્યા ઉપર પાથરવા ફીલદીગ ઉપરથી " સૅા દસ્ટ" યાને ભુસું મોકલવા માટે બુમ પાડી જે હરીફ પક્ષનાં કેપટને સાંભળી, સાહેબ સૅાડાવૅાટર માંગે છે એમ સમજી તુરત ફીલ્ડીંગ ઉપર સોડાની બાટલી અને ગલાશો મોકલી આપ્યાં. સૅા દસ્તને ભુલમાં પેલો કચુબર ·પારસી કેપટન સોડા સમજવે તેને આ નિર્દોષ ભુલ કરી હતી.

અપૅાન માઈ વર્ડ-નોટ આઉટ.

સ્કુલની "હેરીશ ચેલંજ શીલ્ડ"ની મેચમાં લગભગ ૧૫ વર્ષની વાત ઉપર એક સોલજર અમ્પાયરે એલફીન્સ્ટન હાઇ સ્કુલના એક હીંદુ અને હાલના પ્રેસીડંન્સી પ્લેઅરને લેગબીફોરથી આઉટ થયલો જાહેર કરવે તુ·

રતજ તે રમનારે ક્રીશ છોડવા આગમજ અમ્પાયરને કગલીને જણાવ્યું કે:—Umpire upon my word I am not out " સોલજર દાદો આવી અપીલ સમજે તે શેનો ?

ઉંમર શું ? તો કહેજે કે "હાફ-આ-પૅગ"

પુના જીમખાના ઉપર એરોનેટની મેચ હતી જે વખતે એરોનેટના પારસી રમનારને પેટમાં ફાસ્ટ બોલ લાગવે તે જમીન ઉપર સુઇ ગયો, આ અકસમાત વખતે હરીફ પક્ષના કેપટન સેલે આવી પેલા પારસી રમનારને પુછ્યું કેઃ—Mr.—What's your age " પેલો જમીન ઉપર કાંસ તો રમનાર સમજ્યો કે મને ૪ આંગલ કાચો બ્રાન્ડી પીવાની ઓફર થાય છે. એમ સમજી નિરદોષ ભુલ કરી તેને ઉટાવલામાં જવાબ આપ્યો કે Mr.-Half-a-peg પાને અરધો પેગ વીસકી આપો. આ નિરદોષ રમુજ આજે પણ ઘણાકો વારંવાર યાદ કરે છે.

ચીધેમની સ્ટાઈલમાં શીંકલેરની પીચ.

પેલો પોતાને પારસી પ્રેકટીશ બોલર તરીકે ઉકમાઇથી જણાવતો ઝેણદાર બોલર પેસતનજી જામાસ્પજી ભગવાગર, જ્યારે પણ સારા રમનાર ની વીકેટ લે છે તે વખતે તે વારંવાર તે ચોકકશ બોલ બાબે પુછવામાં આવતાં તે ખાશ બોલ "ચીધેમની સ્ટાઇલમાં સીંકલેરની પીચ" વાળો હતો એવો ખુલાશો રજુ કરે છે.

૩ આંગળાની છુપી ઇશારત.

૨૦ વર્ષની વાત ઉપર મેદાનની એક પારસી કલબ કોલાબાના સોલજરો સાથે મેચ રમવા વારંવાર કોલાબે જતી હતી તેવા એક પ્રસંગે એક સોલજર દાદો ક્રીકેટનાં નવાં બુટ વેચવા લાવ્યો. આ વેચાણ નકકી થતું હતું તે વખતે એક ઠોલ્યો પારસી ક્રીકેટર જે ત્યાં હાજર હતો તેને, પેલા સોલજર દાદાને તે શું એક ઉલટાપ આપતો હોય તેમ ઉકમાઈથી બધા જોય તેમ પોતાની ત્રણ આંગલી દેખાડી વચે ટાવકો પુર્યો કે, દીકરા બેજુ અરદીબેસ્ટમાં યાને ૩ રૂપરડીમાં સુઇ જશે. સોલજર બાવાએ આ ઇસારત જોઇ પોતાની આગલી ૫ ની કીંમતને બદલે ૭ રૂપીઆની બીડ શરૂ કરી.

ગલીઆએ કોરશ ફીરાવો.

એલફીન્સટન ક્રીકેટ કલબ સાથે કરાંચીના વોહરા ભાઇઓની મેચ હતી જે દરમ્યાન તમાશગીરો માહેલા એક વોહરાજીએ પખવાડેથી મેચ

જોવા આવેલા બીજા હોરાજીને રમતનો ખ્યાલ આપવા અર્થે જણાવ્યું કે ભલા કાદરભાઇ મેં કહું જે આપરા રંગ બહુ ઓછા થીએલા પણ આ ગલીઆ કાકાએ આવીને "કોરસ ફીરાવો" (યાને સ્કોર વધારીએ.)

દીકરી, એતો પ્રાઇવેટ કોલ હતો.

સ્પેન્સર શીલ્ડની મેચમાં ૧૯૧૧ના પહેલાં વર્ષે યંગ ઝોરાસ્ત્રીયન ક્રીકેટ કલબના મજબુત ઇલેવન સામે એક કલબ ગોખલી ખાઇ ગઇ. આ મેચ માત્ર ૩ રને હારી જવે હારેલી પક્ષના એક ફીલસુફ ભાઇને પોતાના જોડીદારને રન આઉટ કરાવવા અર્થે બધાઓ તરફથી પુછવામાં આવતાં આ ભાઇએ ખુલાશો કીધો કે "દીકરી, મેં તો વસઇને પ્રાઇવેટ કોલથી અમથી ટબ આપી તેમાં એ દોડી આવી રન આઉટ થઇ ગયો.

(અરે એ અભાગીઆ જો એમજ હોય તો શું મુંમઇનો શેરીફ દરેક વર્તમાન પત્રમાં છપાવે ત્યારેજ તું પબલીક કોલથી રન લોએ છે કે? (તારો પ્રાઇવેટ કોલ બરે; ૨૫ વર્ષની જ્યુબીલી ધોઇ નાંખી)

ફીશની ઠોકર લાગી.

યંગ ઝોરાસ્ત્રીયનના બેહેસ્તી નશવાન દારૂ મેચમાં બોલ કરતાં વારંવાર અટકી જતા હતા, અને .પરીણામમાં "ફીશની થોકર લાગેચ" એવો રદીઓ આપતા હતા, અને પરીણામમાં ફીશથી અટકી જઇ ફુલ–પીચ બોલ નાખતા યાતો નોબોલ કરતા હતા.

અજીતસીંગના ૧૦૦ રન કેમ થાય?

પટીઆલા વીરૂધ બેરોનેટ વચ્ચેની પંદર વરસ ઉપર પટીઆલા ખાતે રમાયલી મેચમાં પટીઆલાના શીખ રમનારાઓ તરાતર આઉટ થવા લાગ્યા અને મેચ જીતવા માટે બે વીકેટે ૧૦૦ રન કરવાનો સમય આવી લાગ્યો. આ પ્રસંગે હરીફ પક્ષનો રમનાર ઉકમાઇથી બોલ્યો કે:— એજી સો રન બાકી હય તો કયા હુવા, અગર જો અજીતસીંગ જમ જાય ઓર ચચ્ચાર રનના ૨૫ ફટકા લગાય તો થોડીસી દેરમે ૧૦૦ રન પોહોંચ જાય. (નખોદગીઆએ એમને એમ ઓવર–બાંઉન્ડરીનોજ હિસાબ કાં ન કાઢયો હશે!

કુપર એક ચારચી સોર.

પારસી વીરૂધ હિંદુઓ વચ્ચેની મેચમાં આગલ હીંદુ પક્ષના રનો બહુ ધીમા ચઢતા હતા જે વખતે હીંદુઓ તરફથી તમાસગીર વર્ગમાં

બેઠેલો હીંદુ રમનાર "કુપર એક ચારશી સોર" એવી બુમ પાડતો હતો. ચારશીસોર એટલે વીકેટકીપર ૪ રનની બાઇ આપે.

નીચલો મજબુત ટીમ ઉપડી જશે.

વારંવાર વર્તમાન પત્રમાં વાંચવામાં આવે છે કે નીચલો મજબુત ટીમ વસઇ ઉપડી જશે. પટેલ, પોંહચો, પસતાગીઓ, અવારી, અલ્લા વલ્લી, અટુગરો, અભાગીઓ, વગેરે, (દોઢ રૂપીયાનો ફાલો કાઢી જો મજબુત (ખાવા પીવામાં) ટીમ આમ વારંવાર ૩૭ માઇલ ઉપડી જાય તો શું મુંબઇમાં તાલીયારોલ ન પડે ?)

યંગર બોયને યંગર બેટ જોઇએ.

સેંટ મેરીઝ સ્કુલનો ક્રીકેટ ટીમ વારંવાર ચંપો ઝીલતો હતો જેથી એક ટાટીઆ મીત્રે તંબુમાં જઇ ત્યાં બેઠેલા પાદરીને ભભકામાં કહ્યું કે Father your younger cricketers require younger bats and not big ones. (તંબુમાં હસાહસ કાં થઇ તે ૧૦ મીનીટ અમ્પાયરીંગ કરી આવેલા ટાટીઆ સાહેબે તુરતજ જાણ્યું.)

હેલ્ઠ વેલ્ઠ કે પ્લેઝર બ્લેઝર.

ધારના રાજાને ત્યાં એક હીંદુ ક્રીકેટર ૧ મહીનાની મુદતે.મેચ રમવા ગયો હતો જ્યાંથી પાછા મુંબઇ ફરતાં તેના દોસ્તોએ જણાવ્યું કે તુંમી કાઇ ૧ મહીના માંદી હેલ્ઠી નાહીં ઝાલા" કાય પ્લેઝર કેલી કાય ? આ સાંભળી પેલા રાવ સાહેબે કહ્યું કે:—

અરે હેલ્ઠ તો નાહીં આણુલી પરંતુ વેલ્ઠ તો આણુલી; આણી પ્લે-ઝર નાઇ મીળલી તર બ્લેઝર તો મીલ્લા. (૨૦૦ રૂપીઆ અને એક ટીમનો બ્લેઝર ભેટ મળવાનુ આ દ્રષ્ટાંત છે)

પ્રેસીડંન્સી મેચમાં હું કેમ રમ્યો.

(આફત અને કમબખ્તીનો સોદો.)

(એક સ્કેચ.)

માત્ર તે પંદર વર્ષની આગમજનો મારો સુખવાસી દીવસ હતો કે જે વખતે મેં "ધી જૉલી ક્રીકેટ કલબ"માં એક આનાની માસીક ફી વગર બીલે પહોંચતી કરી દેવદારી લાકડાનું ગામઠી બેટ પહેલ વહેલું હાથમાં પકડવું શરૂ કર્યું હતું. આ વખતે હું માપલાની પોળ માંહેલી ભુલ્યા મેહેતાની નીશાળે જતો હોવાથી એ વાખાના મારેલા પંતુજીએ અમારે માટે નીશાળની ક્રીકેટ કલબ યા તો "ક્રીકેટ કોચ"ની સગવડ બાબેની કશી પણ કડાકુટ રાખી ન હતી. અફસોસ એજ છે કે અગર જો સદરહુ શાળામાં અમારે માટે નવા નીશાળ્યાના અખ્યાણું કરતાં ક્રીકેટને લગતીજ વધુ કાળજી રાખવામાં આવી હતે તો આજે મેં ઓસ્ટ્રેલ્યાના કલેમહીલ. ઈગ્લંડના ડા. ગ્રેસ અને મુંબઇના ડા. પાવરીને તો કયાંના કયાં દાટી નાંખ્યા હોય, પણ કરૂં શું? કાં કે જયાં નશીબ નહી, ત્યાં દરેક ગણત્રી ફોકટ; હું મુવેલી મરઘીના સોગંદ ખાઇને કહું છું કે નખોદ ગઇ ઉપલી કલબમાંથીજ મને "સુતર" બોલ આકાશ ઉપર ચઢાવવાની અને 'કવર" નો બોલ "મીદલોંગ" ઉપર રવાના કરવાની વાંધા ભરેલી ટેવ પડેલી હોવાથી ૧૮૮૪ થી તે ૧૮૯૪ સુધીનો એક દાયકો તો એમજ પસાર થયો અને એ રીતે ક્રીકેટ મંડળમાં બીજા કેટલાકો ભેગો હું પણ ગુફ્તાચોર રહી ગયો. શુક્ર કીરતારના કે એ બાદ મને નશીબે સહેજ યારી આપી અને ક્રીકેટ-દેવી મારા ઉપર પ્રસન્ન થવાથી અગીયાર ટોપીવાળા છોકરાઓમાં મને એક વગવાળો ઓહ્ધેદાર યાને કેપટન બનાવવામાં આવ્યો, કે જે સઘળું કીરતારની કરામતથીજ બન્યું યાને કે મારા ફુવાના ભત્રીજાએ વેપાર કરવા અર્થેની નેક નિષ્ટાથી ઉભાડેલી ક્રીકેટ કલબમાં હું ઉપર મુજબ મફતીઆ સભાસદ તરીકે ગોઠવાઈ બેઠો, હવે મારી ક્રીકેટ કાળજીમાં પણ ફેરફાર થયો અને ભીસતી "પ્લૅાટ" ઉપર એ પખાલ પાણી બરોબર નાંખે છે યા નહીં તેમજ મોચી બોલને ગેરૂ લગાડવાની પુરતી તકલીફમાં ઉતરે છે કે નહીં તે કામ ઉપર હું ઉમંગથી મંડયો અને માત્ર દોઢ વર્ષમાં તો

એ સઘળી ફર્યાદ મેં દુર કરી આ વખતે હું "ત્રપીચ" તે શું? 'સ્પિન" તે સાને કહે, "સુતર" તે કોણનું નામ, "બ્રેક' તે કોણ કહેવાય અને "પેશ" તે કઇ ચીજ એ વીશે કાંઇપણ જાણતો ન હતો પાંચ વર્ષનો ગાળો હવે પસાર થયો, જેથી રફને રફતેના અનુભવ પછી હું પણ બીજાઓ ભેગો

એક અનુભવી ક્રીકેટર

તરીકે ગળે રૂમાલ બાંધી છાતી કાઢી ફરવા લાગ્યો. હવે ક્રીકેટ મંડળમાં મારી પીછાણ થવા લાગી અને મોટી કલબ સામે હું અનેક મેચની તીક્ષ્ણ હનીફાઇ કરવા લાગ્યો. મારી ક્રીકેટમા સુધારો થવાથી મેં એક મોટી કલબ સામે મારી અઠાવીસમી કોશેશમાં નોટ આઉટનાં માન સાથે ૨૯ રન ઠોકી નાંખ્યા, જેની તાજી બાતમીવાળા ગુરાખી પત્રમા નીચે મુજબ આવેલી નોધ મેં હજી પણ જાળવી રાખી છે.

"ગયા રવીવારની મેચમાં મી૦ આર—આઇ ચાઇએ ૨૯ રન કરી પહેલી જગ્યા લીધી હતી જેમા તેવણના લેગના કટકા મન હરી લેનારા હતા કવરની રમત ફાકડી હતી જયારે કટ અને કોરનરના કાબુથી તો તમાસગીર વર્ગ છક થઇ ગયો હતો. આ રમનાર એક અચ્છો દોડનાર હોવાથી આવતી પ્રેસીડન્સી મેચમા તેવણની સામેલગીરી બહુ અગત્યની તેમજ આવકારદાયક થઇ પડશે એમ અમો મજબુતીથી માન્યે છીએ." વાહરે લખનાર! મારે માટે તું કેવું નમુનેદાર ઉતેજન અને વખાણવા જોગ ભાઇચારો! અફ્રીન છે તારી કલમને?

બસ બસ મારાં કાચાં મગજમા હવે

પ્રેસીડન્સી મેચ

રમવાની ઉલટ અને અભખરાએજ ઘર કરવાથી સહવારના પહોરમાં સપાટ વગર હું અહીંથી તહી ભમવા લાગ્યો હવે વર્તમાનપત્રોમાંહે ગોવાથી આવેલા ખાસ નુકતેચીનોએ મારૂ નામ હરખભેર ઉપાડી લઇ વારંવાર મને બે ચાર લાઇનોની સીફારસ આપવા માંડી મારા મનના નાદાન વીચારો અને ઉછળતા તુરંગોએ તો મને બસ રંગીલો રાજા બનાવી દીધો, જેથી મે બુટને ચોતરફથી મજબુતી આપી, બેટને તેલ રગડવાની હીકમત અને અકકલ ખરચી નાંખી, કે જેથી વખત આવવે પસ્તાવું

પડે નહીં, પણ આ કંઇ મારે માટે પુરતું ન હતું. હજી તો પેલી

પારસી સીલેકશન કમીટી

નાં તરેહવાર ખેંણુકોટકો બાકી રહયાં હતાં આ ફાંટાબાજ કમીટીને કેમ રાજી રાખવી તેનો તોડ શોધી કાઢવા અર્થે હું ખચીતજ ગુંગળાઇ–ગુંચવાઇ ગયો હતો. તે છતાં પણ છેવટે એવો ઠેરાવ કર્યો કે દરેક સભાસદને ત્યાં એકેક કુંડી માગણ બોઇ ભેટ તરીકે મોકલી આપું કે જેથી શરમમાં પડી તેઓ મારી સીફારસ કરે. અરે! પણ નહી, કેમકે જો એ વાત જાહેરમાં આવે તોપછી મારો ફેસ્તો થાય તેથી મેં માત્ર સરજતના સંજોગનેજ આધીન થવાનું ડહાપણ વાપર્યું. ઓ ખુશાલી ! ખુશાલી ! ! તરેહવાર મુશીબતો અને સોયની અણી જેવી બારીક ગણત્રી અને રીકઝીક વચ્ચે સેવકને ૧૧ મા રમનાર તરીકે ત્રણ વીરૂધ પોણાએ મને મુકરર કરવામાં આવ્યો, જેથી મેચનાં જંગને પહેલે દીવસે હું બરાબર પોણા અગીઆર કલાકે તંબુમાં આવી ગોઠવઇ બેઠો. અરેરે ! મુવો હું અભાગ્યો ! ! જે દીવસથી મેચ માંહેલા એક રમનાર તરીકે મારૂ નામ છાપવામાં આવ્યું તે વખતથીજ મેદાનમાં હું ટીણાતો ચાલ્યો મારા કહેવાતા મીત્રો તેમજ હેતના કટકાઓ (!) માત્ર **હસદભરેલી આંખોએ** મરી તરફ ટીકી, ખોદા, જાણે શા કારણથી મને શકની નજરથી જોવા લાગ્યા કોઇ પણ વાતનાં ઉત્તેજન વીના મારા મનની લાગણીઓ તમામ સંકોચાઇ જવાથી હું આ દુનીયાની કંઇક ગણત્રી ઉપર ખચીતજ મુંજાવા લાગ્યો ઓ ઇશ્વર ! મેચના પહેલા દીવસે પણ ખુદ કહેવાતા ક્રીકેટરો વટીક પોતાની ભાઇબંધી અને ચાહ માયા ભુલી જઇ મારો ફેસ્તો અને ફજેતી જોવાનેજ રાજી હોય એવુ વાસ્તવીક મત હું તેવા ભાનભુલાઓ માટે ખાત્રી પૂર્વક બાંધી શકયો હતો. અરે ! એજ સમયે હું આ જગ માહેલા બગલા ભગતોની ભટાઇ તેના આબેહુબ આકારમાં પારખી તેમજ પીછાણી ચુકયો હતો. બળી તે અભાગણી ઘડી કે જે વખતે હું નાહકના વમાસણમાં ફસી પડયો હતો. અરે ઇશ્વર !

હવે કયાં જાઉં ? કોણને કહું ? શું કરૂં ?

એવા વિચારોથી મારૂં કાળજું ધડકવા લાગ્યું, કાં કે જે તંબુમાં હું બેઠો હતો ત્યા કોઇ મારી સાથે ન માયાકુળ વાતો કરે કે ન મને કોઇ યા ઉતેજન આપે. સઘળો હિસાબ "ચલે જાવ બલે આવ" જેવો હતો.

જુના રમનારાઓ પોત પોતાની ગણત્રીમાં ફરતા હતા જ્યારે બીજાઓ "પેટમા દુ.ખે અને માથું કુટે" એવા હીસાબથી પોતાની આગલી પાછલી સાકી બાકી કાઢતા જોવામા આવતા હતા જેથી જો આ પહેલા દેખાવમાં હું નિષ્ફળ જઈશ તો મને કેવી હિનપસ્તી અને હસદ ભરેલી તાનાજાની ખમવી પડશે તેના વીચારથીજ મારા મનમાં ધ્રુજારાં છુટતાં હતાં કમબખ્તી? કાકે ૧૦ હજાર લોકોમાં બાહેર પડવાનો વખત હવે આવી લાગ્યો અને પરીણામમમાં મેચ શરૂ થવાની સીગનલ દેખાડનારા ઘંટનો અવાજ સાભળતાંજ મારી ધોરી નસમા એક વીજળીક ઝટકો ફરી વળ્યો.

પારસપાહુણ પારસી કેપ્ટન.

ડા પાવરીએ અમોને જણાવ્યું કે —

"ચાલો આપણે ટોસ જીતવાથી બેટીગમાં જનાર છીએ."

આપણે તો આ સાભળી છુટકારાનો થોડાક વધુ દમ ખેચવા લાગ્યા, તેટલામાં હોમી કાંગા અને દોલી દારૂવાલાની જોડી હાથે-પગે મોટી નાની ગોદરીઓ લગાડી મેદાને પડી બરોબર દોઢ કલાક પસાર થયો અને તે બાદ 'ટેલીગ્રાફ બોર્ડ" ઉપર ૬૦ રને પાંચ વીકેટનો ખુરડો રજુ કરવામા આવ્યો હતો ૭ મો રમનાર હવે મેદાને પડયો જેથી આઠમાં શપેહસાલાર તરીકે સેવક હોવાથી મે પણ મારા ધ્રુજતા પગોને જોઇતું "બેલન્સ" આપવા અર્થે બને પગમાં ચામડાનુ બખ્તર સજી હાથમાં બેટ પકડી રાખવાની-બાહેરના દમામને ખાતર-હીમત તો પકડી, પણ ખુદા ખાતર મને કહેવા દો કે ૧૦ હજાર લોકમાં બાહેર જવાના વિચારથીજ હું તો પહેલાથીજ ટીલોઢચ બની જઇ એક બાયલાની માફક

વાઘ સાંમે જનારી બકરી

ની પેંઠ છેક તાલકથી તે તળીઆં સુધી ધ્રુજવાં-ધડકવા લાગ્યો. નખોદપર નખોદ; તંબુમાં બેઠેલા દરેક તમાશગીરો |૬૦ રને ૫ આઉટનો હીસાબ જોઇ એક બીજાને પુછવા લાગ્યા કે "અરે ભાઇ હવે કોણ જનાર છે ?"

અનેક જણે મારી તરફ જોઈ જવાબ આપ્યો કે.—

"આએ એવણ મી૦—"

મોતનાં બીછાણાં ઉપર બેસી છબી પડાવવા જેવો મારો ફીકકો ફચ ચહેરો જોઇ એક કરતા કારવતા ગ્રહસ્થ મને સુચના કરવા લાગ્યા કેઃ—

"કંઇ નહીં બા, તું ગભરા ના. એક 'પેગ' વીસ્કી લેતો જઇ, તું તારે બસ "ફોરવર્ડ" રમ્યા કરજે કે પેલો "શોટ" થયલો છે તેને રન કરવાનો ચાન્સ—"

બાપારે ? આફત અને કમબખ્તીના આવા સામટા સોદાથી હું તો તમામ ગભરાઇ ગયો જેથી મેં ધમધોકાર વરસાદ પડે એવી તે દાદગર દાદારને દુવા ગુજારી. તે ઉપરાત રમવાની મારી વારી આવેજ નહીં અને ૩૦૦ રન થતા મારો કેપ્ટન પાંચ વીકેટેજ "ઇનીંગ્સ કલોઝ" કરે એવા વાહીયાત વીચારોની મેં ગણત્રી કરવા માંડી પણ સરજતના ખેલ આગળ હું નાચાર બન્યો અને નશ્રામા તુરત મેં ૬ ઠા રમનારની લાકડીને હવામા ગોલાંટ લેતી જોઇ. હવે હું ધ્રુજતાં શરીર અને ધડકતી છાતી સાથે મેદાને પડયો અને ધ્રુજતાં હરણની પેઠે "પીચ" નજીક જઇ "ગાર્ડ" લેવા માટે આડુ અવળુ બેટ પકડી ઉભો રહ્યો. અરેરે ! આ મારી **ફાંસીના માચડા ઉપર ચઢી ઉભેલા બંધીવાન** જેવી સ્થિતિ જ્યારે પણ આંખો સામે ઉભી રહે છે તે વખતે દયા અને નીરાશીના છાતીએ ચઢતા જુસ્સાને હુ મુદલજ થોભાવી શકતો નથી. પહેલો બોલ કયાંથી છુટી કયાં ગયો તેનું મને મુદલજ ભાન રહ્યું નહી, જે બાદ વીજલીક વેગે આવેલા બીજા બોલને

અલ્લાનાં સત સાથે

"ફોરવર્ડ રમતાં તમાશગીરો તરફથી મેં તાલીઓના અવાજ સાંભળ્યા જે ઉપરથી વધુ હીમત પકડી હું રન લેવા દોડયો, પણ તેટલામા અમપાયરે મારી તરફેણમાં પેલી "ફ્લુક" થી નોંધાયલી બેરસલ્લા "કટ" માટે બાઉન્દરી જમે કરાવી. આમ ૮–૧૦ સેંકડ પસાર થયા કેડે તુરતજ એક સીધા બોલે મારી લાકડીએ બનનન કરતો અવાજ કરવાથી ફીક્કાં ફચ મોઢાં સાથે લાંબા લાંબા પગલાં ભરી હું તંબુ ભણી પાછો ફર્યો. અરે પણ હજી તો હું તબુના ખુણામાં ગોઠવાઇ બેસું તેટલામાં તો સત્યાનાશ ગીઆ કેટલાક નવરા બેઠેલા નખોદીઆઓએ જાણે કે

દરબીનો પહેલો ઘોડો

છેલ્લો આવી પડયો હોય તેમ મારી તરફ ભવાં ચઢાવી મને માત્ર ૭ મીનીટના ટુંક વખતમાં ૧૭ વીશેશણો લાગુ પાડયાં. વાહારે ભાઇબંધી! વહારે તમાશગીરવર્ગ તારી હીંમત અને અનુભવ ! ! વાહારે ક્રીકેટ તારી

પયછાન ! ! ! થોડા વખતમાં પારસી ફીલડીંગ આવવે ગોદડામા ભરાયલા માંકડની પેઠે તંબુમાં છીપાયલો આ અદના ક્રીકેટર બહાર પડી હવે લેગ ઉપર ગોઠવાઇ ઉભો. પંદર મીનીટ સુધી તો એક પણ બૉલ આવ્યો નહીં પણ જયારે એક મારો વહાલો મારી ફીલ્ડીંગ તરફ આવ્યો તે વખતે એવો તો છોડાયલો આવ્યો કે તે મારા કાબુની હદ કુદાવી મારા બંને પગો માંહેથી બાઉન્ડરી ભણી દોડયો અફસોસ ! મારી બેટીંગ વખતે તો મેં માત્ર એકવાર તાલીઓનું માન મેળવ્યું હતું પણ ફીલ્ડીંગમાં તો તમાશગીર વર્ગ તરફથી "હીમ હીસ" ના પોકારો અને જાહેર તીરસ્કારથી મારા દીલની દરેક ધોરી નસોમાં વીજળીક ફટકાઓ ફરી વળ્યા અને એ રીતે દુખ અને દાહામ વચ્ચે મેં કહાણો કીસ્સા ભરેલા ત્રણ દીવસો પસાર કર્યા. જે મારે માટે ઓછું દુખ હોય તેમ ચોથે દીવસે વર્તમાનપત્રોમાં મારા મહેતાજીઓ **કલમને બુતારો** લઇ બહાર પડયા અને તરેહવાર **અકક-લના ઓરંગાઓ** ફેકી તેઓએ મારૂ વધુ અથાણું કરી નાખ્યુ. અરે યાર ! આ સઘળુ સંકટ મારા મગજમાં તાજું હોવાથી કહે તો જીવના જોખમે લડાઇમા ભાગ લઉ પણ પ્રેસીડન્સી યા કોંડરેગ્યુલર મેચમાં ફરીને રમવા માટે તો બે હાથ જોડીને ચોખ્ખી ના. ઉલટ અને અભખ-રાની ધુનમાં મસ્ત બની જો પ્રેસીડન્સી યા કોડરેગ્યુલર મેચમાં ઉતરવા-ના વીચારે એકાદ ગુમરાહ મગજમા ઘર કર્યું હોય તો તેવા સાહેબોએ મારો આ કીસ્સા કહાણી ભરેલો લગભગ ખરો બનાવ વાચી-પીછાણી તે ઉપર સહેજ દર્યાફ્ત કરવો યાને **નફાની ઉમેદપર નાહેકનું નુકસાન** ઉઠાવવા પહેલા બે વાર વધુ વીચાર કરવો કે જેથી ફરી સહેતા જીવને સંતાપમાં જકડાવું પડે નહીં. હું મારો આ સ્કેચ ભવિષ્યમાં કોડરેંગ્યુલર મેચ રમનારા **પારસી બ્લુ** ને વગર રજાએ માન અને મહોબતની અનેક લાગણી સહિત અર્પણ કરવાની આ તક હાથ કરૂં છું.

પારસી ક્રીકેટના કૉલ્ટસ.

૧૮૪૮માં પારસી ક્રીકેટ શરૂ થવે આજે તે ૬૫માં વર્ષ માંહેથી પસાર થાય છે મેદાનના મારાં ચાલુ અનુભવ મુજબ પારસી ક્રીકેટમાં નજરે પડતા 'કૉલ્ટસ'ના નામો નીચે મુજબના છે.

૧	એ એચ વાહાડયા (જુનીયર) (B)	એલફીન્સટન ક્રીકેટ કલબ.
૨	ટી આર પારખ (A)	,,
૩	એજન ભપ્પુ (A)	,,
૪	આર દી એન રાઇટર (A)	,,
૫	સ્યાવક્ષ સરવેયર (A)	,
૬	મરઝબાન રીપોર્ટર (B)	ઓરોનેટ ક્રીકેટ કલબ
૭	પેસી એસ. વૉરડન (A)	,,
૮	અદી. એચ વાહાડયા (સીનીયર) (B)	યંગ ઝોરાસ્ટ્રીયન ક્રીકેટ કલબ.
૯	નશરવાન પી પાવરી (A)	,,
૧૦	સ્યાવક્ષ બી. નાગપોરવાળા (A)	,,
૧૧	ફ્રરામ કાપડયા (W)	પરશીયન ક્રીકેટ કલબ.
૧૨	એન દાવર	,,
૧૩	આર. દી વસઇગરા (A)	,,
૧૪	કેખશરૂ ઇરાની	,,
૧૫	પેસી પોંચખાનાવાળા (A)	જોન બ્રાઇટ ક્રીકેટ કલબ.
૧૬	દી. એફ દારૂવાળા (A)	,,
૧૭	જેહાંગીર બામબોટ (A)	,,
૧૮	જાલ નવરોજી (A)	સાસાનીયન ક્રીકેટ કલબ.
૧૯	ફ્રરામ મીસતરી (A)	,,
૨૦	બાટલીવાળા (A)	ગંદેવી ક્રીકેટ કલબ.
૨૧	કાતરક (W)	,,

A ઓલરાંઉંદર
B બેટશમેન
W વીકેટકીપર

જુનીયર વાહાડયો આબાદ English Cricket રમે છે. તે જો ફીલ્ડીંગમાં ચપળ થવાની કોશીષ કરે તો તેની જોડી મળવી મુશકેલ થઇ પડે. એક Dashing stylish Bat તરીકે વાહાડીયાની નામના જાણીતીછે.

ટી આર. પારેખે સ્કુલ ક્રીકેટમાં ૧૨૫ રનનો રેકોર્ડ-સ્કોર નોધાવી પોતાની ક્રીકેટ-કારકીર્દી શરૂ કરી છે. સેંટ ઝેવીયર કોલેજમાં તેને છેલ્લા બે વર્ષમાં આગેવાન રમનાર તરીકે નામના મેળવી છે. ૧૯૧૪નાં વર્ષની શીલ્ડ મેચનો આ કેપટન સારી આશા આપતો ઉભે છે.

એલફીન્સટનની ભપ્પુ શરવેયર અને રાઇટરની ત્રગડી એક સરખી હરોળમાં ઉભી છે. આ ત્રણે રમનારાઓ સીઝનમાં ચાલુ સ્કોરથી પોતાનું ખાતું ભરપાઇ કરે તો મોટી મેચમાં છેલ્લા જગ્યાની ઉમેદવારીમાં આવી શકે એવા છે.

મરઝબાન રીપોર્ટર સ્ટેડી બેટ તરીકે જાણીતો છે. તે લેગ ઉપર ઠીક રમે છે. સારી બોલીંગ સામે તેની વગર ચાન્સની રમત માટે આપણે થોભવું જોઇએ છે. તેની ફીલડીંગમાં સુધારાની વધુ જગ્યા છે.

પેસી વૅારડન ઓલ રાઉન્ડર તરીકે ગણાય છે આ ક્રીકેટર ખંતીલી પ્રેકટીશ માટે મુતલજ વખત કાળજી ન પાડવે તે પોતાની ક્રીકેટમાં જોઇએ એવો સંગીન સુધારો કરી શકયો નથી. મોટી મેચમાં તે પોતાના ભાઇના જેવો "લોખંડી નર્વ" રાખી શકે એ બાબે હું તો શકમંદ છું.

યંગ ઝોરાસ્ટ્રીયનનો અદી વાહાડયો ચાલુ અને ખંતીલી પ્રેકટીશથી Watching game કર્યો જાય છે. સ્લીપ ઉપર તે સાબુત ફીલ્ડ કરતો હોવાથી સીઝનના તેના સારા સ્કોરો મોટી મેચની તેની લાયકાતને ટેકો આપી શકે એમ છે. એક Defensive Bat તરીકે તેની નામના જાણીતીછે.

નશરવાન પી પાવરી અને નાગપોરવાળા ઓલ રાઉન્ડરો તરીકે જાણીતા છે. ચાલુ ધરખમ સ્કોરીંગથી આ જોડી ઝળકી નીકળે એવી છે. ૧૮ મી નવેમ્બર ૧૯૦૬નાં વર્ષમાં મદ્રાસમા ૧૧૪ રન કરી તેમજ હીંદુ જીમખાના ગ્રાઉન્ડ ઉપર પાંચ વર્ષ આગમજ ૨૫ મીનીટમાં ૬૦ રન કરી સ્યાવક્ષ નાગપોરે જે અચ્છી શરૂઆત કરી હતી તેવી રમતથી તેને ૧૯૧૪ ની સીઝન ગજાવવી જોઇએ છે.

પરશીયનનો ફ્રામ કાપડયો ભરૂસેદાર વીકેટકીપર છે. બેટીંગમાં તે થોડુંક ખુંરચણ જોગું કરે એવો છે તે છતાં તેની વીકેટકીપર તરીકેની નામના વધુ ધરખમ છે. વસ્દગરાનો સ્ટેન્ડર્ડ તેની બોલીગનાં એક પુરા વાણાં માંહેજ સમાઇ જાય છે, જેને બેટીગનો મુદલજ ટેકો નથી.

પરશીયનનો ઇરાની પોતાની કાંડીનો વધુ ઉપયોગ કરી મેહેર હોમજીની પેઠે ઑફ ઉપર સારી રમત કરે છે. કોચીગથી આ ક્રીકેટર ધરખમ રમનાર નીવડે એવી દરેક લાયકાત ધરાવેછે. આ ક્રીકેટરને પોતની ફ્રીલ્ડીગમાં સંગીન સુધારો કરવાની ભારે જરૂર છે.

પરશીયનનો દાવર આગલ હતો તેવોજ આજે પણ છે. તેને પોતાની રમતમાં એક ઇંચનો વધારો યા ઘટાડો કરવાની શરૂઆત દેખાડી નથી તે એક ધરખમ ફ્રીલ્ડ છે.

જોન વ્હાઇટની પોંચખાના, બામબોટ અને દારૂવાળાની ત્રગડી છેલ્લાં પાંચ વર્ષ થયાં કાગળ ઉપર પોતાનું નામ રજુ કરતી રહી છે બેટીગ અને બોલીગથી સીઝન ગજાવ્યા વીના તેઓ ક્રીકેટ મડળની ઝાઝી દીલસોજી ખેંચી શકે એમ નથી.

જાલ નવરોજી ટેનીસનો જેવો સ્તંભ ગણાય છે તેવો તે ક્રીકેટમાં હજી ગાજયો નથી. હીંદના વીરલા શેઠ દાદાભાઇ નવરોજીનો આ ગ્રાન્ડસન ઇંચે ઇંચ એક ગ્રહસ્થ અને શરમાલ ક્રીકેટર છે. ફ્રીલ્ડીગમાં તે સારૂં કામ બજાવે છે. તેની બોલીગ ઉપર આપણે ઝાઝો વિશ્વાસ નથી. ક્રીકેટ માંહેલા તેના ગુણ–દોષ તેની ક્રીકેટ કરતાં વધુ ચઢીઆતા છે..

ફ્રામ મીસતરીને માત્ર બોલીગના વર્ગમાં આપણે ગણીશું, પોતાની બોલીંગને ધરખમ ટેકો આપવા અર્થે તેને પોતાની બેટીંગનો સ્ટેન્ડર્ડ બહુ મોટાં પ્રમાણમાં સુધારવાની જરૂર છે. સાસાનીયન કલબે આ વાતમાં આ ક્રીકેટરને ખાસ કોચીગ મળે એવી ગોઠવણ અમલમાં મેલવી જોઇએ છે. ગદેવીનો કાતરક અચ્છી વીકેટ રાખી મજબુત ફટકાથી કામ લે છે જેના બીજા રમનાર બાટલીવાળાનીસેવા પણ એ કલબને ઉપયોગી થઇ પડીછે.

ક્રીકેટ અને કૅરેક્ટર.

ક્રીકેટની રમતમાં જે મોટો ગુણ ખીલવવાની અવસ્ય છે તે કેરેક્ટર માં સમાઇ જાય છે ક્રીકેટની રમતમાં એક અગત્યનું ધોરણ નમુનેદાર કેરેકટરથી ખીળવી શકાય છે. ક્રીકેટની મેચ દરમ્યાન ૫૦-૧૦૦ રનના જુમલા નામ ઉપર ઠોકવા કરતાં એક નમુનેદાર ચાલ ચલણવાળો ક્રીકેટર વધુ નામના મેળવી ક્રીકેટ મંડળના વિશ્વાસ અને ચાહને લાયક નીવડે છે. ક્રીકેટ સુધારો, દીસીપ્લીન અને ભવિષ્યની આબાદી ક્રીકેટમાં ફોર્મ થતી કેરેકટર ઉપર મોટો આધાર રાખતો હોવાથી સહુથી પહેલાં ક્રીકેટને બદલે કેરેક્ટરનો છાપ ઉઘરતા ક્રીકેટરોના મન મગજમાં મજબુટાઈથી ઠસાવવાની દરેક સ્કુલના ક્રીકેટ માસ્તરોની ખાશ કરીને મુખ્ય ફરજ છે. અદેખાઇ વિના ચાહ માયાથી ક્રીકેટ રમવી અને મનમાં મગન તથા સતેષી બની હાર માટે ન મુઝાવું તેમજ હરીફ પક્ષની સારી રમતના વખાણ કરવા અને સારી ક્રીકેટની રમતને ચાહતા શીખવું એ સઘળાં વાણુંની ખીળવણી કરવે ક્રીકેટમાં જોઈતી કેરેકટરનું બંધારણ થાય છે ઇંગ્લંડમાં આ નીયમ ઉપર મજબુટાઇથી અમલ કરવામાં આવે છે જેનાં રૂડાં પરીણામ તરીકે ઇંગ્લંડની ક્રીકેટ, ખીળવણી, ઝનુન, જોશ, પ્રેમાળ લાગણી અને તમાસગીરોનો વિશ્વાસ તેઓ બહુ મોટા પ્રમાણમા મેળવી શકયા છે. સ્કુલ યા કોલેજ યા કલબના કેપટન સીપની ઉલટ માટેજ ક્રીકેટ રમવી; ઓલીગનો અભખરો રાખવો; બીજી જાતવાલાઓને અદેખી આખોએ જોવું; ભાઇબંધ ક્રીકેટરો માટે અપશબ્દો ઓચરવા, સ્પોરટીગ-સ્પીરીટને બદલે મતલબ અને એવરેજ માટે રમવું; બીજાની ફતેહ જોઇ મનમાં મુંઝાવું એ લક્ષણવાળો ક્રીકેટર ક્રીકેટ ના નામનું ઉલંઘન કરનારો અને મેલા હૈયાથી ક્રીકેટ તરીકેના નામ-કામ ને હીંણું લગાડનારો હોય છે.

કેરેક્ટરની ખીળવણી કરવાથી દીસીપ્લીન જળવાય છે. એટલુંજ નહી પણ તેથી પ્રેમાળ લાગણી અને નમુનેદાર ક્રીકેટ ખમીર બાહેર પડવે ક્રીકેટનો પ્રકાશ વધુ પ્રમાણમાં ખીલી રહે છે.

આ બાબદના સંબંધમાં આગલા નામદાર ગવરનર લોર્ડ હેરીશ જણાવે છે કે—

"Play the game earnestly as a great-educational medium and as a pastime keenly for the

single honour of success, and with good temper for the greater comfort of all concerned......the advantage to young men, of having the opportunity of taking part in a healthy, active, manly, and honest pastime.........and one of the many good things, a manly game which is open to poor as well as to rich, which needs no prize beyond honour, and by its simple merits can enlist the support and countenance of the wisest of each religion and each caste.

સુધારો.

૪થા પાનાં ઉપર ૧૮૯૪ ને બદલે ૧૮૪૮ વાંચવું.

૮માં પાનાં ઉપર પારસી બોલરોમાં જોની મેહેતા જે જે. દુબાશ આર. ઇ. મોદી. એશ એફ માદન, એમ ફ્રામજી, બી. દી મગરાટ અને જામાસ્પ ઉમરીગરનાં નામો ઉમેરવાં.

૯માં પાનાં ઉપર વોરડન ૬૨૬ રન (રીટાયર્ડ) જોઇએ.

૯માં પાનાં ઉપર મરઝબાન રીપોરટર ૬૦૦ રન (રીટાયર્ડ) જોઇએ.

૧૦માં પાનાં ઉપર બેરો નેટ કલબનું સોનાનાં ચાંદનું પ્રાઇઝ બોલીંગમાં જે૦ એસ૦ વોરડનને મળેલું વાચવું.

૧૮માં પાનાં ઉપર ૧૯૧૨માં ચેમ્પીયન થયલી પારસી ટીમે પુના ખાતે એક તમામ ડ્રોન જતી મેચને અપ-હીલ-ગેમથી ડ્રેમેટીક રીતે જીતમાં ફેરવી નાંખી હતી એમ ઉમેરવું.

૪૫માં પાનાં ઉપર Performance ને બદલે Performances જોઇએ.

આગલા જુના પારસી બૉલરો.

ડા. કાપડયા

ડા. ધનજીશાહ પટેલ }
માલેગામવાલા } અંન્ડરહેંન્ડ
શાપુર ભેદવાર }
સોરાબજી લેફ્ટહેંન્ડ }

Major J. G. Greig.

Major J. G. Greig was born on 24th October 1871. He came to India in 1893 and save for visits home on leave he has been in India ever since.

Here, eloquent in themselves, are his batting figures in big cricket in India, as far as they are ascertainable:—

Against the Parsis at Bombay: 1893, 23 and 32 (highest scorse in each innings); 1894, 79* (through innings of 170) and 2; 1895, 94; 1896, 98 (in a total of 173) and 5*; 1898, 50; 1899, 184; 1900, 11 and 5; 1902, 43 and 12; 1904, 4 and 7; 1907, 3 and 27 (totals, 44 and 63); 1908, 39 and 115, 1909, 15; 1911, 22* and 9. Total, 879 in 22 innings, 3 not out—average, 46·26.

Against the Parsis at Poona. 1893, 2; 1894, 8 and 33*, 1895, 7 and 5; 1896, 96 and 62* (highest scorer each innings); 1898, 24; 1900, 6 and 58; 1902, 39 and 30; 1905, 66 and 42 (highest scorer each innings); 1907, 92* and 51 (through first innings, of 192, highest scorer in each); 1908, 21 and 1; 1909, 36; 1911, 13 and 0; 1912, 142 and 66 (highest scorer each innings); 1913, 0 and 29, Total, 929 in 25 innings, 3 not out—average 42·22.

Against the Hindus (Bombay and Poona): 1906, 11 and 27; 1907, 3 and 0; 1908, 52 and 38; 1912, 22 and 54*, 1913, 15 and 8. Total, 230 in 10 innings, one not out—average, 25·55.

Against the Mahomedans: 1912, 31 and 7.

Against Madras Presidency: 1893 (at Ootacamund), 28; 1894 (at Bombay), 12 and 22. (Uncertain whether there were other matches.)

Against Oxford University Authentics: 1902, 5 and 204.

Total, as far as ascertainable, 2347 runs in 64 innings, 7 not out—average 41·17.

But his value has never been limited to his batting. Apart from his fine fielding, he is a slow bowler of considerable ability, inclined to be unduly modest in this direction, however. What he can do at times is shown by such figures as 13 for 58 *v.* Parsis at Poona in 1898; 7 for 89 *v.* Parsis at Bombay in 1900; 10 for 69 *v.* Parsis at Poona and 6 for 29 (second innings) at Bombay in 1902. Of late years he has done comparatively little bowling, but has almost always taken a wicket or two when he has gone on.

His English first-class record begins in 1897, when he played for Mr. A. J, Webbe's XI *v.* Cambridge, scoring 32 in his two innings, and for M. C. C. *v.* Oxford, rain preventing his getting an innings at all.

It was in 1901 that he first played for Hampshire. In his third match for the county he scored an excellent 119 *v.* the South Africans. A few weeks later he played great cricket against Lancashire at Liverpool. He was the only batsman who could do anything with John Sharp and Sidney Webb in the first innings, when, going in first

wicket down, he carried his bat for 47; in the second, after Lancashire had run up over 400, he saved his side from defeat by a magnificent innings of 249 not out. He gave no chance until he had made over 150, batted 5 hours 20 minutes, and hit one five and 32 fours, making a number of brilliant late cuts. In the following match he made 77 *v.* Leicestershire at Southampton, and a little later scored in consecutive games 114 and 50 *v.* Leicestershire at Leicester and 103 *v.* Sussex at Hove. He also made 113 *v* Somerset at Taunton, and his complete first-class record for the season showed a total of nearly 1300, with an average of over 40.

In 1905, when he was next available for the county, he scarcely played so much cricket. Curiously enough, all three of his centuries were against Worcestershire, 115 and 130 at Worcester, 187 (retired hurt) at Bournemouth. Both the innings at Worcester were in every way good; but still better was that at Bournemouth, when he batted 4½ hours, hitting 21 fours, and lost the chance of making 200 through being lamed by a fast ball.

His record in 1906 was distinguished rather by consistency than by any outstanding big innings. Among his best performances were 79 and 98 *v.* Warwickshire at Basingstoke, 81 and 70 *v.* Derbyshire at Southampton, and 65 *v.* Warwickshire at Birmingham. In a dozen other innings he made scores of from 20 to 50.

Four years later he again took his place in the Hampshire team, and showed that he still re-

tained his form by scoring 112 *v.* Warwickshire, 97 not out *v.* Derbyshire, 81 *v.* Sussex, 70 *v.* Somerset, and 64 *v.* Gloucestershire, all except the 70 being made on the Southampton ground.

His batting record to date (again the possible imcompleteness of the Indian figures should be noted) may be summed up thus:—

	INNS.	N. O.	RUNS.	AVER.	H. S.
In India (1893-1913)...	64	7	2347	41·17	204
In England (1897).....	2	0	32	16·00	17
In England (1901).......	35	4	1277	41·19	249*
In England (1905)......	18	2	804	50 25	187*
In England (1906)......	33	0	867	26·27	98
In England (1910)......	21	1	656	32·80	112
In England (1914)‡.....	8	1	246	35·14	100
Totals...	181	15	6229	37·52	249*

‡ To Jnne 6, inclusive.

In English first-class cricket he has taken 61 wickets for 1979 runs, which shows a high cost per wicket; in India his 70 or so wickets (complete bowling analyses are not always available) have been taken at about half the cost of each of those in England.

Major Greig has kept no record of his doings. All he can tell me is that he knows he has made over 100 centuries. So few men have ever done this that a list would have been more than welcome.

He has favoured me, however, with some remarks on Indian cricket which are certain to be read with interest. They follow.

"Indian criket is flourishing, and I think there is little doubt that the tour of the Indian Team of 1911 was of value as an education. The Parsis are still the best team, in my opinion, though they were beaten by the Mahommedans last year in the big Quadrangular Tournament at Bombay."

" The Hindus and the Mahommedans have also some promising young players coming on. But the strenuousness of life in general is having its effect on cricket even in the Far East, and men cannot give up the time to it that they could in the past. Among Europeans, polo is tending to kill cricket, and I must say that polo is possibly a more suitable game for us out there than cricket, But in these days people in the services in India have very hard work, and the great difficulty is that they simply cannot give up whole days to cricket."

" The standard of the game among the native communities contiuues to improve. There are more players above the average coming to the front every year. But there is no marvel of the Ranji type on the near horizon."

" Wickets in India are always of the sporting type. This applies especially to Bombay, where the big Quadrangular Tournaments are played"

" It is a curious fact that, in spite of much money being spent to obtain it, a good wicket—as one understands the term in England—seems impossible to be made in Bombay."

Major Greig, one may mention, is now Military Secretary to Lord Willingdon, the Governor of Bombay. *J. N. P.*

સુરત ખપાટીઆ ચકલા પર આવેલા ખુબચંદ અમીચંદ ના "સુરત જૈન પ્રીન્ટિંગ પ્રેસ"માં મણુભાઈ ભાઈદાસે છાપી.